પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૬-૦૩-૨૦૨૫- બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૯૨ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# છત્તીસગઢના પૂર્વ સીએમ બઘેલના ઘરે સીબીઆઈના દરોડા

**મહાદેવ સટ્ટા એપ કેસમાં કોંગ્રેસના ધારાસભ્ય અને ૫ આઈપીએસ અધિકારીઓને ત્યા પણ સીબીઆઇ દ્વારા છાપા મરાયા**

રાયપુર, તા. ૨૬

સીબીઆઈએ છત્તીસગઢના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ, ભિલાઈના ધારાસભ્ય દેવેન્દ્ર યાદવ અને ૫ IPS અભિષેક પલ્લવ, ASP સંજય ધ્રુવ, ASP આરિફ શેખ, આનંદ છાબરા, પ્રશાંત અગ્રવાલ અને બે કોન્સ્ટેબલ નકુલ-સહદેવના ઘરે દરોડા પાડ્યા છે. મહાદેવ સત્તા એપ કેસમાં ટીમે દરોડા પાડ્યા છે. માહિતી અનુસાર, ૨૬ માર્ચની વહેલી સવારે સીબીઆઈની ૧૦ થી વધુ ટીમો રાયપુરથી રવાના થઈ હતી. એક ટીમ રાયપુરમાં ભૂપેશ બઘેલના ઘરે પહોંચી હતી.

આ પછી બાકીની ટીમ ભિલાઈ થ્રી પદ્મ નગરમાં ભૂપેશ બઘેલના ઘર, સેક્ટર ૫માં ધારાસભ્ય દેવેન્દ્ર યાદવના બંગલા, સેક્ટર ૯માં IPS અભિષેક પલ્લવના બંગલા અને નહેરુ નગરમાં કોન્સ્ટેબલ નકુલ અને સહદેવના ઘરે પહોંચી, જેઓ તેમના સમયમાં મહાદેવ સટ્ટા ચલાવતા હતા.

સીબીઆઈની આ સમગ્ર કાર્યવાહી મહાદેવ સત્તા એપના સંચાલન અને તેનાથી સંબંધિત નાણાં વ્યવહારો સંબંધિત છે. દેવેન્દ્ર અને ભૂપેશ બઘેલના સમર્થકોની ભીડ ફરી અહીં આવવા લાગી છે.

હોળી પહેલાં, ED એ છત્તીસગઢના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને AICC મહાસચિવ ભૂપેશ બઘેલના ઘરે દરોડા પાડ્યા હતા. આ તપાસ લગભગ ૧૦ કલાક ચાલી. ટીમનાં ગયા પછી ભૂપેશ બઘેલે કહ્યું કે ટીમ ૩૨-૩૩ લાખ રૂપિયા અને દસ્તાવેજો લઈ ગઈ છે. તેમાં મન્તુરામ કેસની પેન ડ્રાઈવ પણ છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા સટ્ટાબાજી પર પ્રતિબંધ મૂક્યા બાદ, તેને ઓનલાઈન ગેમિંગ તરીકે શરૂ કરવામાં આવ્યું છે. લાઈવ ક્રિકેટ અને ફૂટબોલ ઉપરાંત, પત્તા અને લુડો પર પણ દાવ લગાવવામાં આવે છે. જ્યારે તમે ઇન્ટરનેટ પર મહાદેવ સત્તા એપ શોધો છો, ત્યારે કેટલાક મોબાઇલ નંબર દેખાય છે. તે નંબરો પર ફોન કરવા પર, એક નોંધણી મેસેજ આવે છે જેમાં તમને અમુક રકમ એટલે કે ૧૦૦ થી ૫૦૦ રૂપિયા જમા કરાવવાનું કહેવામાં આવે છે.

આ કર્યા પછી, વોટ્સએપ નંબર મેસેજ દ્વારા મોબાઈલ પર પહોંચે છે. તમારી પસંદગીની રમત પર તે નંબરો પર દાવ લગાવી શકાય છે. મેસેજમાં, વ્યક્તિને એકાઉન્ટ નંબર આપીને પ્રોટેક્શન મની તરીકે કેટલાક પૈસા જમા કરાવવાનું પણ કહેવામાં આવે છે. મહાદેવ સટ્ટા એપ ફક્ત તે લોકો પાસેથી જ દાવ સ્વીકારે છે જેઓ સુરક્ષા નાણાં જમા કરાવે છે. એકવાર શરત લગાવ્યા પછી, પૈસા બુકમેકરના ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર થાય છે.

મહાદેવ સટ્ટા કેસમાં છત્તીસગઢમાં ૭૦થી વધુ કેસ નોંધાયેલા છે. આમાં, ૩૦૦થી વધુ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને ૩ હજારથી વધુ એકાઉન્ટ મળી આવ્યાં છે, જેને બ્લોક કરવામાં આવી રહ્યા છે. આ ખાતાઓમાં કરોડો રૂપિયાના વ્યવહારો થયા છે. છત્તીસગઢમાં પહેલી FIR ૩૧ માર્ચ ૨૦૨૨ના રોજ મોહન નગર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

આ કેસમાં પહેલી ધરપકડ દુર્ગના આલોક સિંહ, ખડગા સિંહ અને રામ પ્રવેશ સાહુની થઈ હતી. ત્રણેયની પૂછપરછ અને મોબાઈલની તપાસ દરમિયાન, મહાદેવ સટ્ટા બુકનો ખુલાસો થયો. ત્યારબાદ સુપેલમાં અને પછી

અનુસંધાન પાના ૭ પર



# કુણાલ કામરાને પોલીસ સમક્ષ હાજર થવા ૭ દિવસની મુદ્દત માંગી

**કોમેડીયન કામરાને ૫૦૦થી વધુ ધમકીના કોલ આવ્યાં**

મુંબઈ, તા. ૨૬

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે પર પેરોડી ગીત બનાવવા બદલ કોમેડિયન કૃણાલ કામરાને હવે જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કામરાને ઓછામાં ઓછા ૫૦૦ ધમકીભર્યા ફોન આવ્યા છે. જેમાં લોકોએ તેને મારી નાખવાની અને તેના ટુકડા કરી નાખવાની ધમકી આપી છે.

બીજી તરફ, પોલીસે મંગળવારે કામરાને સમન્સ જારી કર્યું હતું. તેને પૂછપરછ માટે મંગળવારે સવારે ૧૧ વાગ્યે ખાર પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવ્યો હતો. જોકે, કામરાના વકીલે પોલીસ પાસેથી ૭ દિવસનો સમય માંગ્યો છે. કામરા હાલમાં મુંબઈની બહાર છે.

૩૬ વર્ષીય સ્ટેન્ડ-અપ કોમેડિયને તેના શોમાં શિંદેની રાજકીય કારકિર્દી પર કટાક્ષ કર્યો હતો. કામરાએ ફિલ્મ 'દિલ તો પાગલ હૈ'ના એક ગીતની પેરોડી કરી હતી જેમાં શિંદેને ગદ્દાર કહેવામાં આવ્યા હતા.

આ દરમિયાન કૃણાલ કામરાએ ૨૫ માર્ચે સોશિયલ મીડિયા પર બીજું એક નવું પેરોડી ગીત પોસ્ટ કર્યું. 'હમ હોંગે ??કામયાબ' લાઇન બદલીને તેઓએ એક જ દિવસમાં તેને 'હમ હોંગે ??કંગાલ' કરી દીધું.

ગીતની શરૂઆતમાં જ ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેના લુકનું વર્ણન કરવામાં આવ્યું છે. પછી તેમણે શિવસેના સામે બળવો કરવાની અને ધારાસભ્યો સાથે ગુવાહાટી જવાની વાત કરી. આ ઉપરાંત તે રિક્ષા (ઓટોરિક્ષા) ચલાવતો અને થાણેનો હોવાનો ઉલ્લેખ છે. શિંદે થાણેનો રહેવાસી છે અને પહેલાં ઓટોરિક્ષા ચલાવતો હતો. એ જ સમયે શિંદેને ગદ્દાર, પક્ષપલટુ અને ફડણવીસના ખોળામાં બેઠેલા તરીકે વર્ણવવામાં

અનુસંધાન પાના ૭ પર

# ઝારખંડમાં મંગળા જુલુસ પર પથ્થર મારો અને ભારે તોડફોડ

**બે જુથો સામસામા આવી જતા સ્થિતિ કાબુમાં લેવા પોલીસે બળપ્રયોગ કર્યો**

હજારીબાગ, તા. ૨૬

ઝારખંડનાં હજારીબાગમાં ફરી બબાલની ખબર આવી છે. અહી રામનવમીને લઈને કાઢવામાં આવેલ મંગલા જુલુસ દરમ્યાન બે સમુદાયો સામસામા આવી ગયા હતા અને પથ્થરમારો તોડફોડ થયા હતા. પોલીસે પરિસ્થિતિ પર કાબુ મેળવવા પથ્થરમારો કર્યો હતો.હાલ પરિસ્થિતિ સામાન્ય છે.

ડેપ્યુટી કમિશ્નર નેન્સી સહાયે જણાવ્યું હતું કે, હજારીબાગમાં ઝંડા ચોક પર રામ નવમી ઉત્સવ અંતર્ગત મંગલા જુલુસ દરમ્યાન એક સમુહ કેટલાંયક ગીતો વગાડી રહ્યા હતા જેની સામે બીજા સમુહે વાંધો ઉઠાવ્યો. જેના કારણે હાથાપાઈ અને પથ્થરમારો શરૂ થયો હતો. જોકે વિસ્તારમાં તૈનાત સુરક્ષા દળોએ સ્થિતિ પર કાબુ મેળવ્યો હતો.ઉલ્લેખનીય છે કે, દર વર્ષે દર મંગળવારે રામનવમી પહેલા મંગલા જુલુસ કાઢવામાં આવે છે.આ વખતે જુલુસ પસાર થઈ રહ્યું હતું ત્યારે જામા મસ્જીદ ચોક પાસે કેટલાંક અસામાજીક તત્વોએ પથ્થરામારો કર્યો હતો.જેથી માહોલ તનાવપૂર્ણ થઈ ગયો હતો. આરોપીઓની ઓળખ થઈ રહી છે. આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ બંધ કરવા સરકારનો નિર્ણય

**ભારે આકર્ષક સ્કીમ અંગે નાણા વિભાગનો ઓચિંતો નિર્ણય**

નવી દિલ્લી, તા. ૨૬

કેન્દ્ર સરકારે વ્યાપક લોકપ્રિય થયેલી અને રોકાણકારોમાં આકર્ષણ ઉભુ કરનાર ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ બંધ કરી દેવામાં નિર્ણય લીધો છે. આ સ્કીમ હેઠળ ૩૧૧૬૪ કિલો સોનુ મેળવ્યુ હતું અને હવે તેના પર પડદો પાડી દેવામાં આવ્યો છે.

નાણામંત્રાલય દ્વારા જાહેર કરાયા મુજબ ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ બંધ થશે. જો કે બેંકો ૧થી૩ વર્ષની ટુંકી અવધિની ગોલ્ડ ડિપોઝીટ સ્કીમ ચલાવી શકશે. ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ શરૂ કરવામાં આવી હતી તેનો ઉદેશ સોનાની આયાત પરની નિર્ભરતા ઘટાડવા તથા ઘરોમાં પડેલા સોનાને બહાર કાઢીને દેશના વિકાસના ઉપયોગમાં લેવાનો હતો.

નવેમ્બર ૨૦૨૪ સુધીમાં આ સ્કીમમાં ૩૧૧૬૪ કિલો સોનુ એકત્રીત થયુ હતું. આ સ્કીમ ૧થી૩ વર્ષની શોર્ટ ટર્મ બેંક ડિપોઝીટ, ૫થી૭ વર્ષની મીડીયમ ટર્મ ગવર્નમેન્ટ ડિપોઝીટ તથા ૧૨થી૧૫ વર્ષની લોંગટર્મ ગવર્નમેન્ટ ડીપોઝીટ જેવા ત્રણ સ્વરૂપે હતી.

નાણાંમંત્રાલયના કહેવા પ્રમાણે સ્કીમના શાનદાર પરફોર્મન્સ વચ્ચે માર્કેટની હાલતમાં સુધારો થતા ૨૬ માર્ચથી ગોલ્ડ મોનેટાઈઝેશનની મીડીયમ તથા લોન્ગ ટર્મની સ્કીમ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જો કે, આ સ્કીમ હેઠળ બેંકો દ્વારા આપવામાં આવતી શોર્ટ ટર્મ બેંક ડિપોઝીટ બેંકો પોતાની વ્યવસાયિક જરૂરિયાતોને આધારે ચાલુ રાખી શકશે. આ મામલે રિઝર્વ બેંકની વિસ્તૃત માર્ગદર્શિકાઓનું પાલન કરવાનું રહેશે.નાણા મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યુ છે કે ગોલ્ડ મોનેટાઈઝેશનની મીડીયમ અને લોંગ ટર્મ સ્કીમ હેઠળ આજથી કોઈપણ પ્રકારે સોનુ ડિપોઝીટમાં લેવામાં નહી આવે. જો કે, અગાઉ જમા

અનુસંધાન પાના ૭ પર

# હવે ટેલીમાર્કેટર્સ સામે પાંચ જ દિવસમાં કાર્યવાહી થશે : ટ્રાય

## સ્પામ કોલ્સ સામેના નિયમો વધુ કડક બનાવાયા

નવી દિલ્હી, તા. ૨૬

દેશમાં સ્પામ કોલ્સની વધતી જતી સંખ્યાને રોકવા માટે TRAI એ ટેલિકોમ કોમર્શિયલ કોમ્યુનિકેશન્સ કન્ઝ્યુમર પ્રેફરન્સ રેગ્યુલેશન ૨૦૧૮માં સુધારો કરવાનો અને વપરાશકર્તાઓને અનસોલિસિટેડ કોમર્શિયલ કોમ્યુનિકેશનથી બચાવવા માટે કડક નિયમો લાદવાનો નિર્ણય લીધો છે.આ નિયમો ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવ્યા હતા, જેને આજે લોકસભામાં સંચાર અને ગ્રામીણ વિકાસ રાજ્યમંત્રી દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.કેન્દ્રીય રાજ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, આ સુધારેલા નિયમો ૩૦ દિવસની અંદર સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત કરવામાં આવશે. જોકે, તેની કેટલીક જોગવાઈઓ ૬૦ દિવસ પછી લાગુ કરવામાં આવશે. નવા સુધારેલા નિયમો લાગુ થાય તે પહેલાં જ ગયા વર્ષે ૧૩ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ, ઇછેં એ ટેલિકોમ કંપનીઓને ગેરકાયદેસર ટેલિમાર્કેટર્સના તમામ સંસાધનોને ડિસ્કનેક્ટ કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેની મોટી અસર જોવા મળી છે.

ઓગસ્ટ ૨૦૨૪ થી જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન સ્પામ કોલ્સની ફરિયાદોમાં મોટો ઘટાડો થયો છે. TRAI ની કડકતાને કારણે ઓગસ્ટમાં ૧,૮૪,૪૧૯ સ્પામ કોલ અને સંદેશાઓની ફરિયાદો મળી હતી, જે જાન્યુઆરીમાં ઘટીને ૧,૩૪,૮૨૧ થઈ ગઈ. આ ઉપરાંત, TRAI એ ૧,૧૫૦ થી વધુ કંપનીઓ અને વ્યક્તિઓને બ્લેકલિસ્ટ કર્યા છે. ઉપરાંત, ૧૮.૮ લાખથી વધુ ટેલિકોમ સંસાધનોના જોડાણ કાપી નાખવામાં આવ્યા છે.

અનુસંધાન પાના ૭ પર

# ભારતની મતદાર યાદીની પ્રશંસા કરતા અમેરિકીના પ્રમુખ ટ્રમ્પ

**અમેરિકામાં મતદાન માટે આધાર જેવી બાયોમેટ્રીક સીસ્ટમ લાવવા ટ્રમ્પની તૈયારી**

નવી દિલ્હી, તા. ૨૬

અમેરિકામાં એક બાદ એક આકરા ફેરફારો કરી રહેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે અમેરિકી લોકોની નાગરિકતા અને મતદાર યાદી બન્નેમાં ભારત તથા બ્રાઝીલ સ્ટાઈલથી બાયોમેટ્રીક પદ્ધતિ દાખલ કરવા નિર્ણય લીધો છે. અમેરિકામાં રીપબ્લીકન નેશનલ કમીટીએ દેશભરમાં મતદાર નોંધણી ચકાસણી અભિયાન શરૂ કર્યુ છે.

અમેરિકાના ૪૮ રાજયો અને વોશિંગ્ટન ડીસીની મતદાર યાદીની માંગણી કરી છે અને તેના પરથી જ ટ્રમ્પે હવે આગામી દિવસોમાં ચુંટણી સંબંધી વધુ એકશનની જાહેરાત કરી છે. ભારત અને બ્રાઝીલ જેવા દેશોએ પણ મતદારોની ચકાસણી માટે બાયોમેટ્રીક પદ્ધતિ અપનાવી છે



અને આપણે જુની પુરાણી પદ્ધતિમાં અટવાયેલા છીએ.હાલ અમેરિકામાં મતદાર ખુદની હયાતીનો અને નાગરિકતાનો પુરાવો આપે છે. તેના પરથી તેનું નામ મતદાર યાદીમાં જોડાય છે. હવે અમેરિકાના દરેક રાજયોએ તેની મતદાર યાદી ફેડરલ (કેન્દ્ર) સરકારને આપવી પડશે અને જે રાજય આપશે નહી તેનું ઈલેકશન ફંડીગ અટકાવવામાં આવશે.

અમેરિકાના નાગરિક તરીકે જે તે મતદાર ડોકયુમેન્ટ્રી પ્રુફ જે સરકાર માન્ય હોય તે આપવું પડશે. શ્રી ટ્રમ્પે કહ્યું કે ચુંટણીમાં છેતરપીડી થાય છે તેને હું

અનુસંધાન પાના ૭ પર

# ઝુંપડા પર બુલડોઝર ફરે તે પૂર્વે બાળકીએ પુસ્તકો બચાવી લીધા

**સંવેદના સર્જતો વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થયો**

લખનૌ, તા. ૨૬

ઉત્તર પ્રદેશમાં ઝૂંપડા પર પ્રશાસન દ્વારા બુલડોઝર ફેરવવામાં આવી રહ્યું હતુ ત્યારે ત્યાં રહેતી એક બાળકી દોડીને ઝૂંપડામાં પહોંચી હતી અને પોતાની પુસ્તકો અને શાળાની બેગ લઈને બહાર આવી ગઈ હતી. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો અને લોકોએ બાળકી પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

ઉત્તર પ્રદેશના આંબેડકરનગરમાં જ્યારે બુલડોઝર કાર્યવાહી ચાલી રહી હતી ત્યારે પોતાના ઝૂંપડા પર સરકારનું બુલડોઝર ફરીવળે તે પહેલા જ એક બાળકી દોટ કાઢીને ઝૂંપડામાં ગઈ હતી અને પોતાના પુસ્તકો સાથે સ્કૂલની બેગ લઈને બહાર આવી હતી.

આ સમગ્ર ઘટનાક્રમનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો અને લોકોએ બાળકીને મદદ માટે હાથ લંબાવ્યા હતા. સાથે જ પ્રશાસનની ટીકા પણ કરી હતી.

પોતાના પુસ્તકો બચાવવા ઝૂંપડામાં કૂદી પડી હતી તે બાળકીનું નામ અનન્યા છે, વીડિયો વાયરલ થતા મીડિયા તેની પાસે પહોંચ્યું હતું,

અનુસંધાન પાના ૭ પર

# સિરસામાં ગુજરાત પોલીસની ગાડીને નડેલો અકસ્માત : ત્રણ પોલીસનાં મોત

**પીએસઆઈ અને ૩ પોલીસ જવાનો તપાસ માટે લુધિયાણા જતા હતા**

અમદાવાદ, તા. ૨૬

હરિયાણાના સિરસા જિલ્લામાં બુધવારે (૨૬ માર્ચ) ભારતમાલા રોડ પર એક મોટો અકસ્માત થયો હતો. ગુજરાત પોલીસની બોલેરો ગાડી (GJ ૧૮ JB ૭૮૧૯) એક અજાણ્યા વાહન સાથે અથડાઈ હતી. આ દુર્ઘટનામાં ગુજરાત પોલીસના ત્રણ કર્મચારીઓના મોત થયા છે. જ્યારે એક ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે.

રામોલ પોલીસ સ્ટેશનના PSI સોલંકી અને ૩ જવાનો પોક્સો કેસની તપાસ માટે લુધિયાણા જઈ રહ્યા હતા. તેઓની બોલેરોનો અકસ્માત થતાં પોલીસ કોન્સ્ટેબલ સુનિલ ગામીત, હોમગાર્ડ રવિન્દ્ર અને ખાનગી ડ્રાઈવર કનુભાઈ ભરવાડનું મોત થયું છે જ્યારે PSI જે.પી.સોલંકી ઈજાગ્રસ્ત છે. અકસ્માતના સમાચાર મળતા જ ACP આઈ ડિવિઝન અને એક



PSI તાત્કાલિક ધોરણે હરિયાણા જવા રવાના થયા છે.

સ્થાનિક પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ બ્રહ્મ પ્રકાશના જણાવ્યા અનુસાર, ઘટનાસ્થળેથી એક પંજાબની નંબર પ્લેટ મળી આવી છે. આ આધારે પોલીસ અજાણ્યા વાહનને શોધવામાં વ્યસ્ત છે. પોલીસ ટીમ દ્વારા આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે.હાલમાં,

અનુસંધાન પાના ૭ પર

# ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ સતત ૩ કલાક સુધી ડાઉન

**સોશિયલ મિડીયામાં આઉટેજની ફરિયાદોનો મારો ચાલ્યો**

નવી દિલ્હી, તા. ૨૬

ટેક કંપની મેટાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક ગઈકાલે ભારતમાં સાંજે ૬-૩૦ વાગ્યાથી ૩ કલાક સુધી ડાઉન થઈ ગયા હતા. ડાઉન ડિટેકટરમાં આઉટેજની ફરિયાદોનો મારો ચાલ્યો હતો.

બન્ને સોશિયલ મીડિયાને મેટા રન કરે છે. કંપની તરફથી ડાઉનને લઈને કોઈ નિવેદન નથી આવ્યું. ડાઉન ડિટેકટરના અનુસાર દુનિયાભરમાં ફેસબુક અને ઈન્સ્ટાગ્રામમાં અનેક યુઝર્સને વેબ અને એપ બન્ને વર્ઝનો પર એકસેસ કરવા અને ફીડ રિફ્રેશ કરવામાં સમસ્યાઓનો સામનો કરવો પડયો હતો.

એક ઈન્સ્ટાગ્રામ યુઝર્સે જણાવ્યું હતું કે, સ્ટોરીઝ અને પોસ્ટ પર કોમેન્ટસ તો જોવા મળે છે પણ તેને ખોલી નથી શકાતું. અનેક લોકોએ એ પણ ફરીયાદ કરી કે જયારે કોઈ કોમેન્ટ પોસ્ટ કરવામાં આવે છે તો તે ગાયબ થઈ જાય છે.ઈન્સ્ટાગ્રામ પર ૫૨ ટકા લોકોને એમ કનેકશનને લઈને મુશ્કેલી પડી હતી. ઉલ્લેખનીય છે કે ૪ ઓકટોબર ૨૦૨૧માં ફેસબુક, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ પ્લેટફોર્મ ૬ કલાક સુધી પૂરી દુનિયામાં બંધ રહ્યા હતા. જેથી અબજો લોકોને મુશ્કેલી પડી હતી.

# ભાગેડુ મેહુલ ચોકસી બેલ્જીયમમાં રહેતો હોવાની ન્યુઝ ચેનલની પુષ્ટી

**પંજાબ બેંક કૌભાન્ડના ભાગેડુ આરોપી ચોકસી પર ન્યુઝ ચેનલની વોચ**

નવી દિલ્હી, તા. ૨૬

ભાગેડુ હીરા વેપારી અને પંજાબ નેશનલ બેંક (PNB) બેંક કૌભાંડનો મુખ્ય આરોપી મેહુલ ચોક્સી યુરોપિયન દેશ બેલ્જિયમમાં છે. હવે બેલ્જિયમે ન્યૂઝ ચેનલ NDTVને આ વાતની પુષ્ટિ કરી છે.

બેલ્જિયમના વિદેશ મંત્રાલયે એક સત્તાવાર નિવેદનમાં ચોકસીની દેશમાં હાજરી વિશે માહિતી આપી હતી. એમ પણ કહ્યું- અમે બાબતનું મહત્વ સમજીએ છીએ.

જો કે, બેલ્જિયમે એમ પણ કહ્યું- અમે અંગત બાબતો પર ટિપ્પણી કરતા નથી. તેમ છતાં, રાજ્ય વિભાગ આ મહત્વપૂર્ણ બાબત પર સતત નજર રાખી રહ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભારતે ચોક્સીના પ્રત્યાર્પણની પ્રક્રિયા શરૂ કરવા માટે બેલ્જિયમના અધિકારીઓનો સંપર્ક કર્યો છે.મેહુલ ચોક્સી અને અન્ય એક ભાગેડુ હીરાના વેપારી નીરવ મોદી પર PNBની મુંબઈમાં બ્રેડી હાઉસ શાખામાં રૂ. ૧૩,૮૫૦ કરોડનું કૌભાંડ આચરવાનો આરોપ છે. આ પહેલા ચોક્સી પાસપોર્ટ સસ્પેન્ડ થવાને કારણે તેણે ભારત પરત નહી આવી શકવાનું બહાનું કાઢ્યું હતું.૨૦૧૮માં ભારત છોડતા પહેલા પણ ચોક્સીએ ૨૦૧૭માં જ એન્ટિગુઆ-બાર્બુડાની નાગરિકતા લીધી હતી. ચોક્સી વારંવાર નાદુરસ્ત સ્વાસ્થ્યના કારણોને ટાંકીને ભારતમાં હાજર થવાનો ઈનકાર કરી રહ્યો છે. ક્યારેક તે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જ રજુ થાય છે. ભારતમાં તેની ઘણી મિલકતો પણ જપ્ત કરવામાં આવી છે.



અનુસંધાન પાના ૭ પર



# અગરતલા મ્યુનિ. કોર્પોરેશનના સભ્યો સુરત શહેરની મુલાકાતે

## અગરતલ્લાના ડેલીગેટ્સ સાથે મ્યુનિ. શાલિની અગ્રવાલે મીટીંગ યોજી

સુરત, તા.૨૬

ગતરોજ અગરતલા શહેરની અગરતલા મ્યુનિસિપલ કોર્પોરેશનના મ્યુ. સદસ્યશ્રીઓ, અધિકારીશ્રી અને કન્સલટન્ટ મળી કુલ ૨૦ ડેલીગેટૂસ સુરત શહેરની મુલાકાતે આવેલ. વધુમાં આજરોજસુરત મહાનગરપાલિકાના મ્યુ. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલની અધ્યક્ષતામાં સુડા ભવન,વેસુ ખાતે ઉપસ્થિત ઉપરોકત અગરતલા કોપોરેશનના ડેલીગેટૂસ સાથે મિટીંગ યોજાયેલ હતી.

તાપી તટે વસેલા અંદાજિત ૪૬૧ ચો.કિ મી. ક્ષેત્રફળ અને ૮૨ લાખની વસતિ ધરાવતુ ઐતિહાસિક સિટી, ટેકસટાઈલ સિટી,ડાયમંડ સિટી અને બ્રિજસિટી સહિતના વિવિધ હુલામણા નામોથી ખ્યાતનામ શહેર સુરતે ગત ૨ વર્ષોમાં પંચરત્નોનો તાજ હવા,પાણી,સ્વચ્છતા,પરિવહન અને ખેલક્ષેત્રે અનેક એવોર્ડ મેળવી દેશના નકશામાં પોતાની આગવી ઓળખ મેળવી છે.

આ પ્રસંગે અગરતલા કોપોરેશનના ડેલીગેટૂસે માન. મ્યુ. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલનું પારંપારિક સ્વાગત કર્યું હતું. વધુમાં આ મિટીંગ દરમ્યાન માન. ઈ.ચા આસી. કમિશનર શ્રી દેવાંગ પટેલે પ્રેઝન્ટેશન મારફત સુરત શહેરની સિધ્ધીઓ, વિશિષ્ટ કામગીરીઓ, વિકાસકાર્યો,આયોજનો તથા રોડ-રસ્તા, ડ્રેનેજ, હાઈડ્રોલિક, લાઈટ, આરોગ્ય,આકરણી,હાઉસીંગ સહિતના તમામ વિભાગોની માહિતી તથા સુરત મહાનગરપાલિકાનું વહીવટી માળખુ, રીન્યુએબલ એનર્જીનો ઉપયોગ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ઘ્વારા શહેરીજનોના બાળકો આપવામાં આવતી વિવિધ ૭ ભાષામાં શિક્ષણની સુવિધા, વેસ્ટ વોટરમાંથી વોટર ટ્રીટમેન્ટ કરી ઉધ્યોગોને ટ્રીટેડ વોટરનું વેચાણ કરી કરોડોની વધારાની આવક મેળવવામાં આવે છે જે આગવી

અનુસંધાન પાના ૭ પર

# સુરત જિલ્લામાં હથીયારબંધી લાગુ કરતા અધિક કલેક્ટર

## શાંતિ અને સલામતી માટેનું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું

સુરત, તા.૨૬

સુરત જિલ્લામાં આગામી પર્વોને ધ્યાનમાં શાંતિ અને એખલાસભર્યું વાતાવરણ જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી વિજય રબારીએ જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે.

જાહેરનામા અનુસાર સુરત પો.કમિશનરની હકુમત સિવાયના ગ્રામ્ય વિસ્તારમાં કોઇ પણ વ્યક્તિએ શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ખંજર, છરી-ચપ્પા, ભાલા, લાકડા કે લાકડી, તલવાર, શારીરિક ઈજા પહોંચાડે તેવા સાધનો સાથે લઇ જવા નહી. આ ઉપરાંત કોઇ પણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખવા નહીં. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ, શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા, એકઠા કરવા કે તૈયાર કરવા પર અને છરી-ચપ્પા, રેમ્બો ચાકુના વેચાણ કે લાવવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી. જેનાથી સુરુચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું

અનુસંધાન પાના ૭ પર

# ફરારી આરોપીને કોર્ટમાં હાજર થવા જાહેર ફરમાન

સુરત, તા.૨૬

આર.એસ.૧૬/૦૩ટી.પી.૦૧(વેસુ) એફ.પી.નંબર ૨૭, તા.ચોર્યાસી, જિ.સુરત ખાતે રહેતા આરોપી જયેન્દ્રકુમાર ભીખાભાઈ સોલંકીએ છોટાઉદેપુર ખાતે શિક્ષાપાત્ર ગુનો કર્યો છે. તેના વિરૂદ્ધ છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ નોંધાઈ છે. ધરપકડ વોરંટની બજવણી ટાળવા માટે આરોપી નાસતો ફરતો હોવાથી ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર દ્વારા આરોપી જયેન્દ્રને ફરિયાદનો જવાબ આપવા તા.૧૬/૦૪/૨૦૨૫ કે તે પહેલા છોટાઉદેપુર કોર્ટ અથવા ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર થવા ફરમાન કરવામાં આવ્યું છે તેમ છોટાઉદેપુર પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટરની યાદીમાં જણાવાયું છે.

# નશામુક્ત ભારત અભિયાનમાં કાનુની માર્ગદર્શન શિબિર યોજાઈ

સુરત, તા.૨૬

નશામુકત ભારત અભિયાન અંતર્ગત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સુરત જિલ્લા ન્યાયાલયના મુખ્ય જિલ્લા ન્યાયાધીશશ્રી અને અધ્યક્ષશ્રી આર. ટી.વચ્છાણી, સચિવશ્રી અને એડી. સિનિયર સિવિલ ન્યાયાધિશશ્રી સી. આર.મોદીના માર્ગદર્શન તથા ઉધના પોલીસ સ્ટેશનના સંયુક્ત ઉપક્રમે શ્રી.આર.કે નારાયણ સ્કુલ નં.૩૨૬ અને શાળા નં.૧૪૨ ઉધના ખાતે કાનૂની માર્ગદર્શન શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં ડ્રગ્સ જનજાગૃતિ, સાયબર ક્રાઈમ, ગુડ ટચ બેડ ટચ, પોકસો એક્ટ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની યોજનાઓ/પ્રવૃતિઓ વિશે પેનલ વકીલ રીલેશભાઈ, પી.એલ.વી. પ્રદિપ શિરસાઠ, ઉધના પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ કૃપાલીબેન પરમાર, પોલીસ કોન્સ્ટેબલ દિવ્યાબેન પટેલે કુલ ૨૮૮ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યશ્રી સમાધાનભાઈ સુતાર,આચાર્યશ્રી વિપુલભાઈ પાટીલ તથા શિક્ષક મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.



# સુરત મહાનગર ભાજપ સંગઠન સંરચના અંગે અગત્યની બેઠક

## વોર્ડ પ્રમુખશ્રીઓ તથા પ્રભારીઓ ઉપસ્થિત રહ્યા

સુરત, તા.૨૬

આજરોજ ૨૫ માર્ચ ને મંગળવારના રોજ પંડિત દિન દયાળ ભવન ભાજપ કાર્યાલય ખાતે સવારે ૧૧:૦૦ કલાકે પ્રદેશની સૂચના અનુસાર પ્રત્યેક વોર્ડમાં સંગઠનની સંરચના અંગે શહેર પ્રમુખશ્રી પરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં અગત્યની બેઠક યોજવામાં આવી હતી આ બેઠક માં વિશેષ રૂપે પ્રદેશ મંત્રી તથા સુરત શહેરના પ્રભારી શ્રીમતી શીતલબેન સોની ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં આદરણીય શહેર અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલે પ્રત્યેક વોર્ડમાં ૬૧ સભ્યોની કારોબારી બનાવી પ્રદેશમાંથી આવેલ પત્રક ભરી પરત આપવાની સૂચના આપી હતી તેની સાથે સાથે આગામી રવિવારના રોજ "મન કી બાત" નો પ્રધાનમંત્રી શ્રી મોદીજીનો અગત્યનો રેડિયો કાર્યક્રમ પ્રત્યેક બૂથમાં વ્યવસ્થિત રીતે યોજાય જે અંગે સૂચના આપી હતી તેની સાથે તારીખ ૬ એપ્રિલ ના રોજ ભાજપાનો સ્થાપના દિવસ છે તે દિવસે પ્રત્યેક બૂથમાં ભાજપાના ઝંડા લગાવી કાર્યક્રમો યોજવા સૂચના આપી હતી આ બેઠકમાં પ્રદેશના મંત્રી તેમજ સુરત મહાનગરના પ્રભારી શ્રીમતી શીતલબેન સોની શહેરના મહામંત્રી શ્રી કિશોરભાઈ તથા શહેરના સંગઠનના સહુ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

# ચીખલી એપીએમસીમાંથી ખેરગામ માર્કેટ યાર્ડને છૂટી કરવાની માંગણી

## ખેરગામ તાલુકા કોંગ્રેસ સમિતિએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

ખેરગામ, તા.૨૬

ખેરગામ એપીએમસીનો મુદ્દો ધીમે ધીમે વધુ વિવાદ પકડતો જાય છે. ખેરગામ તાલુકો અલગ થયાને ૧૦ કરતા વધુ વર્ષ થઈ ગયા છતાં પણ તમામ વ્યવહાર ચીખલી એપીએમસી દ્વારા જ કરવામાં આવે છે. જેને કારણે પોતાના પ્રશ્નો રજૂ કરવા માટે ખેરગામ તાલુકાના ખેડૂતોને છેક ચીખલી સુધી જવું પડે છે. કારણકે અહીં કોઈ ખેડૂત વિભાગનું સાંભળનાર જ નથી. આ મામલે અગાઉ પણ સરકારના વિવિધ વિભાગો સુધી રજૂઆત થઈ ચૂકી છે. પરંતુ ઉકેલ નહી આવતાં ખેરગામ તાલુકા કોંગ્રેસ સમિતિએ ખેડૂતોના હિતમાં ખેરગામ મામલતદારને રજૂઆત કરી છે. જેમાં આ પ્રશ્નનું ઝડપી નિરાકરણ લાવી ચીખલી એપીએમસીમાંથી ખેરગામ સબ યાર્ડને એપીએમસીને અલગ દરજ્જો આપવા માંગ કરી છે.

ખેરગામ તાલુકો ૯૦ ટકા આદિવાસી વસતી ધરાવતો તાલુકો છે. અહી નાના અને સીમાંત ખેડૂતો પોતાનું ખેત ઉત્પાદન કરી ગુજરાન ચલાવે છે. મોટા ભાગના ખેડૂતો શાકભાજી અને ફળપાકોનું ઉત્પાદન કરે છે. જો કે, ખેરગામ તાલુકો વિભાજન થવાને લગભગ દસ વર્ષ થવા છતાં સરકારની નીતિ મુજબ એક તાલુકાને એક એ.પી.એમ.સી.ની નીતિનો અહીં અમલ થતો નથી.જયારે પણ એપીએમસીનો પ્રશ્ન રજૂઆત થાય છે ત્યારે કોઈ ને કોઈ મુદ્દે મામલો શાંત થઈ જાય છે. બીજી હકીકત એ પણ છે કે, ખેરગામ વિભાગમાં ખેડૂતો તરફથી પોતાના પ્રતિનિધિનો

અનુસંધાન પાના ૭ પર

# તા.૧ એપ્રિલથી સુરત રેલવે સ્ટેશને પ્લેટફોર્મ ૨ અને ૩ પુનઃ કાર્યરત થશે

## મોટાભાગની ટ્રેનોના સ્ટોપેજ એપ્રિલથી સુરત સ્ટેશન પર પુનઃસ્થાપિત થશે

સુરત, તા.૨૬

સુરત સ્ટેશનને સંપૂર્ણપણે પુનર્જીવિત કરવામાં આવી રહ્યું છે અને તેને વિશ્વ કક્ષાના સ્ટેશન તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. સુરત સ્ટેશનના પુનઃવિકાસ હેઠળ, પ્લેટફોર્મ નં. ૨ અને ૩ (તબક્કો-૨) પર કોનકોર્સનું કામ પૂર્ણ થઈ ગયું છે. આને ધ્યાનમાં રાખીને, મોટાભાગની ટ્રેનો જે કામચલાઉ ધોરણે વૈકલ્પિક સ્ટેશનો પર ખસેડવામાં આવી હતી તે ૧ એપ્રિલ, ૨૦૨૫ થી સુરત સ્ટેશન પર ફરી કાર્યરત થશે. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, પ્લેટફોર્મ નંબર ૨ અને ૩ પર સુરત સ્ટેશનના પુનઃવિકાસ કાર્યનો બીજો તબક્કો પૂર્ણ થઈ ગયો છે. આ કાર્યને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલા બ્લોકને કારણે જે ટ્રેનોને અસ્થાયી રૂપે વૈકલ્પિક સ્ટેશનો પર વાળવામાં આવી હતી તેમાંથી મોટાભાગની ટ્રેનો ૧ એપ્રિલ, ૨૦૨૫ થી ફરી કાર્યરત થશે. જોકે, એવી જાણ કરવામાં આવે છે કે તાપ્તી લાઈન પરની બધી ટ્રેનો (નંદુરબાર/જલગાંવથી આવતી અને જતી) ઉધના સ્ટેશન પર રોકાશે.

# ૪ એપ્રિલથી આંબાબારી માતાજી મંદિર ખાતે શિવકથાનું આયોજન

## કથાકાર શ્રી ભાસ્કરભાઈ દવે કથાનું રસપાન કરાવશે

ખેરગામ, તા.૨૬

વાંસદા પ્રદેશના આંબાબારી ગામે આવેલા અંબામાતાના મંદિરે આવતી તાઃ ૪-૪-૨૦૨૫ ને શુક્વાર થી તાઃ ૧૦-૪-૨૦૨૫ ને ગુરૂવાર સુધી દરરોજ રાત્રે ૭.૩૦થી ૧૦ કથાકાર શ્રી ભાસ્કરભાઈ દવે ની શિવ કથા નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.શિવકથાની પોથીયાત્રા તાઃ ૪-૪-૨૦૨૫ ને શુક્રવારે રાત્રે ૮ કલાકે શ્રી કાસમભાઈ બી પટેલ ના નિવાસસ્થાને થી નીકળી કથા સ્થળ અંબામાતા ના મંદિરે જશે.

અત્રે ઉલ્લેખનીય છે કે દાતાઓના સાથ અને સહકારથી ટૂંક સમય પહેલા જ આ મંદિરનું નિર્માણ થયું છે.અને હમણાં જ ભવ્ય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ પણ સંપન્ન થયો છે.એના અનુસંધાને પવિત્ર ચૈત્ર (પિતૃ) માસમાં સનાતન ધર્મ ના પ્રચાર માટે ખેરગામ ના પ્રખ્યાત કથાકાર શ્રી ભાસ્કરભાઈ દવે ની શિવ કથાનું આયોજન થયું છે.દરરોજ પિતૃ વંદના થશે.આ કથામાં આવતા તમામ ઉત્સવો અને રામ-નવમી ઉત્સવ પણ ધામધૂમથી ઉજવવામાં આવશે.કથાને સફળ બનાવવા માટે ગામના ભાવિકો અને નવદુર્ગા યુવક મંડળ દ્વારા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.આ કથાના આયોજન થી વાંસદા પ્રદેશના અન્ય ગામોમાં પણ આનંદ ની લાગણી પ્રસરી ગઈ છે.




# પોલીસ પરિવારની ૩૦ બહેનોએ જરી-જરદોશી વર્કની તાલીમ મેળવી

## આ બહેનો હવે જરી-જરદોશીના ઉત્પાદનો ખુદ બનાવશે

સુરત, તા.૨૫

ગુજરાતમાં પ્રથમ વખત પોલીસ પરિવારની ૩૦ મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે સુરત પોલીસ કમિશનરના ધર્મપત્ની સંધ્યાબેન ગહલૌતના માર્ગદર્શન હેઠળ જરી-જરદોશીની એક મહિનાની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકારના વસ્ત્ર મંત્રાલયની હેન્ડીક્રાફ્ટ વિભાગના સહયોગથી સુરતની 'અમી હેન્ડીક્રાફ્ટસ' દ્વારા આયોજિત ડિઝાઈન એન્ડ ટેકનિકલ ડેવલપમેન્ટ વર્કશોપ, જરી-જરદોશીની તાલીમનું અઠવાલાઈન્સ સ્થિત પોલીસ કોમ્યુનિટી હોલ ખાતે સમાપન થયું હતું. સમાપન સમારોહમાં વિશેષ ઉપસ્થિત મેયર દક્ષેશભાઈ માવાણી, જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધી, પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત, પૂર્વ કેન્દ્રીય ટેક્ષ્ટાઈલ રાજ્ય મંત્રી દર્શનાબેન જરદોશ અને અન્ય મહાનુભાવોના હસ્તે તાલીમ મેળવનાર ૩૦ પોલીસ બહેનો, તેમજ કતારગામ બાળાશ્રમ ખાતે તાલીમ મેળવનાર અન્ય જરૂરિયાતમંદ ૩૦ બહેનોને કેન્દ્ર સરકારના હેન્ડીક્રાફ્ટ વિભાગના આર્ટીઝન કાર્ડ તથા સર્ટિફિકેટ આપીને સન્માનિત કરાઈ હતી. તાલીમ મેળવ્યા બાદ આ બહેનોએ સ્વઉત્પાદિત જરી જરદોશીની ફ્રેમ, ચપ્પલ, મોજડી, પર્સ-બટવા, બેલ્ટ, ટ્રે, જ્વેલરી બોક્સ, બેન્ગલ બોક્સ, ભગવાનના જરીના વાઘાનું પ્રદર્શન યોજ્યું હતું. જેને ઉપસ્થિત સૌએ નિહાળી બહેનોની કલાને બિરદાવી હતી.

આ પ્રસંગે મેયરશ્રી દક્ષેશભાઈ માવાણીએ જણાવ્યું હતું કે, જરી-જરદોશી વર્કે સુરતને વૈશ્વિક નામના આપી છે. બહેનો સખી મંડળોમાં જોડાઈને સ્વદેશી ઉત્પાદનો

અનુસંધાન પાના ૭ પર

# અમરોલીથી શિવાનીબેન શાહ ગુમ

સુરત, તા.૨૬

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૫/૦૩/૨૦૨૫ ના રોજે, ઘર નં-૪૩ ગણેશપુરા, અમરોલી, સુરત ખાતે રહેતી ૧૮ વર્ષીય શિવાનીબેન સંતોષ બંસી શાહ ગુમ(અપહરણ) થઈ ગયા છે.તેમનું શરીર પાતળા બાંધાનું અને ઘઉ વર્ણનું છે. તેમની ઊંચાઈ આશરે ૫'૦" છે. ગુમ થતાં સમયે, તેઓ લાલ કલરની કુર્તી, ગ્રીન કલરનું લેગીઝ પેન્ટ અને પીળા કલરનો દુપટ્ટો પહેરેલી હતી. તેઓ હિન્દી અને ગુજરાતી ભાષા જાણે છે.કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# સિંગણપોર વિશ્વા મોરડીયા લાપતા

સુરત, તા.૨૬

સિંગણપોર પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૫/૦૩/૨૦૨૫ ના રોજે, સાંઝન ૯:૩૦વાગ્યે, ઘર નં-૬૦૩,બી-વિંગ, સંકલ્પ શિવાન્તા, ડભોલી, સુરત, મુળ રહેવાસી ઉગામેડી, ખાતે રહેતા જસ્મતભાઇ મોરડીયાની ૨૧વર્ષીય દિકરી વિશ્વા ગુમ(અપહરણ) થઈ ગયા છે.તેમનું શરીર મધ્યમ બાંધાનું અને ઘઉ વર્ણનું છે. તેમની ઊંચાઈ આશરે ૫'૩" છે. ગુમ થતાં સમયે, તેઓ કોફી કલરવાળું ટી-શર્ટ અને કોફી કલરનું જીન્સ પેન્ટ પહેરેલ હતા. તેઓ હિન્દી અને ગુજરાતી ભાષા જાણે છે.કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા સિંગણપોર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# ગોડાદરાથી સૌરભ સુનીલકુમાર ગુમ

સુરત, તા.૨૬

ગોડાદરા પોલીસ સ્ટેશન ના જણાવ્યા અનુસાર, તા.૦૭/૦૩/૨૦૨૫ ના રોજે રાત્રીનું ૧૧:૦૦ વાગ્યે, ઘર નં-૧૨૧, ઉમીયાનગર સોસાયટી, મહારાણા પ્રતાપ ચાર રસ્તા પાસે, ગોડાદરા, સુરત, મુળ રહેવાસી બેલ્કપી, જી- હજારીબાગ, ઝારખંડ, ખાતે રહેતા ૧૫ વર્ષીય સૌરભ સુનીલકુમાર ગુમ (અપહરણ) થઈ ગયા છે. તેમનું શરીર પાતળા બાંધાનું અને ઘઉં વર્ણનું છે. તેમની ઊંચાઈ આશરે ૪'૫" છે. ગુમ થતાં સમયે, તેઓ ચોકડીવાળું ફુલ બાંયનું શર્ટ અને પેન્ટ પહેરેલા હતા. તેઓ હિન્દી ભાષા જાણે છે.કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ગોડાદરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી.

# ઉમરાથી શિવાનીબેન ગુમ

સુરત, તા.૨૬

ઉમરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૭/૦૩/૨૦૨૫ ના રોજે, ઘરનં-૪૨, આદર્શ સોસાયટી, ઘોડદોડ, સુરત, મુળ રહેવાસી ગામ-લોંદી, જીલ્લો ખરગોન(મધ્ય પ્રદેશ), ખાતે રહેતા અંતિમ જયરામ ભાલસે ની પત્ની શિવાનીબેન ગુમ (અપહરણ) થઈ ગયા છે.જેની ઉમર૩૦ વર્ષ છે. તેમનું શરીર પાતળા બાંધાનું અને ગોરો વર્ણનું છે. તેમની ઊંચાઈ આશરે ૫'૩" છે. ગુમ થતાં સમયે, તેઓ ઓરેંજ કલરનું સાડી પહેરેલી હતી. તેઓ હિન્દી ભાષા જાણે છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ઉમરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# સચીનથી પાયલકુમારી મહંતો ગુમ

સુરત, તા.૨૬

સચીન પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૮/૦૩/૨૦૨૫ ના રોજેસવારે ૦૭:૦૦ વાગ્યે, ઘરનં-૩૦૮, બિલ્ડિંગ નં-૬૧, આકશ કોમ્પલેક્ષ, વાંઝ ગામ, સુરત, મુળ રહેવાસી ભાગલપુર, બિહાર, ખાતે રહેતી ૨૦ વર્ષીયપાયલકુમારી માનીક મહંતોપોતાના ઘરેથી બે થેલા લઈને ક્યાંક ચાલી ગઈ હતી. તેમનું શરીર પાતળા બાંધાનું અનેઘઉં વર્ણનું છે. તેમની ઊંચાઈ આશરે૫'૦" છે. ગુમ થતા સમયે, તેઓ કોફી રંગનો ફ્રોક અને પગમાં સેન્ડલ પહેરેલહતા. તેઓ હિન્દી અને અંગ્રેજી ભાષા જાણે છે અને ધોરણ-૧૨ સુધી અભ્યાસ કરેલા છે.કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા સચીન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.



# 'ગુજરાતી ભાષાનું મહત્વ' વિષયે બે દિવસ વાલી સંમેલન યોજાયા

## સંમેલનમાં ૨૦૦૦થી વધારે વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા

સુરત, તા.૨૬

જ્ઞાનજયોત વિદ્યાલય - ગોડાદરામાં 'ગુજરાતી ભાષાનું મહત્ત્વ' વિષય પર વાલી સંમેલનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રથમ દિવસે બાલભવન તેમજ ધોરણ ૧થી ૫ના વાલીઓ અને બીજા દિવસે ધોરણ ૬થી ૧૨ના બે હજારથી વધારે વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત સુમધુર પ્રાર્થના સાથે કરવામાં આવી. શાળાના ટ્રસ્ટી શ્રી કિશોરભાઈએ શાળાની વિવિધ પ્રવૃત્તિઓનો આછેરો પરિચય કરાવ્યો હતો. વક્તાશ્રીઓનું પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી રાજેશ ધામેલિયાએ 'બાળકના સર્વાંગી વિકાસમાં માતૃભાષાનું મહત્ત્વ' વિષય પર સંવાદ રૂપે વાત કરી હતી. માતૃભાષામાં અભ્યાસ કરીને સાહિત્ય, વિજ્ઞાન, કલા, ઉદ્યોગ, ટેકનોલોજી વગેરે તમામ ક્ષેત્રોમાં સફળ થયેલાં વ્યક્તિઓ વિશે આછેરી વાત કરી હતી. સંવાદ દરમિયાન પ્રશ્નોત્તરીમાં સામેલ થયેલા વાલીઓને ઈનામ રૂપે પુસ્તક ભેટ આપવામાં આવ્યાં હતાં. ડૉ. જયેશભાઈ જરીવાલાએ જ્ઞાનચોદ વિદ્યાલય માં ગુજરાતી માધ્યમમાં ભણાવવાથી વિદ્યાર્થી અને વાલીઓને કયા કયા લાભ થશે તેવી છે વિસ્તૃત માહિતી આપી હતી. શાળા સંચાલક શ્રી લાલજીભાઈ નકુમે પ્રેરક માર્ગદર્શન પણ આપ્યું હતું. બંને દિવસ કાર્યક્રમનું કાર્યક્રમનું સંચાલન સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

# જીવનમાં સપના જોવાની શરૂઆત સાથે ક્રાંતિ શરૂ થાય : દેવાંશી જોષી

## વુમન આંત્રપિન્યોર સેલ દ્વારા 'વુમન પ્રિન્યોર ટોક' વિષે સેશન યોજાયું

સુરત, તા.૨૬

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા સોમવારે, તા. ૨૪ માર્ચ ૨૦૨૫ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે, સેમિનાર હોલ-એ, સરસાણા, સુરત ખાતે 'WomenPreneurTalks' વિષે સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જમાવટ મીડિયાના સંસ્થાપક અને જાણીતા પત્રકાર સુશ્રી દેવાંશી જોશીએ મહિલા સાહસિકોની સફળતામાં રહેલા મહત્વના પાસાંઓની સમજ આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'જીવનમાં માત્ર પ્રસિદ્ધ વ્યક્તિ, અભિનેતા અથવા નેતાઓથી જ પ્રેરણા મળે એવું નથી, પરંતુ અનેક લોકો જીવનમાં સામાન્ય લોકો પાસેથી પ્રેરણા લઈને તેમને આદર્શ બનાવીને, જીવનમાં સફળ થયાં છે. જેમ કે, બિલ ગેટ્સ જેઓ એક સામાન્ય પેપર વેચતાં વ્યક્તિની મદદથી અભિભૂત થયા હતા. હાલના સમયમાં પત્રકારો વિશ્વાસુ, નીડર અને સત્યની પડખે ઊભા

અનુસંધાન પાના ૭ પર

**હવે એ જાણીએ, સમજીએ અને વિચારીએ કે આટલી મોટી વિશાળ નદી પર સમ ખાવા પૂરતો એક પણ પુલ કેમ નથી. હકીકતમાં એની વિશાળતાને લીધે એક કિનારેથી બીજા કિનારે પહોંચવા માટે એક-બે નહિ, અનેક પુલ હોવા જોઈએ કે નહિ? પણ ના, એવું નથી.**



# હેં ખરેખર?! : નવ દેશમાંથી વહેતી એમેઝોન નદી પર એકેય પુલ નથી!

કદ નહિ પણ પાણીના જથ્થાની ગણતરીએ એમેઝોન વિશ્ર્વની સૌથી મોટી નદી છે. એમેઝોન નદીની લંબાઈ ૬૪૦૦ કિલોમીટર (એટલે કે ૪૦૦૦ માઈલ) છે પણ આ માપના આંકડાને ય વિવાદાસ્પદ મનાય છે. કદની બાબતમાં નાઈલ સૌથી મોટી નદી છે. એ ૬૬૫૦ કિલોમીટર (૪૧૩૨ માઈલ) લાંબી છે. બન્નેના કદ અંગે વિવાદ હોવા છતાં નાઈલને સૌથી મોટી નદી હોવાનું બહુધા સ્વીકારાયું છે. આશ્ર્ચર્યજનક બાબત એ છે કે અત્યંત વિશાળ એમેઝોન નદી નવ દેશમાંથી પસાર થાય છે છતાં એના પર એકેય પુલ નથી!

આવું શા માટે? એ કેવી રીતે શક્ય બને? આ સવાલોના જવાબ જાણવા અગાઉ એમેઝોન નદી વિશે જાણવું પડે. પોતાના પાણીના, મીઠા પાણીના, પ્રવાહ માટે નંબર વન ગણાતી એમેઝોન બ્રાઝિલ, બોલિવિયા, પેરુ, ઈક્વાડોર, કોલંબિયા, વેનેઝુએલા, ગુયાના, ફ્રેન્ચ ગુયાના અને સુરીનામ જેવા દેશમાંથી પસાર થાય છે. મજાની વાત એ છે કે વિશ્ર્વનું ફેફસું ગણાતું એમેઝોન જંગલ આપણને ૨૦ ટકા પ્રાણવાયુ આપે છે તો એમેઝોન નદી ૨૦ ટકા પાણી આપે છે.

અનેક અદ્ભુત જળચર જીવોના જન્મ અને આશ્રયસ્થાન સમી આ નદીનાં ઘણાં રહસ્યો સદીઓથી અકબંધ છે. એમેઝોન નદીની શરૂઆત ક્યાંથી થાય છે એ એક રહસ્ય છે. દુનિયાની અન્ય મોટી નદીઓની માફક એમેઝોનની શરૂઆત પણ અનેક સ્થળોથી થાય છે, પરંતુ ભુગોળના નિષ્ણાતો નદીના એક જ ઉદ્ગમ સ્થાનના આગ્રહી છે. એમેઝોન નદીનો, જંગલ સાથેનું જોડાણ આશ્ર્ચર્યજનક છે અને એ બાબત પૃથ્વી પરના પર્યાવરણની સમતુલા જાળવવામાં સિંહ — ભૂમિકા ભજવે છે. એમેઝોન નદીનો હિસ્સો એટલાંટિક સમુદ્રમાં ઠલવાતા કુલ પાણીના ૨૦ ટકા છે.

પોર્ટુગીઝ અને સ્પેનિશ ભાષામાં 'રિયો એમેઝોન' તરીકે પણ ઓળખાતા આ નદીનો સ્ત્રોત પશ્ર્ચિમી દક્ષિણ અમેરિકાના એન્ડીઝ પહાડોમાં છે. વિશાળ કદને કારણે



એ 'ધ રિવર સી' તરીકે ય જાણીતી છે. આના કિનારે નવ દેશોના લગભગ ત્રણ કરોડ લોકો વસે છે, આમાંથી બે તૃતીયાંશ વસતિ તો માત્ર બ્રાઝિલની છે. ૧૧૦૦ વધુ પ્રશાખા ધરાવતા એમેઝોનની ૧૨ નદીઓની લંબાઈ ૧૫૦૦ કિલોમીટર (૯૩૦ માઈલ) છે.

હવે એ જાણીએ, સમજીએ અને વિચારીએ કે આટલી મોટી વિશાળ નદી પર સમ ખાવા પૂરતો એક પણ પુલ કેમ નથી. હકીકતમાં એની વિશાળતાને લીધે એક કિનારેથી બીજા કિનારે પહોંચવા માટે એક-બે નહિ, અનેક પુલ હોવા જોઈએ કે નહિ? પણ ના, એવું નથી.

આ મામલામાં અધિકૃત ગણી શકાય એવા નિષ્ણાત વૉલ્ટર કોફમેન આના કારણ સમજાવે છે. સ્વીસ ફેક્ટ ફેડરલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજીના સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગના ચેરપર્સન કોફમેનના કહેવા મુજબ એમેઝોન નદી પર એકેય પુલ નથી કારણ કે પુલની જરૂર નથી. આ નદી એવા વિસ્તારમાંથી પસાર થાય છે કે જ્યાં પુલની જરૂર નથી.

હા, અમુક સ્થળેથી એમેઝોન વહે છે ત્યાં ખૂબ પાંખી કે નહિવત્ માનવ — વસતિ છે. એના તટપ્રદેશ પરનાં શહેરો એકદમ વિકસિત છે. એક કિનારાથી બીજા પર જવા માટે સારી અને પર્યાપ્ત ફેરી વ્યવસ્થા ઉપલબ્ધ હોવાથી પુલની જરૂરિયાત અનુભવાતી નથી.

આ સિવાય વધુ એક મહત્ત્વનું કારણ છે પુલની સદંતર ગેરહાજરી માટે. કિનારા વિસ્તારની નદી ખૂબ નરમ — પોચી હોવાથી પુલ બાંધવા પાછળ ભારે ખર્ચ થાય. મોટી રકમ ખર્ચાઈ જાય તો પણ પુલની સલામતી — ટકાઉપણાનો પ્રશ્ર્ન ઊભો જ રહે.

વળી શુષ્ક મોસમને કારણે દૂર-દૂર નદી બહુ પહોળી હોતી નથી કે પુલ બનાવવો પડે. વળી ચોમાસાના આગમન સાથે એમેઝોન નદીની સપાટી ૩૦-૩૦ ફૂટ સુધી વધી જાય છે. વળી વરસાદમાં નદીના કોઈ પણ ભાગનો કિનારો જળબંબોળ થઈને પાણીમાં ડૂબી શકે તો પુલના બાંધકામ માટે કયો કિનારો સલામત ગણાય? કોઈ નહિ. પુલના બેમાંથી એક છેડાવાળો કિનારો ડૂબી જાય તો બધી મહેનત અને ખર્ચો માથે પડે.

જોકે રોજબરોજ થતી નીતનવી શોધ અને ટેક્નિકલ પ્રગતિ વચ્ચે પુલ બનાવવાનું એકદમ અશક્ય પણ નથી જ. એમેઝોનની સૌથી મોટી શાખા નિકલું નદી પર ૨૦૧૦માં બે માઈલ લાંબા કેબલનો પુલ બંધાયો હતો, જે બ્રાઝિલના બે શહેર ઈરાન અને મનહુસને જોડતો હતો. પરંતુ એ અગાઉ કે પછી એકેય પુલ બંધાયા નથી. આનાથી પુલની આવશ્યકતા ન હોવાનું સ્પષ્ટપણે સાબિત થઈ જાય છે.આપણે ગંગાથી અભિભૂત ખરા અને હોવા જ જોઈએ. પણ વિશ્ર્વની દસ સૌથી લાંબી નદીઓમાં ગંગા નદી નથી. આમાં (૧) નાઈલ, (૨) એમેઝોન, (૩) યાંગતે, (૪) મિસિસિપિ, (૫) યેનીસે, (૬) યલો, (૭) ઓબ-ઈર્તીશ, (૮) પરાના, (૯) કોંગો અને (૧૦) આમુર. અને હા, આપણી ગંગામૈયાનો વ્યાપક ૨૫૨૫૮ કિલોમીટર (૧૫૬૯ માઈલ) છે.ક્યારેક આપણી ગંગા અને વિશ્ર્વની અમુક મોટી નદીઓની સરખામણી — અભ્યાસનો ઉપક્રમ હાથ ધરવો જોઈએ કે નહિ?

# યાદ રાખો શિષ્ટાચારથી આવે છે પર્સનાલિટીમાં નિખાર

મારી કઝીન સીમા છેલ્લા ચાર દિવસથી હૉસ્પિટલમાં દાખલ હતી. હું વારંવાર ફોન કરી રહી હતી, કોઈ તેનો ફોન રિસિવ કરી રહ્યું નહોતું. મારે તેના ખબરઅંતર પૂછવા હતા. પરેશાન થઈને મારે તેની તબિયત પૂછવા હૉસ્પિટલ જવું પડ્યું. ત્યાં જઈને જાણવા મળ્યું કે સીમાનો ફોન તેમની દીકરી પાસે હતો જે કોઈનો ફોન આવવા પર ફોન કટ કરી દેતી હતી અને પોતાની માતા સીમાને આ અંગે કોઈ જાણકારી પણ આપતી નહોતી. ફોન ન ઉપાડવાની વાત જ્યારે મેં સીમાને પૂછી તો સીમાએ કહ્યું કે તેમની દીકરી તેનો ફોન ઉપાડતી નથી. કોઈનો ફોન આવવા પર જાણકારી પણ આપતી નથી. હવે મારી પાસે સવાલ હતો કે હૉસ્પિટલમાં આ સમયે ફોન સીમાના હાથમાં હતો તો શું તે મિસ કોલ જોઈને મને કોલ કરી શકતી નથી?

આ એક સામાન્ય શિષ્ટાચાર છે જેને આપણે બહુ ગંભીરતાથી લેતા નથી. આપણા જીવન સાથે જોડાયેલા ડેઈલી રૂટીનમાં આવી અનેક વસ્તુ હોય છે જેને આપણે કરવાની હોતી નથી, પરંતુ તેમ છતાં આપણે કરીએ છીએ. આ મોટાથી લઈને સામાન્ય શિષ્ટાચાર હોય છે. ચાલો તેના વિશે જાણીએ.

આજની વ્યસ્ત જિંદગીમાં કોઈ પાસે કોઈને મળવાનો સમય નથી. એટલે સુધી કે જે મહિલાઓ આખો દિવસ ઘરની અંદર કામ કરે છે તે પણ પોતાનું ડેઈલી શિડ્યૂલ બનાવીને રાખે છે. એવામાં આપણે કોઈને મળવા માંગીએ તોપણ ફોન કર્યા વિના અથવા અગાઉથી જ જાણ કર્યા વિના તેમના દરવાજા પર અચાનક જવું જોઈએ નહીં. તેનાથી તેમને ખોટું લાગી શકે છે.

આ એક સામાન્ય શિષ્ટાચાર છે અને તેમની દિનચર્યામાં પણ અડચણ ઊભી થાય છે. બની શકે છે કે તેમને ક્યાંક બહાર જવાનું હોય અને સંકોચવશ તમને કાંઈ કહી શકે નહીં, પરંતુ આ પ્રકારના શિષ્ટાચારને આપણે ક્યારેય ભૂલવા જોઈએ નહીં.

આજકાલ લગ્નનું આમંત્રણ ફોન પર આપવામાં આવે છે. વૉટ્સએપ મારફતે વર્ચ્યુઅલ કાર્ડ્સ, આમંત્રણ પત્રિકા મોકલવામાં આવે છે. આજની વ્યસ્ત દિનચર્યામાં તેનાથી લોકોને સરળતા રહે છે, પરંતુ અનેક લોકો વૉટ્સએપ પર કાર્ડ મોકલીને ખાનાં ભરી દે છે. જો તમે વૉટ્સએપ મારફતે કાર્ડ મોકલો છો તોપણ ફોન જરૂર કરો અને તેમના ખબરઅંતર પૂછીને તેમને આમંત્રણની વાત કરો. કારણ કે કેટલાક લોકો વૉટ્સએપ પર ખૂબ ઓછા એક્ટિવ રહે છે. બની શકે છે તે તમારું કાર્ડ જોવે પણ નહીં અને લગ્ન કે પાર્ટીમાં પહોંચે પણ નહીં.

ફોન ન ઉઠાવવાનાં હજારો બહાનાં હોઈ શકે છે. ફોને આપણને આજની તારીખમાં એ સુવિધા આપી દીધી છે કે જો તમારે કોઈ સાથે વાત નથી કરવી, તેની સાથે સંબંધ નથી રાખવો, તમારા સંબંધો આગળ વધારવા નથી તો તમે ફોન ઉઠાવતા નથી. આ બધું કરવાના બદલે તમે ફોન ઉપાડીને સીધું બોલી દો કે તમે તેમની સાથે સંપર્ક રાખવા માંગતા નથી તો એ વધુ યોગ્ય રહ્યું હોત. કોઈનો મિસ કોલ જોઈને ફરીથી ફોન ન કરવો, કોઈનો ફોન ન ઉપાડવો. મિસ કોલ જોઈને ફોન ન કરવાને પોતાની ભૂલ ના માનવી. આ નાના શિષ્ટાચાર છે જેને આપણે ગંભીરતાથી લેતા નથી. આ પ્રકારના એટીકેટ્સથી તમારું ખરાબ વર્તન બહાર આવે છે. જીવનમાં તમામ બાબતે નિખાલસતા ખૂબ જરૂરી છે.

જો તમે કોઈના ઘરે જઈ રહ્યા છો તો તેના ઘરની બહારથી બૂમો પાડીને તેને નીચે ના બોલાવો. તેના બદલે ધીમેથી તેના ઘરે થોડો સમય જઈને જે કામ કરવાનું છે તે કામ કરો કારણ કે અનેક લોકો વારંવાર બોલાવવા પર નીચે આવવાનું પસંદ કરતા નથી. આ પણ દૈનિક જીવન સાથે જોડાયેલ શિષ્ટાચાર છે જેને ધ્યાનમાં રાખવો જરૂરી છે.

તમારા ઘરમાં કોઈ મહેમાન આવ્યા હોય તો અને તમારે કોઈનાં લગ્ન કે પાર્ટીમાં જવાનું છે તો જો તમે મહેમાનને એકલા છોડવા માંગતા નથી અને તમે ઈચ્છો છો કે મહેમાન પણ તમારી સાથે ચાલે. એવામાં તમે જેના ફંક્શનમાં જઈ રહ્યા છો તેની પરમિશન

લેવી જરૂરી છે. કારણ કે તેમને ખોટું ના લાગે.

સમયનું પાલન કરો. જીવનમાં તમામ સમયે સન્માન કરવાનું શીખો. કોઈનાં લગ્ન અને ફંક્શનમાં જવાનું હોય તો થોડા સમય અગાઉ પહોંચી જાવ, તેમની સાથે સમય પસાર કરો. કોઈ પણ સ્થળે મોડા પહોંચવાની એક એવી આદત છે જેનાથી તમને તો પરેશાની થશે, પણ બીજાને પણ મુશ્કેલીઓ થશે.

પીનારા લોકોને પીવાનું બહાનું જોઈએ. આ તમે સાંભળ્યું જ હશે. આવા લોકો પીવા માટે કોઈ ને કોઈ બહાનાં શોધી લે છે. આપણી આસપાસ અનેક એવા લોકો હોય છે જે વાત વાત પર બીજા પાસે ટ્રીટ માંગે છે.બર્થ-ડે હોય કે કોઈની પણ એનિવર્સરી, કોઈ ખુશીનો પ્રસંગ, તેઓને ફક્ત પોતાની ટ્રીટથી મતબલ હોય છે. વાસ્તવમાં કોઈ પાસે બળજબરીપૂર્વક ટ્રીટ લેવી, તેમને ખર્ચ કરાવવો યોગ્ય શિષ્ટાચાર નથી. ટ્રીટ માગવા પહેલાં એ ધ્યાનમાં રાખો કે તમારી પાસે પણ કોઈ ટ્રીટ માગી શકે છે. કોઈને ખર્ચ કરવાની ઈચ્છા ના હોય કારણ કે તેમની પાસે પૈસા ના પણ હોય. એટલા માટે ટ્રીટ માંગતા પહેલા અનેકવાર વિચારો.

**જો તમે કોઈના ઘરે જઈ રહ્યા છો તો તેના ઘરની બહારથી બૂમો પાડીને તેને નીચે ના બોલાવો. તેના બદલે ધીમેથી તેના ઘરે થોડો સમય જઈને જે કામ કરવાનું છે તે કામ કરો કારણ કે અનેક લોકો વારંવાર બોલાવવા પર નીચે આવવાનું પસંદ કરતા નથી. આ પણ દૈનિક જીવન સાથે જોડાયેલ શિષ્ટાચાર છે જેને ધ્યાનમાં રાખવો જરૂરી છે.તમારા ઘરમાં કોઈ મહેમાન આવ્યા હોય તો અને તમારે કોઇનાં લગ્ન કે પાર્ટીમાં જવાનું છે તો જો તમે મહેમાનને એકલા છોડવા માંગતા નથી અને તમે ઇચ્છો છો કે મહેમાન પણ તમારી સાથે ચાલે. એવામાં તમે જેના ફંક્શનમાં જઈ રહ્યા છો તેની પરમિશન લેવી જરૂરી છે. કારણ કે તેમને ખોટું ના લાગે.**




# વલો કચ્છઃ જ્યુબિલી હોસ્પિટલઃ જૂની ઇમારત સાથે નવી સ્મૃતિઓ ઊભી થાય તે જરૂરી

ભુજ શહેરના સરપટ નાકા પાસે ભવ્ય અને ઐતિહાસિક ઈમારત જયુબિલી હૉસ્પિટલ સમયના અનેક પડછાયાઓમાંથી પસાર થઈ આજે એક અસ્થિર પ્રતીક બનીને ઊભી છે. ઓગણીસમી સદીનું એ બાંધકામ સ્થાપત્યની દૃષ્ટિએ અને ભુજના આરોગ્યસેતુનો એક અનન્ય ભાગરૂપ ગણી શકાય તેવું છે. એની ગાથા ભવિષ્ય માટે મહત્ત્વપૂર્ણ સાબિત થાય તેમ છે.

આ હૉસ્પિટલની શરૂઆત ઈ.સ. ૧૮૪૯માં થઈ હતી. ઈ.સ. ૧૮૬૦માં ૧૦ બેડની સગવડ હૉસ્પિટલમાં ઊભી કરાઈ હતી. ઈ.સ. ૧૮૮૭માં કૈસરે-હિંદ તરીકે ઓળખાતાં બ્રિટનનાં રાણી વિક્ટોરિયાના શાસનને પચાસ વર્ષ પૂર્ણ થયાંના અવસરને ધામધૂમથી ઊજવાયો હતો ત્યારે આ હૉસ્પિટલનું વિસ્તૃતિકરણ કરવામાં આવ્યું અને ત્યારથી તેનું નામ જયુબિલી હૉસ્પિટલ રાખવામાં આવ્યું. તેનો પાયો ડ્યુક ઑફ કોનેટના હસ્તે નાખવામાં આવ્યો હતો.ભુજના જાણીતા ઈતિહાસવિદ નરેશભાઈ અંતાણીના પુસ્તક તવારીખી તેજછાયા'ની નોંધ મુજબ,તાઃ ૧૬ તથા ૧૭ ફેબ્રુઆરી ૧૮૮૭ના દિવસે આ ઉજવણી કરવામાં આવી હતી અને તેની ઉજવણીની વિગતો કચ્છ દરબારી રાજયના ૨૪મી ફેબ્રુઆરી ૧૮૮૭ના ૧૭મા અંકમાં એક જાહેરનામા દ્વારા અપાઈ છે. દરબારમાં વિક્ટોરિયા રાણીને મોકલવાનો સોનાના કેસ સહિતનો અભિવાદન પત્ર મહારાવે ગુડફેલોને આપ્યો અને તેનું વાંચન પણ કરાયું હતું. આ પ્રસંગની ઉજવણીના ભાગરૂપે ભુજમાં જયુબિલી હૉસ્પિટલ તથા માંડવીમાં તળાવનું બાંધકામ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.૧૦૧ તોપોની સલામી આપવામાં આવી, ભુજ શહેરનાં પાંચ નાકાઓ પર હંગામી રસોડાં બાંધી ગરીબોને ભોજન આપવામાં આવ્યું અને બપોરના ખારસરાના મેદાનમાં ખાસ જાહેર સમારંભ યોજવામાં આવ્યો હતો જેમાં ભુજ શહેરની નાનીબા પાઠશાળાના વિદ્યાર્થીઓએ સંસ્કૃતમાં, ગુજરાતી શાળાના વિદ્યાર્થીઓએ ગુજરાતીમાં, પોશાળના વિદ્યાર્થીઓએ વૃજભાષામાં તથા અંગ્રેજી શાળાના વિદ્યાર્થીઓએ અંગ્રેજીમાં કાર્યક્રમ રજૂ કર્યો હતો. તે સિવાય વિવિધ રમતો, સ્પર્ધા તથા ઘોડાઓની વિવિધ રમતો અને રેસ યોજવામાં આવી હતી. વિજેતાઓને ૩૦ કોરીથી ૫ કોરી સુધીનાં ઈનામો પણ અપાયાં હતાં.'લેખકે મુલાકાત માટે આ બિલ્ડિંગને અડીને આવેલા શિવ મંદિરના પૂજારી રાજુભાઈ જોશીની મદદ લીધી હતી હૉસ્પિટલના એક ગેટની ચાવી એમની પાસે હોય છે અને બીજી આયુર્વેદિક હૉસ્પિટલના સ્ટાફ પાસે, બંને સવારે ૯થી ૧૨ સુધી ખોલી આપવામાં આવે છે. સદીઓથી કચ્છ અનેક કુદરતી આફતોનો સામનો કરતું આવ્યું છે.૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના વિનાશકારી ભૂકંપે અનેક ઐતિહાસિક સ્મારકોને બાનમાં લીધાં જેમાં ગૌરવભર્યા ઈતિહાસની સાક્ષીરૂપ આ ઐતિહાસિક હૉસ્પિટલ નબળી દીવાલો અને તૂટી પડેલી છતોથી વિખેરાતી ભવિષ્યની રાહ જોઈ રહી છે. આ હૉસ્પિટલનું સંતુલિત વિકાસ પામવું જરૂરી હતું, પરંતુ આજે અઢી દાયકાનો સમય વીતી ચૂક્યો છે અને તેનું સાચું સંવર્ધન થયું નથી. હૉસ્પિટલની ચારે તરફ બાવળિયાઓએ ઘેરો ઘાલ્યો છે, સ્વચ્છતા અને સલામતીના અભાવે આ બિલ્ડિંગ મુલાકાતભોગ્ય નથી. ઈતિહાસને માત્ર વાંચી ન શકાય, તેને જીવવો પડે છે, જતન કરવું પડે છે. ભવિષ્ય માટે, આ જૂની ઈમારત સાથે નવી સ્મૃતિઓ ઊભી થાય એવા શુભાશય સાથે અસ્તુ.ભાવાનુવાદઃ ભુજજે સરપટ નાકે વટ ભવ્ય ને ઐતિહાસિક ઈમારત જયુબિલી હૉસ્પિટલ સમયજી કિઈક થપાટું ખાઇને અજ હિકડ઼ી અસ્થિર પ્રતીક ભનીને ઉભી આય. ઉનૈ સધિજો હી બાંધકામ સ્થાપત્યજી નજરેં તીં ભુજજે આરોગ્યસેતુજો હી આઉગો નમૂનો ગણી સગાજે તી આય. હી ગાથા ભવિસ જે માટે મહત્વપૂર્ણ સાભિત થિએ તી આય.હિન હૉસ્પિટલજી સરૂઆત ઇ.સ. ૧૮૪૯મેં થિઇ હૂઇ. ઇ.સ. ૧૮૬૦મેં ડો ખાટલેજી સગવડ઼ હોસ્પિલમેં ઉભી કરેમેં આવઇ હૂઇ. ઇ.સ. ૧૮૮૭મેં કૈસરે-હિંદ તરીકેં ઓરંખાધા બ્રિટનજા રાણી વિક્ટોરીયાજે શાસનકે પંજા વરે પૂરે થે જે પ્રિસંગકે ધામધૂમસે ઉજવેમેં આયો હો તેર હિન હૉસ્પિટલજો વિસ્તૃતિકરણ કેમેં આયો ને તેરનું ઇનજો નાંલો જયુબિલી હૉસ્પિટલ રખેમેં આયો, તેંજો પાયો ડ્યુક ઓફ કોનેટજે હથે ખોડ઼ે મેં આયો હો.લેખક મુલાકાત લા હિન બિલ્ડીગકે અડીને આવલ શિવ મિંધરજા પુજારી રાજુભા જોશીજી મધધ ગ઼ ડ઼ી હૂઇ. હૉસ્પિટલજે હિકડ઼ે ગેટજી ચાવી ઇની વટ તીં બિઇ આયુર્વેદિક હૉસ્પિટલજે સ્ટાફ વટ હોયતિ, બોય સવારો ૯ નું ૧૨ તંઇ ખુલી રખેમેં અચેંતા. સધિએંનું કચ્છ કિઇક કુધરતી આફતુંજો સામનો કરીધો આયો આય. ૨૬ જાન્યુઆરી ૨૦૦૧જે કારે ભૂકંપજે લીધેં કિઇક ઐતિહાસિક સ્મારકેંકે નુકસાન થ્યા વા તેમેં હી ગૌરવભરલ ઈતિહાસજી સાક્ષીરૂપ હૉસ્પિટલ ૫ નબરી ધિવાલું નેં તૂટલ છતેંસે વિખરાઇને ભવિષજી વાટ નેરંધિ ઉભી આય.



## પશ્ચિમ રેલવે સ્પેશિયલ ટ્રેનોની 3 જોડી ટ્રીપ્સ લંબાવાશે

| ટ્રેન નં | થી | સુધી | દોડાવવાનો દિવસો | સુધી લંબાવેલ |
|---|---|---|---|---|
| ૦૯૨૦૭ | બાંદ્રા ટર્મિનસ | ભાવનગર ટર્મિનસ | શુક્રવાર | ૨૭.૦૬.૨૦૨૫ |
| ૦૯૨૦૮ | ભાવનગર ટર્મિનસ | બાંદ્રા ટર્મિનસ | ગુરુવાર | ૨૬.૦૬.૨૦૨૫ |
| ૦૯૪૧૫ | બાંદ્રા ટર્મિનસ | ગાંધીધામ | ગુરુવાર | ૨૬.૦૬.૨૦૨૫ |
| ૦૯૪૧૬ | ગાંધીધામ | બાંદ્રા ટર્મિનસ | ગુરુવાર | ૨૬.૦૬.૨૦૨૫ |
| ૦૯૦૫૫ | બાંદ્રા ટર્મિનસ | ઉધના | અઠવાડિયામાં ૫ દિવસ | ૩૦.૦૬.૨૦૨૫ |
| ૦૯૦૫૬ | ઉધના | બાંદ્રા ટર્મિનસ | અઠવાડિયામાં ૫ દિવસ | ૩૦.૦૬.૨૦૨૫ |

સમય, રોકાણો તથા સંરચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે, યાત્રીઓ કૃપા કરી www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો.

ટ્રેન નં.૦૯૨૦૭, ૦૯૨૦૮, ૦૯૪૧૫, ૦૯૪૧૬, ૦૯૦૫૫ અને ૦૯૦૫૬મનું બુકિં ૨૭.૦૩.૨૦૨૫થી તમામ પીઆરએસ કાઉન્ટરો અન આઈઆરસીટસ વેબસાઈટ પર શરૂ થશે . ઉપરોક્ત તમામ ટ્રેનો વિશેષ ભાડે સ્પેશિયલ ટ્રેનો રૂપે દોડાવાશે

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
facebook.com/WesternRly
X.com/WesternRly

તમામ આરક્ષિત ટિકિટો માટે કૃપા કરી તમારું અસલ ઓળખપત્ર સાથે રાખો

તંત્રી લેખ...-

બુધવાર, તા.૨૬ માર્ચ ૨૦૨૫

# બંધારણના બહાને

બંધારણ બદલવા અને ના બદલવા પર ફરીથી રાજકારણ ગરમાવું હવે ચોંકાવતું નથી. કર્ણાટકથી લઈને દિલ્હી સુધી ફરીથી બંધારણ બચાવવાનું રાજકીય અભિયાન હાવી થઈ ગયું છે. ગત લોકસભા ચૂંટણીમાં ભાજપ વિરુદ્ધ બંધારણ બદલવાનું જૂઠ્ઠાણું ચલાવનાર કોંગ્રેસ ખુદ નિશાના પર આવી છે. અસલમાં કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર ઓબીસી કોટામાં પછાત મુસ્લિમોને અનામત આપવા જઈ રહી છે અને આ સંદર્ભે ઉપમુખ્યમંત્રી ડીકે શિવકુમારે કહ્યું કે બંધારણ અંતર્ગત અનામત આપવી શક્ય ન હોય તો તેઓ બંધારણ પણ બદલી નાખશે! એટલે કોંગ્રેસ તુષ્ટીકરણના રાજકારણને પોષવા માટે હવે બંધારણમાં સુધારો કરવા ઉતાવળી થઈ છે. કોંગી નેતાઓનો મિજાજ એવો થઈ ગયો છે કે સંશોધન એ બદલાવ વચ્ચે પણ તક સાધી લે છે. હવે ડીકે શિવકુમાર સફાઈ આપતા ફરે છે કે તેમના નિવેદનને તોડી-મરોડીને રજૂ કરવામાં આવ્યું અને તે બંધારણમાં બદલાવનો પ્રસ્તાવ ક્યારેય નહીં મૂકે. તેમ છતાં સત્ય એ જ છે કે જો ધર્મ આધારિત અનામત આપવી હોય તો બંધારણને બદલવાની જરૂર પડશે,અને કોંગ્રેસનું ચરિત્ર એવું કરતાં અચકાય તેમ લાગતી નથી.

આશ્ચર્ય નહીં કે ભાજપના એકથી વધારે મંત્રીઓએ કોંગ્રેસને આક્રમક રીતે નિશાના પર લીધી છે. અહીં યાદ રાખવું જોઈએ કે લોકસભા ચૂંટણી સમયે કોંગ્રેસ પણ બંધારણ બચાવવાના નારા સાથે બહુ આક્રમક હતી અને ખૂબ જૂઠ્ઠાણાં ચલાવ્યાં હતાં, જેનું નુક્સાન ભાજપે ઉઠાવવું પડ્યું હતું. કોંગ્રેસે બંધારણને લઈને જે હથિયાર ચલાવ્યું તું, એ જ હથિયાર ખુદ કોંગ્રેસના જ નેતાએ ભાજપના હાથમાં આપી દીધું અને તેણે બચાવમુદ્રામાં આવી જવું પડ્યું. એટલે ભાજપ શિવકુમારના સ્પષ્ટીકરણ છતાં આ મુદ્દો છોડવા નહીં માગે અને તેના પર રાજકારણ ચાલુ રહેશે. આઝાદી સમયથી જ કોંગ્રેસ તુષ્ટીકરણનું રાજકારણ રમતી આવી છે અને તેની આ નીતિને કારણે દેશના ધર્મનિરપેક્ષ માળખાને ઘણું નુક્સાન થયું છે. કોંગ્રેસના દિવંગત વડાપ્રધાન મનમોહન સિંહે તો ત્યાં સુધી કહ્યું હતું કે આ દેશનાં સંસાધનો પર મુસલમાનોનો પહેલો હક્ક છે. એ તથ્ય છે કે આઝાદી બાદ જરૂરિયાતમંદોને અનામત આપવા માટે લગભગ ૧૨ વખત બંધારણમાં સંશોધન કરવામાં આવ્યાં છે, પરંતુ આપણું બંધારણ ધાર્મિક આધાર પર અનામત આપવાનું પક્ષધર નથી. ડો.આંબેડકર પણ ધર્મને આધારે અપાતા અનામતની વિરુદ્ધમાં હતા. બંધારણ સભામાં એકમતે એ નક્કી થયું હતું કે ધર્મના આધારે કોઈ અનામત નહીં આપવામાં આવે. તેમ છતાં આખા ભારતમાંથી સમેટાતી જતી કોંગ્રેસને ધાર્મિક અનામત હવે જીવાદોરી લાગવા માંડી હોય તો આશ્ચર્ય નહીં. શક્ય છે કે ધાર્મિક આધારે અપાયેલ અનામતને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવે અને ત્યાં બંધારણની કસોટીએ ચડતાં તેને રદ્દ પણ કરી દેવામાં આવે.

**આશ્ચર્ય નહીં કે ભાજપના એકથી વધારે મંત્રીઓએ કોંગ્રેસને આક્રમક રીતે નિશાના પર લીધી છે. અહીં યાદ રાખવું જોઇએ કે લોકસભા ચૂંટણી સમયે કોંગ્રેસ પણ બંધારણ બચાવવાના નારા સાથે બહુ આક્રમક હતી**

# સમાજની મજબૂતીમાં સુરક્ષિત ભવિષ્ય

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)એ બાંગ્લાદેશમાં કટ્ટરપંથી તત્ત્વો દ્વારા હિંદુ અને અન્ય અલ્પસંખ્યક સમુદાયો વિરુદ્ધ હિંસા અને સતામણીનો મુદ્દો પૂરજોર રીતે ઉઠાવ્યો છે. જ્યારથી આ પડોશી દેશમાં સત્તા પરિવર્તન થયું છે, ત્યારથી ત્યાં અલ્પસંખ્યકોનું જીવવું દુષ્કર થઈ ગયું છે. શરૂઆતમાં મોટાભાગના દેશો અને વરિષ્ઠ નેતાઓએ આખા ઘટનાક્રમ પર ચૂપકિદી રાખી, પરંતુ જ્યારે સોશ્યલ મીડિયાએ સંપૂર્ણ સત્ય સામે મૂક્યું તો હ સિંના વિરોધમાં ઠેરઠેરથી અવાજો ઉઠવા લાગ્યા. બાંગ્લાદેશમાં હિંદુઓ સહિત તમામ અલ્પસંખ્યકોમાં મોટી સંખ્યા એ લોકોની છે જે ગરીબ છે. એમના પર પહેલાં પણ બહુ અત્યાચારો થયા છે. તેમને પોતાની સુરક્ષાને લઈને સૌથી વધુ આશા ભારત પાસે છે. અહીં નેતાઓનો એક વર્ગ વોટબેંકના રાજકારણને લીધે બાંગ્લાદેશમાં બબાલ અને ઉત્પીડન પર ચૂપ જ રહ્યો હતો. તેણે સોશ્યલ મીડિયા પર ચોતરફી ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે જોયું કે હવે ચૂપ નહીં રહી શકાય તો નિવેદન આપવાં શરૂ કર્યાં, પરંતુ તેની સાથે કેટલાક શબ્દો એટલી સફાઈથી જોડી દીધા, જેથી પોતાની વાત કહી દેવાય અને રાજકીય નુક્સાન પણ ન થાય. હા, ભારતમાં કેટલાંય સંગઠનોએ રેલીઓ કાઢી, બાંગ્લાદેશી હિંદુઓની રક્ષા માટે ખૂલીને અવાજ ઉઠાવ્યો. અમેરિકામાં પણ પ્રદર્શનો થયાં. ત્યાં સંગઠનોના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ ખૂલીને કૃું કે બાંગ્લાદેશી હિંદુઓનું જીવન મહત્વનું છે, તેમની રક્ષા થવી જોઈએ.આ જ ક્રમમાં હવે આરએસએસના શીર્ષ નિર્ણાયક મંડળ અખિલ ભારતીય પ્રતિનિધિ સભા (એબીપીએસ)ની બેઠકમાં બાંગ્લાદેશ સંબંધે પ્રસ્તાવ પસાર કરવો સ્વાગતયોગ્ય છે. સંઘે સ્પષ્ટ કહ્યું કે બાંગ્લાદેશમાં હિંદુઓ પર અત્યાચાર માનવાધિકારોના ઉલ્લંઘનનો ગંભીર મામલો છે. ત્યાં મઠો, મંદિરો, દુર્ગાપૂજા પંડાલો અને શૈક્ષણિક સંસ્થાઓ પર હુમલા વધ્યા છે, દેવ પ્રતિમાઓનું અપમાન થયું છે. એટલું જ નહીં, હત્યાઓ, સંપત્તિઓની લૂંટ, મહિલાઓનાં અપહરણ વગેરે ઘટનાઓ પણ સામે આવી છે.વિચારો, ક્યારેક જે ભૂમિ પર 'વંદે માતરમ્' ગૂંજતું હતું, જ્યાંથી નીકળેલી રાષ્ટ્રવાદની લહેરે આખા ભારતમાં ચેતનાનો પ્રસાર કરી દીધો હતો, ત્યાં આવી હાલત કેમ પેદા થઈ ગઈ? આજે જેને 'બાંગ્લાદેશ' કહેવામાં આવે છે, ત્યાં આપણા કેટલાય તીર્થસ્થળો છે. આ દેશને આઝાદ કરાવવા માટે આપણા સૈનિકોએ પોતાનું લોહી રેડ્યું હતું. આજે ત્યાં કટ્ટરપંથીઓએ હાહાકાર મચાવ્યો છે. બાંગ્લાદેશને જોઈને સમજાય છે કે પૈસા, પ્રતિષ્ઠા, પદવી, પ્રશંસા પોતાની જગ્યાએ છે, તેની સાથે સાથે સમાજનું મજબૂત થવું બહુ જરૂરી છે. બાંગ્લાદેશમાં રહેનારા એવા હિંદુ જે લાખો-કરોડો રૂપિયાની સંપત્તિના માલિકછે, જેમના મોટા-મોટા બંગલા છે, જેઓ મોંઘી કારોમાં ફરે છે, જેમણે મોટી-મોટી ડિગ્રીઓ લીધી છે, જેમની પ્રશંસાઓ પર આધારિત કેટલાય લેખ છપાઈ ચૂક્યા છે, જેમની સોશ્યલ મીડિયા પર ખૂબ ચર્ચા છે, આજે તેઓ કેટલા સુરક્ષિત છે? જો સમાજ મજબૂત રહેશે, તો જ અનય્ ચીજોનું મહત્ત્વ રહેશે. બાંગ્લાદેશમાં એવી કેટલીય હવેલીઓ જવા મળશે, જેમાં ધનવાન હિંદુ પેઢીઓથી રહેતા હતા, પરંતુ દેશવિભાજન બાદ તેમણે રાતોરાત બધું જ છોડીને જવું પડ્યું. જેઓ એક રાત પહેલાં મુલાયમ ગાદલાં પર સૂતા હતા, તેમણે બાદમાં કેટલાંય વર્ષ જમીન પર સૂવું પડ્યું. જેમનાં વહીખાતાંમાં હજારો-લાખો રૂપિયાના હિસાબ હતા, તે એક ઝાટકે જ ડૂબી ગયા. 'મારે શું, મારું શું, મારે રાજકીય વ્યવસ્થા સાથે શો મતલબ...' આવી માનસિકતા ખતરનાક છે. સમાજને એકજુટ રાખતાં નિરંતર સુધારની પ્રક્રિયા સાથે તેને મજબૂત કરતા જવું અને સ્વસ્થ વ્યવસ્થાઓને અપનાવવામાં અગ્રણી રહીને આપણા અધિકારો માટે અવાજ ઉઠાવવો બહુ જરૂરી છે. આ કામ તમારા માટે કોઈ બીજું નહીં કરે, તમારે જ કરવું પડશે.

**સપાનાં રાજ્યસભા સાંસદ જયા બચ્ચન કુણાલ કામરાના સમર્થનમાં ઉતરી પડ્યાં છે.**

# અભિવ્યક્તિની સ્વતંત્રતા મુદ્દે ઉદારવાદીઓનાં બેવડાં કાટલાં

આપણા દેશમાં ૨૦૧૪ બાદ ચોક્કસ રાજકીય ઝોક ધરાવતા અને એકતરફી વિમર્શ ચલાવતા ઘણા સ્ટેન્ડઅપ કોમેડિયનો ફૂટી નીકળ્યા છે. એવો જ એક કોમેડિયન છે કુણાલ કામરા. તાજેતરમાં જ કોમેડિયન કુણાલ કામરાએ મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદેને 'ગદ્દાર' ગણાવ્યા. કોમેડીની આડમાં રાજકીય રોટલા શેકનારા કામરાનો આ દાવ જોકે ઊંધો પડી ગયો. શિવસેના કાર્યકર્તાઓ હવે તેનાથી નારાજ છે. અહીં શિવસેના કાર્યકર્તાઓએ જે તોડફોડ કરી છે તેને જરા પણ સમર્થન ન આપી શકાય, પરંતુ અહીં વાત કરવી છે એ અભિવ્યક્તિની આઝાદીની જેના અર્થ દરેક ઘટનામાં બદલાતા હોય છે. કથિત ઉદારવાદીઓનો એક વર્ગ એવો પણ છે જે કુણાલ કામરાની આ ધૃષ્ટતાને 'અભિવ્યક્તિની આઝાદી'નું ચમકદાર વરખ ચડાવી રહ્યો છે. લોકતાંત્રિક અધિકારોની દુહાઈ આપી રહ્યો છે. કુણાલ કામરાના સમર્થનમાં એવા લોકો પણ ઉતરી પડ્યા છે, જે થોડાં વર્ષ પહેલાં સુધી સાંસદો-ધારાસભ્યોની મિમિક્રી કરનારા લોકોનાં મોં સીવી લેવાની વકીલાત કરતા હતા.

સપાનાં રાજ્યસભા સાંસદ જયા બચ્ચન કુણાલ કામરાના સમર્થનમાં ઉતરી પડ્યાં છે. જયા બચ્ચને પૂછ્યું 'ફ્રીડમ ઓફ સ્પીચ' ક્યાં છે? તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે આખરે આવી રીતે બોલવા પર પ્રતિબંધ લગાવવામાં આવશે તો મીડિયાના શા હાલ થશે? એમ તો ભારતીય ઉદારવાદીઓ 'બોલવાની આઝાદી' જેવા શબ્દના જાપ દિવસમાં સેંકડો વાર કરે છે, પરંતુ જયા બચ્ચનના મોંઢે આવી વાતો શોભતી નથી. એવું એટલા માટે, કારણ કે શ્રીમતી બચ્ચન પોતે જ બોલવાની આઝાદીને ખતમ કરવાની વકીલાત કરતાં હતાં. ૨૦૧૪માં જયા બચ્ચન કહેતાં હતાં કે રેડિયો જોકીને સાંસદ-ધારાસભ્યોની નકલ કરવાથી રોકવામાં આવે. તેમણે માહિતી અને પ્રસારણ મંત્રાલયને એના પર રોક લગાવવાનું કહ્યું હતું. એટલે ત્યારે 'બેન' અને હવે 'આઝાદી!' જોકે આ તેમની એકલાની ભૂલ નથી, કે ના તેઓ પહેલી એવી વ્યક્તિ છે જે આવા મામલે બેવડાં કાટલાં ધરાવે છે. આ પહેલાં પણ કેટલાય એવા કિસ્સા બન્યા, જ્યારે આ ઉદારવાદી ગેંગે બોલવાની આઝાદી પર બેવડા માપદંડો અપનાવ્યા છે.વધુ દિવસની વાત નથી, મરાઠી અભિનેત્રીએ શિવસેના-કોંગ્રેસ-એનસીપીની સરકાર દરમ્યાન શરદ પવારની ટીકા કરતી એક કવિતા વહેતી મૂકી હતી. તેનું નામ હતું કેતકી ચિતાલે. કેતકી પર ત્યારબાદ ૨૨ એફઆઈઆર કરવામાં આવી હતી અને તેણે ૪૦ દિવસ સુધી જેલમાં સબડવું પડ્યું હતું. ત્યારે અભિવ્યક્તિની આઝાદી, કોમેડી, રચનાત્મક સ્વતંત્રતા જેવી વાતો જયા બચ્ચન જેવા લિબરલોના ધ્યાનમાં પણ ન આવી.

કેતકી ચિતાલે એકલી જ આ બેવડાં ધોરણોની પીડિત નથી. રિપબ્લિક ટીવીના એન્કર અર્નબ ગોસ્વામીને ૨૦૨૧માં આ જ મહાયુતિ સરકારે ઘરમાંથી ઘસડીને ધરપકડ કરાવી હતી. ૨૦૧૮ના એક કેસનો હવાલો આપવામાં આવ્ય હતો. અત્યારે કુણાલ કામરા માટે લોકતંત્રના નામે મરશિયા ગાનારા ત્યારે તાર્કિકતા, કાયદાનું રાજ, ન્યાય અને એવા શબ્દોની ચાસણીમાં લપેટીને તેને યોગ્ય ઠેરવી રહ્યા હતા. કારણ કે અર્નબ સતત આ ઈકોસિસ્ટમની પોલ ખોલતો રહે છે.સોશ્યલ મીડિયાના એક્ટિવિસ્ટ સમેત ઠક્કરને ૨૦૨૦માં આ જ મહાયુતિ સરકારે ૨૦૦ પોલીસોને મોકલીને ઉઠાવી લીધો હતો, કારણ કે તેણે ઉદ્ધવ ઠાકરેની સરકાર અને તેના મંત્રીઓની ટીકા કરી હતી. તેને પણ ૨૧ દિવસ જેલમાં રાખવામાં આવ્યો હતો. ત્યારે પણ લિબરલોએ અભિવ્યક્તિની આઝાદી જેવા પેરામીટર લાગુ નહોતા કર્યા.જે કુણાલ કામરા માટે આજે કોંગ્રેસ અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના આ બધી દુહાઈ આપી રહી છે તેમને તો બોલવાનો અધિકાર જ નથી. સોશ્યલ મીડિયા એક્ટિવિસ્ટ સુનૈના હોલેએ એકવાર મહારાષ્ટ્ર સરકારની ટીકા કરી દીધી, તો તેણે પણ એફઆઈઆરનો સામનો કરવો પડ્યો. તેની ધરપકડ કરી લેવાઈ. અંતે તેના વિરુદ્ધની એફઆઈઆર કોર્ટે રદ્દ કરી દીધી હતી. તેના સમયે પણ અભિવ્યક્તિની આઝાદીની વાતો હવા થઈ ગઈ હતી.સૌથી વધુ દોગલાપણું તો કુણાલ કામરાનું વિક્ટિમ કાર્ડ ખેલવાનું જ છે. આ જ મહાયુતિ સરકારે અભિનેત્રી કંગના રાણાવતની ઓફિસ પર બુલડોઝર ચલાવ્યું હતું. આ બધું દબાણના નામે કરાયું હતું. આજે જે કામરા આઝાદીનાં રોદણાં રડી રહ્યો છે, ત્યારે તેણે જ સંજય રાઉત સાથે બુલડોઝરનાં રમકડાં મેજ પર મૂકીને પોડકાસ્ટ કર્યું હતું અને અટ્ટહાસ્ય કર્યું હતું. તેણે બુલડોઝર એક્શનને યોગ્ય ગણાવી પૂરતું સમર્થન આપ્યું હતું. હવે જો તેના વિરુદ્ધ શિવસૈનિકો ગુસ્સે ભરાયા છે તો તે વિક્ટિમ કેમ બની રહ્યો છે?

અસલ વાત એ છે કે લિબરલ ગેંગમાં ના કોઈને અભિવ્યક્તિની આઝાદીની પડી છે, ના કોઈને કલાકારોની રચનાત્મકતાની. વાત એટલી છે કે અમે કરીએ તે લીલા...! આ સિલેક્ટિવ એપ્રોચ હંમેશાં આ ગેંગ અપનાવતી આવી છે. તેના માટે લોકતંત્ર ત્યારે જ મરે છે, જ્યારે આ ગેંગનો કોઈ કંઈક આડુંઅવળું બોલીને સકંજામાં આવ્યો હોય. જ્યારે વાત સામેવાળા જૂથની હોય તો 'એવું ન બોલવું જોઈએ' અને 'કાયદો પોતાનું કામ કરશે' એવી વાતો ચાલે છે.ઘણાં ઉદાહરણો હજુ બાકી છે. હાલમાં જ તેલંગણામાં બે મહિલા પત્રકારોને ખુદ સીએમ રેવંત રેડ્ડીએ ધમકી આપી હતી. રેડ્ડીએ કહ્યું હતું, 'એમ ના વિચારશો કે હું ચૂપ છું, કારણ કે હું મુખ્યમંત્રી છું. હું તમને નાગા કરી દઈશ અને મારીશ. એવા લાખો લોકો છે જે મારા આહ્વાન પર તમને મારવા માટે સડકો પર ઉતરી આવશે. પરંતુ હું મારા પદને કારણે સહનશીલ રહ્યો છું.' એક નિષ્ફળ કોમેડિયન પાછળ હાથ બાંધીને ઊભેલી આ ગેંગમાંથી એક પણ વ્યક્તિ ત્યારે રેવંત રેડ્ડી વિરુદ્ધ ન બોલ્યો. ના તેને બંધારણની ચિંતા થઈ! જ્યારે મશ્કરા કામરાએ એકનાથ શિંદે પર અશોભનીય ટિપ્પણી કરી અને તેના પર કાયદાકીય કાર્યવાહી થવા લાગી તો બંધારણ તરત ખતમ થવા લાગ્યું! અભિવ્યક્તિની આઝાદી ખતરામાં પડી ગઈ! આ ગેંગની આ જ ચાલ અને ચરિત્ર છે.

**આલમ ખાન ૧૫૨૩માં કાબુલમાં બાબરના દરબારમાં પણ ગયા**

# પરિસીમન મુદ્દે રાષ્ટ્રીય સહમતિની જરૂર

**રાણા સાંગા તો રામજીલાલ સુમન નહોતા ત્યારે પણ મહાનતમ યોદ્ધા હતા**

ભારતમાં ઈતિહાસને વિકૃત રીતે રજૂ કરવાની ફેશન થઈ ગઈ છે. જેને ઈતિહાસમાં કશી ખબર પડતી નથી કે જેમણે ઈતિહાસ વાંચ્યો જ નથી એવા લોકો પણ ઈતિહાસ વિશે ફેંકાફેંક કરે છે. વૉટ્સએપ પર તો આવા ઈતિહાસવિદોનો રાફડો ફાટેલો છે. એ લોકો ઈતિહાસના નામે એવી એવી વાતો લઈ આવે છે કે જે સાંભળીને આપણું મગજ ચકરાઈ જાય. રાજકારણીઓ તો ઈતિહાસની પત્તર ખાંડીને પોતાના સ્વાર્થ માટે મનફાવે એવાં જૂઠાણાં ફેલાવવામાં સૌથી વધારે માહિર છે.

પહેલાં કૉંગ્રેસ અને ડાબેરીઓ આ મામલે વર્લ્ડ ચેમ્પિયન હતા, પણ છેલ્લાં કેટલાંક વરસોથી આ તાજ ભાજપ અને હિંદુવાદી સંગઠનોના માથે છે. એ લોકોએ અત્યારે ઈતિહાસને વિકૃત રીતે રજૂ કરવામાં ને ઈતિહાસને નામે વૉટ્સએપ પર જૂઠાણાં ફેલાવવામાં બધાને પાછળ છોડી દીધા છે, પણ બીજા નેતાઓ પણ પાછળ નથી તેનું તાજું ઉદાહરણ ઉત્તર પ્રદેશના સમાજવાદી પાર્ટીના રાજ્યસભા સાંસદ રામજી લાલ સુમને રાણા સાંગા વિશે પ્રગટ કરેલું મહાજ્ઞાન છે.રાણા સાંગા મેવાડના રાજા હતા ને તેમનું મૂળ નામ મહારાણા સંગ્રામ સિંહ હતું. રામજીલાલ સુમને દાવો કર્યો છે કે, રાણા સાંગા 'ગદ્દાર' હતા કેમ કે તેમણે મોગલ બાદશાહ બાબરને ઈબ્રાહીમ લોદીને હરાવવા માટે ભારત પર આક્રમણ કરવા નિમંત્રણ આપ્યું હતું.ઔરંગઝેબ મામલે હમણાં બબાલ ચાલી રહી છે તેમાં રામજીલાલને ઔરંગઝેબ પર હેત ઊભરાઈ આવેલું કેમ કે સમાજવાદી પાર્ટીની મતબૅન્ક મુસ્લિમોની છે. આ મતબૅન્કને સાચવવા માટે તેમણે જ્ઞાન પીરસ્યું કે, ભારતીય મુસ્લિમો બાબરને પોતાનો આદર્શ નથી માનતા. ભારતીય મુસ્લિમો પયગંબર મુહમ્મદ અને સૂફી પરંપરાનું પાલન કરે છે, પણ મારો સવાલ છે કે, બાબરને અહીં કોણ લાવ્યું? રાણા સાંગાએ બાબરને ઈબ્રાહિમ લોદીને હરાવવા ભારત પર આક્રમણ કરવા નિમંત્રણ આપ્યું હતું. આ સંજોગોમાં મુસ્લિમોને બાબરના વંશજ કહેવામાં આવતા હોય તો હિન્દુઓ દેશદ્રોહી રાણા સાંગાના વંશજ ગણાવા જોઈએ. આપણે બાબરની ટીકા કરીએ છીએ, પણ રાણા સાંગાની ટીકા કેમ નથી કરતા?રામજીલાલ સુમનના બકવાસ સામે ભડકો થઈ ગયો છે. ભાજપ અને હિંદુવાદી સંગઠનો મેદાનમાં આવી ગયાં છે તો અખિલેશ યાદવ પોતાના સાંસદના સમર્થનમાં કૂદ્યા છે. અખિલેશનું કહેવું છે કે, રામજીલાલ સુમને ઈતિહાસના પુસ્તકમાં લખાયેલી વાતનો ઉલ્લેખ કર્યો છે તેથી ખોટું કશું કહ્યું નથી. અખિલેશ લોકો સામે અડધું સત્ય રજૂ કરી રહ્યા છે. રાણા સાંગાએ બાબરને ભારત આવવા નિમંત્રણ આપેલું એવો ઉલ્લેખ એક જ પુસ્તકમાં છે અને આ પુસ્તક 'બાબરનામા' છે.બાબરે પોતાની આત્મકથા અથવા સંસ્મરણો, 'બાબરનામા'માં રાણા સાંગાના આમંત્રણનો ઉલ્લેખ કર્યો છે, પણ તેની કોઈ વિગતો આપી નથી. રાણા સાંગા વતી કોણ નિમંત્રણ આપવા આવેલું એવો કોઈ ઉલ્લેખ નથી. બાબરની રાજધાની કાબુલ હતી ને આજની જેમ ફોન તો હતા નહીં કે રાણા સાંગાએ ફોન ઘુમાવીને બાબર સાથે વાત કરીને ભારત આવવા કહી દીધું હોય? બાબરને નિમંત્રણ આપવા કોઈને તો મોકલ્યો જ હોય, પણ એવો ઉલ્લેખ નથી.વાસ્તવમાં બાબરે રાણા સાંગાની મદદ માગી હતી કેમ કે રાણા સાંગા અને ઈબ્રાહીમ લોદી વચ્ચેની દુશ્મનાવટ જગજાહેર હતી અને રાણા સાંગાએ લોદીને ઘણી વાર હરાવ્યો હતો. બાબરે પોતે ચાર વાર લોદીને હરાવવા કોશિશ કરેલી પણ ફાવ્યો નહોતો. બાબરે ૧૫૦૩માં, પછી ૧૫૦૪માં, ૧૫૧૮માં અને ૧૫૧૯માં ભારત પર હુમલો કર્યો હતો, પણ સફળ થઈ શક્યો નહોતો, તેથી રાણા સાંગાની મદદથી લોદીને હરાવીને દિલ્હી સલ્તનત પર કબજો કરવા માગતો હતો, પણ રાણાએ આ ઑફર નકારી કાઢેલી.બીજી એક મહત્ત્વની વાત એ છે કે, બાબરનામામાં બાબરને ભારત આવવા માટે કહેણ મોકલનારા બીજા લોકોની મુલાકાતોની વિસ્તૃત વિગતો લખાયેલી છે. પંજાબનો ગવર્નર દૌલત ખાન દિલ્હીના સુલતાન ઈબ્રાહીમ લોદીની જગ્યા લેવા માંગતો હતો. ઈબ્રાહીમ લોદીનો કાકો અલ્લાઉદ્દીન લોદી પણ સલ્તનત કબજે કરવા માંગતો હતો. સુલતાન સિકંદર લોદીનો ભાઈ આલામખાન લોદી પણ બાદશાહ બનવા થનગનતો હતો. આ લોકોએ ભેગા થઈને ઈબ્રાહીમ લોદીને હરાવવા માટે બાબરની મદદ માંગી હતી.

આલમ ખાન ૧૫૨૩માં કાબુલમાં બાબરના દરબારમાં પણ ગયો હતો. આલમ ખાન લોદીએ બાબરને ભારતમાં રાજકીય અસ્થિરતા હોવાની માહિતી આપીને કહેલું કે, લોહા ગરમ હૈ માર દો હથોડા. આલમ ખાનની વાત પર ભરોસો કરવાના બદલે બાબરે જાતે પોતાનો દૂત પંજાબ મોકલ્યો હતો. દૂતે બાબર માટે અનુકૂળ સંજોગો હોવાનો રીપોર્ટ આપતાં બાબરે રાણા સાંગાને પોતાને સાથ આપવા કહેણ મોકલેલું, પણ સાંગા તૈયાર નહોતા થયા.બાબરે ૧૫૨૬માં ઈબ્રાહીમ લોદી પર હુમલો કર્યો ને લોદીને હરાવીને સત્તા કબજે કરી. રાણા સાંગા સામે અનેક વાર હારીને નબળા પડી ગયેલા ઈબ્રાહીમ લોદીને પાણીપતના યુદ્ધમાં બાબરે ખરાબ રીતે હરાવીને હિન્દુસ્તાનની ગાદી પર કબજો કરી લીધો હતો. એ પછી બાબરે રાણા સાંગાને હરાવવા આક્રમણ કર્યું ત્યારે રાણા સાંગાએ બાબરને હરાવેલો. આ ઈતિહાસ છે ને વરસોથી લીલા કલરનાં ચશ્માં પહેરીને બધું જોવા માટે ટેવાયેલા રામજીલાલ સુમન આ ઈતિહાસ જાણતા હોય તોપણ તેનો ઉલ્લેખ ના જ કરે. ખેર, તેનાથ કોઈ ફરક પડતો નથી કેમ કે કોઈ રામજીલાલ સુમન કે અખિલેશ યાદવના કહેવાથી ઈતિહાસ બદલાઈ જવાનો નથી.

રાણા સાંગા ભારતના મહાનતમ રાજાઓમાંથી એક હતા ને તેમની બહાદુરીને રાજસ્થાનના રાજાઓનો ઈતિહાસ લખનારા જેમ્સ ટોડ જેવા અંગ્રેજ ઈતિહાસકારે પણ વખાણી છે. રાણા સાંગા તો રામજીલાલ સુમન નહોતા ત્યારે પણ મહાનતમ યોદ્ધા હતા જ ને રામજીલાલ સુમન નહીં હોય ત્યારે પણ રહેવાના છે. રાણા સાંગાની મહાનતા અને વીરતાનાં પુસ્તકો લખાયાં છે એ વાંચશો તો ખ્યાલ આવશે કે, સાંગા ઈતિહાસપુરુષ હતા, ઈતિહાસ રચનારા મહાન માણસ હતા ને એક રાજકારણીના સર્ટિફિકેટની તેમને જરૂર નથી.કમનસીબી એ છે કે, ભારતના રાજકારણીઓ પોતાની મર્યાદા સમજતા નથી અને પોતાના સ્વાર્થ ખાતર બીજાને ગાળો દેવાની હલકી માનસિકતાનું પ્રદર્શન કર્યા કરે છે. રામજીલાલ સુમન તો છીંડે ચડેલા ચોર છે, બાકી આ માનસિકતા બધા રાજકારણીઓમાં છે. ભાજપ પણ જવાહરલાલ નહેરુ સહિતના કૉંગ્રેસના નેતાઓને ગાળો આપીને એ ધંધો કરે જ છે ને?

**હાર્વર્ડ યુનિવર્સિટીએ ૧૯૩૮ માં રિસર્ચ કરવાનું ચાલુ કર્યું તેના ૮૫-વર્ષના અભ્યાસમાં જાણવા મળ્યું છે**

# મિત્રતા એટલે વાત વિનાની વાતો અને નાત વગરનો નાતો

**પહેલા તો સરકારે ના પાડી હતી પરંતુ લોકોના ગુસ્સાને શાંત કરવા માટે યુ.એસ. સરકારે લગભગ ૨૧ વર્ષ પછી ૧૯૫૮માં આ પ્રસ્તાવને મંજૂર કર્યો.**

દુનિયામાં દોસ્તીનો સંબધ ના હોત, તો ખબર જ ના પડત કે, પારકા પણ પોતાનાથી વધારે પ્રેમ કરી શકે છે.મિત્રતા એટલે અવ્યક્ત લાગણીનો રોજ ઉજવાતો મહોત્સવ.દોસ્તીનો સંબંધ બધા સંબંધોથી ઉપર છે. કોઈ સ્વાર્થ નહી, કોઈ અભિમાન નહીં, સારું લગાડવાનો કોઈ ભાર નહીં અને ખરાબ લાગી જવાનો કોઈ ભય નહી, આવું માત્ર ને માત્ર દોસ્તીમાં જ સંભવ છે. બાકીના તમામ સંબંધમાં કંઈક ને કંઈક તકલીફો પડે છે. છોકરો હોય કે છોકરી, દરેકની લાઇફમાં દોસ્તીનું એક આગવું મહત્વ હોય છે. જિંદગીની કેટલીક વાતો અને કેટલીક ઘટનાઓ એવી હોય છે જે માત્ર ને માત્ર મિત્રને જ ખબર હોય છે. આપણા દરેક કારનામામાં મિત્ર ભાગીદાર હોય છે. આપણી મોટાભાગની સુટેવો કે કુટેવોનો આરંભ મિત્રો સાથે જ થયો હોય છે. મિત્રો પાછળ 'મરવું' નહીં, મિત્રો માટે 'જીવવું'. મિત્રો સાચા કે ખોટા, સારા કે ખરાબ, પ્રિય કે અપ્રિય હોતા જ નથી; મિત્ર મિત્ર જ હોય છે. તે બીજું કશું હોઈ જ ન શકે.

આજે પણ ભગવાન કૃષ્ણ અને સુદામાની પવિત્ર મિત્રતાને યાદ કરાય છે. મિત્રતાનો સંબંધ એ દુનિયાના બધા જ સંબંધોમાં મહત્વની કડી છે.મિત્ર, દોસ્ત આ એક એવો સંબંધ છે માણસ પોતે બનાવે છે, બાકીના બધા સંબંધતો જન્મથી જ બની જાય છે જેમ કે માતા-પિતા ભાઈ-બેન કાકા-કાકી બધા, પણ મિત્રતા એક સંબંધ છે જે સગો ન હોવા પણ બધા સંબંધોથી અલગ છે. જે કોઈ પણ ઉંમરના માણસની સાથે કે કોઈ પણ વ્યકિતથી થઈ શકે છે. મિત્રતા માત્ર મજાકમસ્તી કરવા પૂરતી સીમિત નથી, પરંતુ એ એક ઈમોશનલ બૉન્ડ પણ બાંધે છે જે ફિઝિકલ અને મેન્ટલ હેલ્થને મજબૂત બનાવે છે.

જીવનની દરેક પળે સાથ આપનાર મિત્રને આભાર વ્યક્ત કરવા માટે 'ફ્રેન્ડશિપ ડે' મનાવવામાં આવે છે. પણ શુ તમે જાણો છો કે આ 'ફ્રેન્ડશિપ ડે'ની શરૂઆત ક્યારે થઈ અને ક્યારથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.ભારતમાં ઓગસ્ટ મહિનાના પ્રથમ રવિવારને 'ફ્રેન્ડશિપ ડે' માનવામાં આવે છે. 'ફ્રેન્ડશિપ ડે' મનાવવાની શરૂઆત પશ્ચિમી દેશોથી થઇ હતી. પણ છેલ્લા કેટલાક વર્ષોથી 'ફ્રેન્ડશિપ ડે' ભારતમાં પણ ખૂબ જ લોકપ્રિય છે. 'ફ્રેન્ડશીપ ડે'ની શરૂઆત ૧૯૩૫માં અમેરિકાથી થઈ હતી. કહેવામાં આવે છે કે ઓગસ્ટ પહેલા રવિવારના રોજ યુ.એસ. સરકારે એક નિર્દોષ વ્યક્તિને મારી નાખ્યો હતો અને તેના દુ:ખમાં તેના મિત્રોએ આત્મહત્યા કરી હતી. ત્યારબાદ દક્ષિણ અમેરિકાના લોકોએ આંતરરાષ્ટ્રીય 'ફ્રેન્ડશીપ ડે' (હીહિટ્ર્વૈંહટ્વડ?મ હ્લીહદ્ઘંજરૈ દ્બટ્વઅ) મનાવવાની રજૂઆત યુ.એસ. સરકારને કરી હતી. આ દુર્ઘટના બાદ લોકોના આ પ્રસ્તાવને

પહેલા તો સરકારે ના પાડી હતી પરંતુ લોકોના ગુસ્સાને શાંત કરવા માટે યુ.એસ. સરકારે લગભગ ૨૧ વર્ષ પછી ૧૯૫૮માં આ પ્રસ્તાવને મંજૂર કર્યો. ત્યારબાદ ઓગસ્ટના પહેલા રવિવારે 'ફ્રેન્ડશીપ ડે'ની ઉજવણી શરૂ થઇ.

મિત્રતાના ફાયદા શું છે?

હાર્વર્ડ યુનિવર્સિટીએ ૧૯૩૮ માં રિસર્ચ કરવાનું ચાલુ કર્યું તેના ૮૫-વર્ષના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે જીવનમાં સૌથી મહત્વની વસ્તુ જે તમને સુખ આપે છે તે તમારા મિત્રો સાથેના હકારાત્મક સંબંધો તેમનું એક મુખ્ય પરિબળ છે. જેનાથી તમે લાંબુ તંદુરસ્તીમય જીવન જીવી શકો છો.સારા મિત્રો તમારા સ્વાસ્થ્ય માટે સારા છે.મિત્રો તમને સારા સમયની ઉજવણી કરવામાં મદદ કરી શકે છે અને ખરાબ સમયમાં મદદ કરી શકે છે. મિત્રો એકલતાને અટકાવે છે અને તમને જરૂરી સાહચર્ય ઓફર કરવાની તક પણ આપે છે. લાઈફમાં એકાદ-બે તો ખાસ કહી શકાય તેવા અંગત મિત્રો હોવા જ જોઈએ જેની સાથે સુખદુ:ખની ચર્ચા કરી શકીએ અને સમય આવે ત્યારે ખભેથી ખભા મિલાવીને આગળ વધી શકીએ. એવું આપણે અનેક વખત સાંભળી ચૂક્યા છીએ અને પર્સનલી પણ ફીલ કરીએ છીએ, પરંતુ આ વાતને વૈજ્ઞાનિકો પણ સાચી ઠેરવી રહ્યા છે. ન્યુરોસાયન્સ કબૂલે છે કે મિત્ર એક બ્રેઇન બૂસ્ટર તરીકે કામ કરે છે એટલું જ નહીં, તે એક મેડિસિન સમાન પણ છે. છેલ્લાં સાત વર્ષમાં સોશ્યલ રિલેશનશિપ અને એને સંબધિત કરવામાં આવેલા ઘણા બધા અભ્યાસમાં સ્પષ્ટપણે જાણવા મળ્યું છે કે જે વ્યક્તિ મજબૂત સોશ્યલ રિલેશનશિપ ધરાવે છે તે ઘણું લાંબું જીવન જીવે છે. એકાકી જીવન માનવીને માંદગી તરફ ખેંચી જાય છે. મિત્રતા એ એક ઈમોશનલ બૉન્ડ પણ બાંધે છે જે ફિઝિકલ અને મેન્ટલ હેલ્થને મજબૂત બનાવે છે.

મિત્રો વિશે એક બીજી વાત પણ યાદ રાખવા જેવી છે. મિત્રોની કોન્ટિટી નહી, પણ કવોલિટી જરૃરી હોય છે. આપણને જરૃર હોય ત્યારે બોલાવ્યા વગરે હાજર રહેતા હોય તો એ પૂરતું છે.દોસ્તો જિંદગી માટે જરૃરી છે એ તો આપણે સહુ સારી રીતે જાણીએ છીએ, સવાલ એ છે કે આખરે જીવનમાં કેટલા મિત્રો હોવા જોઈએ? બ્રિટનની લેખક અને રિલેશનશિપ એકસપર્ટ એલિઝાબેથ ડેનું કેન્ડોહોલિક નામનું એક નવું પુસ્તક પ્રસિદ્ધ થયું છે. આ બુકમાં એલિઝાબેથે દોસ્ત અને દોસ્તી વિશે અનેક એંગલથી વાતો કરી છે. એલિઝાબેથે એક સવાલ ઉઠાવ્યો છે એની ચર્ચા આખી દુનિવામાં ચાલી છે. આખરે કેટલા મિત્રો હોવા જોઈએ? તે લખે છે કે, લાઈફમાં મેક્સિમમ ચારથી પાંચ દોસ્ત હોય તો એ પૂરતું છે. સોશિયલ મીડિયાના આગમન બાદ ફ્રેન્ડશિપની વ્યાખ્યા બદલાઈ ગઈ છે. સ્કૂલ અને કૉલેજકાળમાં માંડ ગણીને પાંચથી દસ મિત્રો બનતા હતા, જ્યારે આજે સોશ્યલ મીડિયા પર મિત્રોની સંખ્યા ૧૫૦થી લઈને ૫૦૦ના આંકને કુદાવી ગઈ છે પરંતુ સોશ્યલ મીડિયામાં ઢગલાબંધ મિત્રો હોવા છતાં જરૃર પડે ત્યારે સાથે ઊભા રહી જાય તે કેટલા? સંત તુલસીદાસ કહે છે, 'બિપતીકાલ કર સતગુન નેહા, શ્રુતિ કહ સંત મિત્ર ગુન એહા. દુ:ખમાં પણ સાથ આપે એ જ સાચા મિત્રના ગુણ છે. અર્થાત્ એ જ સાચો મિત્ર છે જે દરેક પરિસ્થિતિમાં તમારી સાથે ઊભો રહે.

# ટ્રોલર્સના શરણે પૂજા હેગડે, ટાર્ગેટ પાર પાડવાનો નવો કીમિયો



લગભગ દરેક સેલેબ્રિટીને ટ્રોલિંગનો સામનો કરવો પડે છે, કેટલાંક તેને અવગણે છે તો કેટલાંક તેનો સામે જવાબ પણ આપે છે. પરંતુ હવે પૂજા હેગડેએ નવો ઘટસ્ફોટ કર્યો છે, જેમાં તેણે ઈન્ડસ્ટ્રીમાં ચાલતા પેઈડ ટ્રોલિંગની પદ્ધતિ વિશે વાત કરી છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં પૂજાએ જણાવ્યું કે કલાકારો આ ઈન્ડસ્ટ્રીની ચમકમાં ટકી રહેવા માટે કેવા-કેવા ખર્ચ કરતા હોય છે.

પૂજા હેગડે કહ્યું કે અન્ય કલાકારોની છાપ ખરાબ કરવા માટે તેમની વિરુદ્ધમાં આયોજનપૂર્વક નેગેટીવ પબ્લિસિટી કેમ્પેઈન ચલાવે છે. પૂજાએ એવું પણ કહ્યું હતું કે તેની પોતાની ટીમને ઘણી વખત આ પ્રકારના કેમ્પેઈન માટે સંપર્ક કરવામાં આવ્યો હતો, જે ઈન્ડસ્ટ્રીનાં અનૈતિક ધારા ધોરણો દર્શાવે છે.

સોશિયલ મીડિયાના વધતા ઉપયોગ સાથે ટ્રોલિંગ પણ તેનો એક અભિન્ન હિસ્સો બની ગયું છે, જેના કારણે પૂર્વધારણાઓને નિયંત્રણમાં લાવવી પણ મહત્વની બની ગઈ છે. અનેક કલાકારો આ સ્થિતિનો ભોગ બન્યા છે. પૂજાએ યાદ તાજી કરતા કહ્યું, ‘‘અમને ખબર પડી કે તેના પર તો લાખો ખર્ચવામાં આવે છે. તેમણે અમને પણ બીજાને ટ્રોલ કરવાના ભાવ કહ્યા હતા.’’ પૂજાએ એમ પણ કહ્યું કે તે પોતાની સફળતામાં પેઈડ ટ્રોલિંગને કઈ દૃષ્ટિએ જુએ છે. પૂજાએ આગળ કહ્યું, ‘‘જો એ લોકો તમને નીચે જ ખેંચવા માગતા હોય, તો એનો અર્થ કે એ લોકોથી તમે આગળ છો.’’

પૂજાએ આ સાથે ઈન્ડસ્ટ્રીમાં થતા ભેદભાવ વિશે પણ વાત કરી હતી. તેણે કહ્યં કે મહિલા કલાકારોએ આ ઈન્ડસ્ટ્રીમાં ખાસ આવા ભેદભાવનો સામનો કરવો પડે છે. તેણે કહ્યું કે ફિલ્મમાં મહત્વનો રોલ હોય તેમ છતાં તેમને ફિલ્મના પ્રમોશનથી દૂર રાખવામાં આવે છે. પૂજાએ ભારપૂર્વક કહ્યું કે સેટ પરની વ્યવસ્થામાં પણ ભેદભાવ હોય છે, જ્યાં પુરુષ કલાકારોને મનપસંદ સુવિધાઓ આપવામાં આવે છે, જ્યારે મહિલા કલાકારોએ જે ઉપલબ્ધ હોય તે સ્વીકારવું પડે છે. આ ઉપરાંત પૂજાએ એક કલાકારની કારકિર્દીમાં મહત્વનો ભાગ ભજવતા નેપોટિઝમ અને ટ્રેડ પોલિટિક્સ જેવી બાબતો પર પણ વાત કરી હતી.પૂજાએ કહ્યું, ‘‘આવું બધે જ થાય છે, ક્યારેક ખુલ્લે આમ, ક્યાંક છુપાઈને. પુરુષ કલાકારોની વેનિટી વેન સેટથી નજીક હોય છે, જ્યારે અમે ભારે ચણિયાચોળી અને કોસ્ચ્યુમ પહેર્યા હોય ત્યાં અમારે લાંબું ચાલીને વેન સુધી જવું પડે છે.’’પૂજાએ આગળ ઈન્ડસ્ટ્રીમાં પરિવર્તનની જરૂર અંગે પૂજાએ કહ્યું કે મનોરંજનની દુનિયામાં કામ કરતા લોકો માટે સમાનતા અને દરેક માટે સમાન સન્માનની જરૂર છે. આજે જ્યારે ઈન્ડસ્ટ્રીમાં પરિવર્તન આવી રહ્યું છે, ત્યારે વધુ પારદર્શિતા, જવાબદારી અને સર્વસમાવેશી વર્ક કલ્ચરની જરૂર છે. પૂજા માને છે કે ઈન્ડસ્ટ્રીમાં હાલનાં ધારાધોરણો અને કામના મૂલ્યો સામે ઘણા પડકારો છે. જેટલું વધારે લોકો આ અંગે અવાજ ઉઠાવશે એટલું જલદી પરિવર્તન આવશે, તેનાથી જ વધુ સમાનતા સાથે ચાલતી ઈન્ડસ્ટ્રી બનશે. પેઈડ ટ્રોલર્સના કારણે નકારાત્મકતા જ વધવાની છે.

# ‘રેઈડ ૨’ ભ્રષ્ટ નેતા સામે બાથ ભીડવા અજય દેવગન સજ્જ

મહારાષ્ટ્રના વગદાર રાજકીય અગ્રણીઓમાં રીતેશ દેશમુખના પરિવારનું નામ મોખરે છે. રીતેશ દેશમુખના પિતા વિલાસરાવ દેશમુખ મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી હતા. પિતાના પગલે રાજકારણમાં શરૂઆત કરવાના બદલે રીતેશે ફિલ્મોમાં કરિયર બનાવી છે. રીતેશે ચૂંટણી દરમિયાન કોંગ્રેસ માટે અને પોતાના ભાઈઓ માટે પ્રચાર કર્યો હતો, પરંતુ સક્રિય રાજકારણમાં ઝૂકાવ્યું ન હતું. રીયલ લાઈફમાં રાજકારણી બનવાનું ટાળી રહેલા રિતેશે રીલ લાઈફમાં ખૂંખાર રાજકારણી દાદાભાઈનો રોલ કર્યો છે. અજય દેવગનની આગામી ફિલ્મ ‘રેઈડ ૨’માં રીતેશ દેશમુખનો નવો અવતાર જોવા મળશે.




‘રેઈડ ૨’માં પોતાના કેરેક્ટરનો પરિચય આપતું પોસ્ટર રીતેશ દેશમુખે શેર કર્યું હતું. જેમાં રીતેશે લખ્યુ હતું કે, કાનૂન કા મોહતાજ નહીં, કાનૂન કા માલિક હૈ દાદા ભાઈ. રેઈડ ૨ પહેલી મેથી નજીકના સિનેમા ઘરોમાં. પોસ્ટરમાં રીતેશ દેશમુખ ભીડને વચ્ચે ઊભેલો છે અને હાથ ઊંચો કરી પોતાની સત્તા અને આત્મવિશ્વાસની ઝલક આપે છે. રીતેશના ફર્સ્ટ લૂકને શેર કરતાં અગાઉ IRS ઓફિસર અમય પટનાઈકના રોલમાં અજય દેવગનની નવી સફર અંગે વાત કરતું પોસ્ટર મેકર્સે શેર કર્યું હતું. નવા શહેર અને નવી ફાઈલ સાથે અમય પટનાઈકની નવી રેઈડ માટે સજ્જ રહેવા ઓડિયન્સને કહેવાયું છે. રાજકુમાર ગુપ્તાએ ડિરેક્ટ કરેલી ‘રેઈડ ૨’માં વાણી કપૂર પણ મહત્ત્વના રોલમાં છે. ૨૦૧૮ના વર્ષમાં હિટ રહેલી અજય દેવગનની ક્રાઈમ થ્રિલર ‘રેઈડ’ની સીક્વલ સાત વર્ષે આવી રહી છે. આ ફિલ્મમાં વ્હાઈટ કોલર ક્રિમિનલ સામે બાથ ભીડતા ઈનકમ ટેક્સ અધિકારીની સ્ટોરી છે. ઈનકમ ટેક્સના દરોડા દરમિયાન બનેલી સત્યઘટનાઓના આધારે આ ફિલ્મ બની છે. ૨૦૧૮માં અજય દેવગન સાથે ઈલિયાના ડીક્રુઝ અને સૌરભ શુક્લા મહત્ત્વના રોલમાં હતા. આ વખતે તેમનું સ્થાન વાણી કપૂર અને રીતેશ દેશમુખે લીધું છે. ‘રેઈડ ૨’નું ટીઝર ‘સિકંદર’ની સાથે થીયેટરમાં દર્શાવવામાં આવે તેવી શક્યતા છે.

# "સ્ત્રી-૨"ને ટક્કર આપવા માટે વિકીની તૈયારી






ફિલ્મ "છાવા" હજુ પણ રોકાવા તૈયાર નથી, ૪૦માં દિવસે પણ આ ફિલ્મે કરોડોનો બિઝનેસ કર્યો છે. તે ’સ્ત્રી ૨’ ને હરાવવાથી બસ થોડી દૂર છે. વિકી કૌશલની ફિલ્મ "છાવા"એ ઈતિહાસ રચ્યો છે. આ ફિલ્મ ફક્ત વર્ષની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ જ નથી બની પરંતુ તેણે ઘણી મોટી ફિલ્મોના રેકોર્ડ પણ તોડી નાખ્યા છે. થિયેટરોમાં રિલીઝ થયાના ૪૦ દિવસ પૂર્ણ થયા પછી પણ તેની કમાણીની ગતિ ધીમી પડી નથી અને તે હજુ પણ કરોડોમાં કમાણી કરી રહી છે.વિકી કૌશલની ફિલ્મ ’છાવા’ રિલીઝ થયાને ૪૦ દિવસ થઈ ગયા છે. દરમિયાન, આ ફિલ્મે ખૂબ જ કમાણી કરી છે. છઠ્ઠા મંગળવારે પણ ફિલ્મ "છાવા"એ કરોડો રૂપિયાનું કલેક્શન કર્યા છે. ફિલ્મ "છાવા" ૧૪ ફેબ્રુઆરીના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. ત્યારથી આ ફિલ્મ બોક્સ ઓફિસનો રાજા બની રહી છે. છત્રપતિ સંભાજી મહારાજના જીવન પર આધારિત આ ફિલ્મને દર્શકોએ ખૂબ પસંદ કરી છે. જેના કારણે ૧૩૦ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે ખૂબ જ કમાણી કરી છે. રસપ્રદ વાત એ છે કે ફિલ્મ રિલીઝ થયાને લગભગ દોઢ મહિનો થઈ ગયો છે પરંતુ તે હજુ પણ બોક્સ ઓફિસ પર મજબૂત કમાણી કરી રહી છે. આ દરમિયાન ઘણી નવી ફિલ્મો આવી અને ગઈ પણ તેમાંથી કોઈ પણ ’છાવા’નું સિંહાસન હલાવી શકી નહીં. હવે આ ફિલ્મ રિલીઝના છઠ્ઠા અઠવાડિયામાં છે અને તે હજુ પણ કરોડોની કમાણી કરી રહી છે.ફિલ્મ "છાવા"એ રિલીઝના પહેલા અઠવાડિયામાં ૨૧૯.૨૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. બીજા અઠવાડિયામાં ફિલ્મનું કલેક્શન ૧૮૦.૨૫ કરોડ રૂપિયા હતું. ત્રીજા અઠવાડિયામાં ’છાવા’ એ ૮૪.૦૫ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો. આ ફિલ્મે ચોથા અઠવાડિયામાં ૫૫.૯૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. જ્યારે પાંચમા અઠવાડિયામાં ’છાવા’નું કલેક્શન ૩૩.૩૫ કરોડ રૂપિયા હતું. આ ફિલ્મે ૩૬માં દિવસે ૨.૧ કરોડ રૂપિયા અને ૩૭માં દિવસે ૩.૬૫ કરોડ રૂપિયાની કમાણી કરી. તો ૩૮માં દિવસે ૪.૬૫ કરોડ રૂપિયા અને ૩૯માં દિવસે ૧.૮૫ કરોડ રૂપિયાની કમાણી કરી.હવે ફિલ્મની રિલીઝના ૪૦માં દિવસે થયેલી કમાણીના શરૂઆતના આંકડા આવી ગયા છે. ૪૦મા દિવસે ફિલ્મ "છાવા"એ ૧.૫૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ સાથે, ૪૦ દિવસમાં ’છાવા’ ની કુલ કમાણી હવે ૫૮૬.૩૫ કરોડ રૂપિયા થઈ ગઈ છે.લક્ષ્મણ ઉતેકર દ્વારા દિગ્દર્શિત ’છાવા’ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. આ ફિલ્મે અત્યાર સુધીમાં ’એનિમલ’ (૫૫૩.૮૭ કરોડ), ’પઠાણ’ (૫૪૩.૦૯ કરોડ), ’ગદર ૨’ (૫૨૫.૭ કરોડ) અને ’બાહુબલી’ (૪૨૧ કરોડ) ના રેકોર્ડ તોડી નાખ્યા છે. જોકે, આ ફિલ્મ ’સ્ત્રી ૨’ (૫૯૭.૯૯ કરોડ) ને હરાવી શકી નહીં. ’છાવા’ને ’સ્ત્રી ૨’નો રેકોર્ડ તોડવા માટે બીજા ૧૨ કરોડ રૂપિયાની જરૂર છે.

# અક્ષય કુમારની ‘કેસરી ૨’નું ટીઝર લોંચ



અક્ષય કુમારની ‘કેસરી ચેપ્ટર ૨’નું ટીઝર લોંચ થઈ ગયું છે, જેમાં આર માધવન અને અનન્યા પાંડે પણ મહત્વના રોલમાં છે, આ ફિલ્મ જલિયાંવાલા બાગ સાથે સંકળાયેલી ઘટનાની વાત કરે છે. ટીઝર એક પકડી રાખે એવા ઓડિયો સાથે શરૂ થાય છે, ત્યારે આ ફિલ્મ ક્યારેય ન જોઈ હોય એવી જલિયાંવાલા બાગની ઘટના પછીની અસરો વિશે વિત કરશે.

અક્ષય કુમાર આ ફિલ્મમાં સર સી.સંકરન નાયરનો રોલ કરે છે, જેઓ એક એવા નીડર વકીલ હતા જેમણે બ્રિટિશ સામ્રાજ્ય સામે આ રાષ્ટ્રીય ઘટના અંગે અવાજ ઉઠાવ્યો હતો. આ ૩૦ સેકન્ડના ટીઝરની શરૂઆત ‘દશ્યો વિચલિત કરી શકે તેવા છે’ એ વાક્યથી શરૂ થાય છે, પાછળ ગોળીના, ચીસોના અને અંધાધુંધીભર્યા માહોલના અવાજો સંભળાય છે. જેના કારણે એવો માહોલ ઉભો થાય છે કે દર્શક પડદા સામે જકડાઈ રહે, આ દશ્યો પરથી લાગે છે કે આ એક મજબૂત વાર્તા કહેતી ફિલ્મ હશે.

આગળ આ વોઈસ ઓવર કહે છે, “ભુલશો નહીં કે તમે હજુ પણ બ્રિટિશ સામ્રાજ્યના ગુલામ છો”. અક્ષય કુમારના પાત્રની જલક તો મળે છે, પરંતુ હજુ એ જાહેર થયું નથી કે અનન્યા અને માધવન કયા રોલ કરવાના છે. આ ફિલ્મનું ટીઝર માત્ર કોઈ ઝલક નથી પણ એક નિવેદન છે. તે પરંપરાત ટીઝરથી ઘણું અલગ છે, જે સાબિત કરે છે કે ઘણી વખત સૌથી અસરકારક દશ્યો મનમાં રચાયા હોય એ જ હોય છે. આ ફિલ્મ એક પુસ્તક ‘ધ કેસ ધેટ શૂક ધ એમ્પાયર’ પર આધારીત છે, જે પુષ્પા અને રઘુ પલાત દ્વારા લખાયું હતું. આ ફિલ્મ ભારતીય સિનેમામાં એક નવું પ્રકરણ શરૂ કરે તેના અનોખા દષ્ટિકોણ સાથે બનેલી ફિલ્મ હોય એવું લાગે છે. આ ફિલ્મ ૧૮ એપ્રિલે થિએટરમાં રિલીઝ થશે.

# વિદ્યા બાલનની કહાની થ્રીની સ્ક્રિપ્ટ તૈયારઃ ટૂંક સમયમાં શૂટિંગ

મુંબઈ : વિદ્યા બાલનની ’કહાની થ્રી’નું શૂટિંગ ટૂંક સમયમાં શરુ થશે. સર્જકોએ ફિલ્મની સ્ક્રિપ્ટ ઓલરેડી તૈયાર કરી દીધી છે. જોકે, ફિલ્મ વિશે હજુ સત્તાવાર જાહેરાત થઈ નથી. ફિલ્મ ’કહાની’ ૨૦૧૨મા રીલિઝ થઈ હતી, આ પછી તેના ચાર વરસે ’કહાની ટૂ’ રીલિઝ થઈહતી. આ બન્ને ફિલ્મો બોક્સઓફિસ પર સફળ રહી હતી. આજકાલ ફ્રેન્ચાઈઝી ફિલ્મો ટ્રેન્ડમાં હોવાથી સુજોય ઘોષે આ વાર્તા આગળ વધારવાનું નક્કી કર્યું છે. સ્ક્રિપ્ટ ફાઈનલ કરવા સાથે તેણે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. સુજોય ઘોષ ત્રીજા ભાગમાં ઓરિજિનલ સ્ટારકાસ્ટને જ રીપિટ કરે તેવી શક્યતા છે. મતલબ કે વિદ્યા બાલન ઉપરાંત આ ફિલ્મમાં પરમબ્રત ચેટર્જી , નવાઝુદ્દીન સિદ્દીકી અને સાસ્વતા ફરી જોવા મળી શકે છે.





# સલમાન ખાનની ફિલ્મ ‘સિકંદર’ને ટક્કર આપશે સની દેઓલની ફિલ્મ ‘જટ્ટ’?

બોલીવુડના ’ભાઈજાન’ સલમાન ખાનની ફિલ્મ ’સિકંદર’ ૩૦ માર્ચ ૨૦૨૫ના રોજ એટલે કે ઈદના અવસર પર સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. દરમિયાન, સની દેઓલની ફિલ્મ ’જટ્ટ’ નું ટ્રેલર ૨૪ માર્ચે રિલીઝ થયું હતું, ત્યારબાદ તે સોશિયલ મીડિયા પર સતત ટ્રેન્ડ થવા લાગ્યું છે. સની દેઓલની મોસ્ટ અવેટેડ ફિલ્મ ’જટ્ટ’ ૧૦મી એપ્રિલે સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મનું ટ્રેલર ૨૪ કલાકમાં જ તેના વ્યૂઝ ૧૪ મિલિયનને પાર કરી ગયુ છે. ટ્રેલર બહાર આવતાની સાથે જ સની દેઓલ સોશિયલ મીડિયા પર સતત ટ્રેન્ડ કરી રહ્યો છે.

સલમાનની ’સિકંદર’ ૪ દિવસ પછી રિલીઝ થવા જઈ રહી છે, આ દરમિયાન સની દેઓલની ફિલ્મ ’જટ્ટ’ને લઈને ચર્ચાઓ તેજ થઈ ગઈ છે. ફિલ્મનું ટ્રેલર જોયા બાદ લોકો યુટ્યુબ પર કોમેન્ટ બોક્સમાં લખી રહ્યા છે કે સની દેઓલ દરેકના રેકોર્ડ તોડવા જઈ રહ્યો છે. તે જ સમયે, ટિપ્પણી કરતી વખતે, કેટલાક લોકોએ લખ્યું છે કે, ’સની પાજી શું અદ્ભુત છે, એક્શન સીન અને ડાયલોગ ડિલિવરી તમને દિવાના કરી દેશે. આવા એક્શન દ્રશ્યો તમારા હૃદયને રોમાંચિત કરશેપ જય હો. તે જ સમયે, કેટલાક લોકો કહે છે કે સની દેઓલની તુલનામાં સલમાન, શાહરૂખ અને આમિર કંઈ નથી.

’સિકંદર’ના ટ્રેલર કરતા સની દેઓલની ’જાત’નું ટ્રેલર વધુ પસંદ કરવામાં આવી રહ્યું છે. એવું ન બને કે ’સિકંદર’ ૧૦ દિવસ સુધી સિનેમાઘરોમાં હિટ થતાંની સાથે જ ’જટ્ટ’ બોક્સ ઓફિસ પર પ્રભુત્વ મેળવે. આવી સ્થિતિમાં સલમાન માટે માત્ર ૧૦ દિવસ જ બચ્યા છે, એટલે કે ૧૦ દિવસમાં ’સિકંદર’ ઈચ્છે તેટલી કમાણી કરી શકે છે, ત્યારબાદ સની દેઓલની ગર્જના સંભળાશે.



સની દેઓલનું નામ આજે પણ બોલિવૂડના દિગ્ગજ કલાકારોની યાદીમાં સામેલ છે. સની દેઓલ છેલ્લા ૪ દાયકાથી સતત ફિલ્મોમાં કામ કરતો જોવા મળી રહ્યો છે, જો કે તેની ફિલ્મી કારકિર્દી ઉતાર-ચઢાવથી ભરેલી રહી છે. ભલે તેની ૨૦૦૧ માં આવેલી ફિલ્મ ’ગદર’ બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર સાબિત થઈ, પરંતુ આ ફિલ્મ પછી તેની કારકિર્દીમાં સતત ઘટાડો થતો ગયો. ’ગદર’ પછી તેને માત્ર ફ્લોપ અને ડિઝાસ્ટર ફિલ્મો જ મળી. તે જ સમયે, વર્ષ ૨૦૨૩ માં, તેણે બોક્સ ઓફિસ પર એક ફિલ્મ આપી, જેણે તેને તેમનું ગુમાવેલું સ્ટારડમ પાછું લાવ્યું અને તે ફિલ્મનું નામ હતું ’ગદર ૨’. આ ફિલ્મે વર્ષ ૨૦૨૩માં બોક્સ ઓફિસ પર ખૂબ જ ધમાલ મચાવી હતી.ફિલ્મ ’ગદર ૨’ એ વિશ્વવ્યાપી બોક્સ ઓફિસ પર ૬૦૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી હતી. દર્શકોને આ ફિલ્મ ખૂબ પસંદ આવી હતી. હવે ૨ વર્ષ બાદ ફરી એકવાર સની ફિલ્મ ’જાત’ દ્વારા મોટા પડદા પર કમબેક કરવા જઈ રહી છે અને તેનું ટ્રેલર રિલીઝ થયા બાદ આ ફિલ્મને લઈને લોકોમાં ભારે હોબાળો થઈ રહ્યો છે.

# ગઢમાં ગુજરાત હાર્યું, પંજાબ ૧૧ રનથી જીત્યું



IPL-૧૮ ની પાંચમી મેચમાં પંજાબ કિંગ્સે ગુજરાત ટાઇટન્સને ૧૧ રને હરાવ્યું. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાતે ટૉસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પંજાબે ૨૦ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ૨૪૩ રન બનાવ્યા. ત્યારબાદ ગુજરાતને ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૨૩૨ રન પર રોકી દીધું હતું.

પંજાબ તરફથી શ્રેયસ અય્યર ૯૭ અને શશાંક સિંહ ૪૪ રન બનાવી અણનમ રહ્યા. બંને વચ્ચે ૮૧ રનની અણનમ ભાગીદારી થઈ. ઓપનર પ્રિયાંશ આર્યએ ૪૭ રન બનાવ્યા. ગુજરાત તરફથી સાઈ કિશોરે ૩ વિકેટ લીધી. જ્યારે કાગીસો રબાડા અને રાશિદ ખાનને એક-એક વિકેટ મળી. રન ચેઝમાં, ગુજરાત તરફથી સાઈ સુદર્શને ૭૪ રન અને જોસ બટલરે ૫૪ રન બનાવ્યા. ટીમની છેલ્લી ઓવરમાં બે વિકેટ પડી ગઈ.

ગુજરાત ટાઇટન્સ (GT): શુભમન ગિલ (કેપ્ટન), જોસ બટલર (વિકેટકીપર), સાઈ સુદર્શન, શાહરૂખ ખાન, રાહુલ તેવતિયા, આર સાઈ કિશોર, અરશદ ખાન, રાશિદ ખાન, કાગીસો રબાડા, મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ ક્રિષ્ના. ઈમ્પેક્ટ સબસ્ટિટ્યુટ: શેરફન રૂધરફોર્ડ, ગ્લેન ફિલિપ્સ, ઈશાંત શર્મા, અનુજ રાવત અને વોશિંગ્ટન સુંદર.

પંજાબ કિંગ્સ (PBKS): શ્રેયસ અય્યર (કેપ્ટન), પ્રભસિમરન સિંહ (વિકેટકીપર), પ્રિયાંશ આર્ય, શશાંક સિંહ, માર્કસ સ્ટોઈનિસ, ગ્લેન મેક્સવેલ, સૂર્યાંશ શેડગે, અઝમતુલ્લાહ ઓમરઝાઈ, માર્કો યાન્સેન, અર્શદીપ સિંહ અને યુઝવેન્દ્ર ચહલ. ઈમ્પેક્ટ સબસ્ટિટ્યુટ્સ: નેહલ વાઢેરા, પ્રવીણ દુબે, વિજયકુમાર વૈશાખ, હરપ્રીત બ્રાર, વિષ્ણુ વિનોદ.

## ઇમ્પેક્ટ પ્લેયર નિયમના કારણે નથી બની રહ્યા મોટા સ્કોર : ધોનીના નિવેદનથી ક્રિકેટ જગતમાં ખળભળાટ



ચેન્નઈ સુપર કિંગ્સમાં પોતાની કેપ્ટનશીપમાં ૫ વખત ચેમ્પિયન બનાવી ચુકેલા એમએસ ધોનીએ ઈમ્પેક્ટ પ્લેટરના નિયમને લઈને એક નિવેદન આપ્યું છે. જેના કારણે ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો છે. હકીકતમાં જ્યારથી આ નિયમ લાગુ કરવામાં આવ્યો આ ત્યારથી વિવાદ ચાલી રહ્યો છે. કોઈ તેના પક્ષમાં છે તો કેટલાક માને છે કે, ઓલરાઉન્ડર ખેલાડીઓને નુકસાન થયું છે. ધોનીનું માનવું છે કે, IPLમાં કોઈ વધારાના ખેલાડીના રમવાથી મોટા સ્કોર બનતા નથી, પરંતુ ખેલાડીઓની બદલાયેલી માનસિકતાને કારણે છે. ધોનીનું માનવું છે કે, ઈમ્પેક્ટ પ્લેયર નિયમથી તેમને કોઈ ફાયદો થયો નથી. તે પોતાને ઈમ્પેક્ટ પ્લેટર માનતો પણ નથી.

જિયો-હોટસ્ટાર પર 'ધ એમએસડી એક્સપિરિયન્સ' પર વાત કરતાં એમએસ ધોનીએ કહ્યું, 'જ્યારે ઈમ્પેક્ટ પ્લેયર નિયમ લાગુ કરવામાં આવ્યો હતો, ત્યારે મને લાગ્યું કે તે સમયે આ નિયમની કોઈ જરૂર નથી. આ નિયમ ક્યારેક મને મદદ કરે છે, પરંતુ મોટાભાગે એવુ નથી હોતું. હું હજુ પણ વિકેટકીપિંગ કરું છું તેથી હું ઈમ્પેક્ટ પ્લેયર નથી. મારે ફિલ્ડિંગમાં પણ આવવું પડશે.'

એમએસ ધોનીનું એવું પણ માનવું છે કે, આઈપીએલમાં હવે મોટા સ્કોર બની રહ્યા છે અને તેનું કારણ ઈમ્પેક્ટ પ્લેયર નિયમ નથી. ધોનીએ કહ્યું કે, 'કેટલાક લોકોનું માનવું છે કે ઈમ્પેક્ટ પ્લેયર નિયમને કારણેઁ ન્માં મોટા સ્કોર બની રહ્યા છે. પરંતુ મારા મતે ખેલાડીઓની રિલેક્સ માઈન્ડસેટ અને પરિસ્થિતિઓને કારણે આ થઈ રહ્યું છે. એક વધારાનો બેટર આટલા રન બનાવી રહ્યો નથી, પરંતુ તે તેની માનસિકતાના કારણે છે. ટીમોને આરામ છે કે, તેમની પાસે એક એક વધારાનો બેટર છે. તેથી બેટરો વધુ સાવધાનીપૂર્વક રમી રહ્યા છે. તેની હાજરી આત્મવિશ્વાસ વધારે છે કારણ કે એવું નથી કે બધા ૪-૫ બેટરોને રમવા માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે.'ઈમ્પેક્ટ પ્લેયર નિયમ હેઠળ એક કેપ્ટન પ્લેઈંગ ૧૧ સાથે ૫ અવેજી ખેલાડીઓની પસંદગી કરે છે. મેચ દરમિયાન, કેપ્ટન પ્લેઈંગ ૧૧ માંથી એક ખેલાડીની જગ્યાએ પ્લેઈંગ ૧૧ માં અવેજી ખેલાડીઓમાંથી એકનો સમાવેશ કરી શકે છે. કેપ્ટન બોલરને આઉટ કરીને બેટરને અને બેટરને આઉટ કરીને બોલરને પણ લાવી શકે છે.

## વ્યશાકની શાનદાર ડેથ ઓવરોએ પંજાબને જીત અપાવી

ડેથ ઓવરોમાં ઉત્તમ બેટિંગ અને બોલિંગના આધારે પંજાબ કિંગ્સે ગુજરાત ટાઈટન્સને ૧૧ રનથી હરાવ્યું. નવા કેપ્ટન શ્રેયસ ઐયર સાથે આઈપીએલમાં પ્રવેશ કરનાર પંજાબે ૫ વિકેટ ગુમાવ્યા બાદ ૨૪૩ રન બનાવ્યા હતા. જવાબમાં ગુજરાતે પણ ૨૩૨ રન બનાવ્યા, પરંતુ આ સ્કોર જીત માટે પૂરતો ન હતો.ગુજરાતે મંગળવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં બોલિંગ કરવાનું પસંદ કર્યું. પંજાબ તરફથી શ્રેયસે ૯૭ રન બનાવ્યા, તેની સાથે શશાંક સિંહે ૪૪ અને પ્રિયાંશ આર્યએ ૪૭ રન બનાવ્યા. ગુજરાત તરફથી સાઈ કિશોરે ૩ વિકેટ લીધી. સાઈ સુદર્શને ૭૪, જોસ બટલરે ૫૪, શેરફાન રૂધરફોર્ડે ૪૬ અને કેપ્ટન શુભમન ગિલે ૩૩ રન બનાવ્યા હતા.ટોસ હારીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધા બાદ, પંજાબ કિંગ્સે ચોથી ઓવરમાં પોતાની પહેલી વિકેટ ગુમાવી દીધી.




## ટીમ ઈન્ડિયામાં સ્ટાર ખેલાડીની એન્ટ્રી! બીસીસીઆઈનો ખાસ પ્લાન



ભારતીય ટીમના લગભગ બધા જ ખેલાડીઓ હાલમાં IPLમાં પોતપોતાની ફ્રેન્ચાઈઝી માટે રમી રહ્યા છે. આ ટુર્નામેન્ટના સફળ આયોજનની સાથે, BCCI જૂનમાં યોજાનારી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ સિરીઝ પર પણ નજર રાખી રહ્યું છે.પરંતુ આ સિરીઝ હજુ થોડા મહિના દૂર છે, તેની તૈયારીઓ પહેલાથી જ શરૂ થઈ ગઈ છે. આ દરમિયાન, એક મોટા સમાચાર આવી રહ્યા છે કે લાંબા સમયથી ટીમ ઈન્ડિયાની બહાર રહેલા કરુણ નાયરના સારા દિવસો પાછા આવી શકે છે. રિપોર્ટ મુજબ તેને ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ટીમમાં સામેલ કરવામાં આવી શકે છે.ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ ટેસ્ટ મેચની સિરીઝ જૂનથી શરૂ થશે. આ એક લાંબી અને પડકારજનક સિરીઝ હશે, જેના માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી. રિપોર્ટ મુજબ આ સિરીઝ પહેલા ભારત છ ટીમ ઈંગ્લેન્ડનો પ્રવાસ કરશે, જેમાં કરુણ નાયર જોડાય તેવી અપેક્ષા છે. કરુણ નાયર હાલમાં ઘરેલુ ક્રિકેટમાં શાનદાર ફોર્મમાં છે.કરુણ નાયરે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેને નવ મેચમાં ચાર સદી અને ૨ અડધી સદીની મદદથી ૮૬૩ રન બનાવ્યા. આ પ્રદર્શનના આધારે, તે ટુર્નામેન્ટમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યો.મીડિયા રિપોર્ટ મુજબ, ઈંગ્લેન્ડ ટેસ્ટ સિરીઝ માટે હજુ સમય છે અને બીસીસીઆઈ આઈપીએલના છેલ્લા રાઉન્ડમાં તેના માટે ટીમની જાહેરાત કરશે. રોહિત શર્માને આ સિરીઝમાં કેપ્ટન તરીકે પણ જોવા મળી શકે છે. ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામેની તાજેતરની સિરીઝમાં ટીમ ઈન્ડિયાનું પ્રદર્શન અપેક્ષા મુજબ ન હતું, છતાં પણ રોહિત શર્મા ટીમનું નેતૃત્વ કરે તેવી શક્યતા છે.રિપોર્ટ મુજબ જ્યારે ભારતીય ટીમ મે-જૂનમાં ઈંગ્લેન્ડ લાયન્સ સામે રમશે, ત્યારે ટીમ ઈન્ડિયાના ઘણા ખેલાડીઓનો તેમાં સમાવેશ થઈ શકે છે. આ સમયગાળા દરમિયાન, ઈન્ડિયા છ અને ઈંગ્લેન્ડ લાયન્સ વચ્ચે ૨ ચાર દિવસીય મેચ રમાશે.IPL ૨૦૨૫ ની ફાઈનલ ૨૫ મે ના રોજ યોજાશે અને તેના પછી તરત જ ૩૦ મે થી પ્રથમ ચાર દિવસીય મેચ રમાશે. એવું માનવામાં આવે છે કે પ્લેઓફમાં સ્થાન મેળવી ન શકનાર છ ટીમોના ખેલાડીઓ આ સિરીઝનો ભાગ બની શકે છે. આ પછી, બીજો ચાર દિવસીય મેચ ૬ જૂનથી રમાશે.કરુણ નાયરે ભારત માટે અત્યાર સુધીમાં ૬ ટેસ્ટ મેચ રમી છે, જેમાં તેને ૭ ઈનિંગ્સમાં ૩૭૪ રન બનાવ્યા છે. તેમની બેટિંગ એવરેજ ૬૨.૩૩ અને સ્ટ્રાઈક રેટ લગભગ ૭૩ છે. તેમના નામે એક શાનદાર સદી પણ છે.કરુણ નાયરે ભારત માટે ૨૦૧૬ માં ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું, પરંતુ છેલ્લી વાર માર્ચ ૨૦૧૭ માં ટેસ્ટ મેચ રમી હતી. ત્યારથી તેને ભારતીય ટીમમાં તક મળી નથી. પરંતુ હાલમાં તેને ઈન્ડિયા છ ટીમમાં સ્થાન આપવાની ચર્ચા થઈ રહી છે, પરંતુ જો તે પોતાના સારા પ્રદર્શનના આધારે ટીમ ઈન્ડિયામાં વાપસી કરે તો પણ તે કોઈ મોટી વાત નહીં હોય.

## 'રોહિતભાઈએ મને જાણીજોઈને ટીમમાં ન લીધો' મોહમ્મદ સિરાજનો ખુલાસો





ભારતીય ટીમના ઝડપી બોલર મોહમ્મદ સિરાજે રોહિત શર્મા અંગે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેણે કહ્યું કે, 'મને ચેમ્પિયન ટ્રોફી ૨૦૨૫માં જગ્યા ન મળવાનું કારણ રોહિતભાઈ છે. મારી પસંદગી ન થતા હું ખૂજ નિરાશ થયો હતો.' વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ અને T૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં સિરાજને જગ્યા મળી ન હતી, જ્યારે ટીમ મેનેજમેન્ટે પાંચ સ્પિનરોની પસંદગી કરી હતી. સિરાજને નૉન-ટ્રાવેલિંગ રિઝર્વ તરીકે રખાયો હતો, જોકે પછી તેની જરૂર પડી ન હતી.IPL-૨૦૨૫માં ગુજરાત ટાઈટન્સના ખેલાડી સિરાજે કહ્યું કે, 'દેશ માટે રમવાથી હું ખૂબ ઉત્સાહિત થઉં છું. મને ખબર હતી કે, રોહિત શર્મા અને ટીમ મેનેજમેન્ટ ટીમના હિતમાં જ નિર્ણય લેશે. જ્યારે તમે દેશ માટે રમો છો, ત્યારે ખૂબ વિશ્વાસ મળે છે. આંતરરાષ્ટ્રીય ખેલાડી હોવાના કારણે તમે હંમેશા ICC ઈવેન્ટ રમવા ઈચ્છો છો. શરુઆતમાં મને રોહિત અને ટીમ મેનેજમેન્ટનો નિર્ણય હજમ થયો ન હતો. રોહિતભાઈ જે નિર્ણય લે છે, તે શ્રેષ્ઠ હોય છે અને તેમણે તે જ કર્યું. તેમની પાસે ઘણો અનુભવ છે અને તેઓ જાણે છે કે, દુબઈની પીચ પર ઝડપી બોલરેને વધુ મદદ નહીં મળે. ત્યાં સ્પિનર્સને વધુ ફાયદો થશે, તેથી જ તેમણે જાણીજોઈને મને ટીમમાં બહાર રાખવાનો નિર્ણય કર્યો હતો.'સિરાજે કહ્યું કે, 'ચેમ્પિયન ટ્રોફીમાંથી બ્રેક મળતાં મેં ફિટનેસ અને બોલિંગની પ્રેક્ટિસ કરી હતી. હું લાંબા સમયથી રમી રહ્યો હતો, તેથી મને મારી ભૂલને અહેસાસ નહોતો થયો. સૌથી મહત્ત્વની વાત ભારતની ચેમ્પિયન ટ્રોફી જીતવાની છે. હું લાંબા સમયથી સતત રમી રહ્યો હતો, તેથી મેં બ્રેક વખતે ફિટનેસ અને બોલિંગની પ્રેક્ટિસ કરી હતી. જ્યારે તમે રમતાં હોવ છો, ત્યારે તમે શું ભૂલ કરી રહ્યા છો, તેનો અહેસાસ થતો નથી. તેથી મારા માટે બ્રેક સારો સમય રહ્યો અને અમે આપણે ચેમ્પિયન ટ્રોફી જીતી, જે સૌથી ખુશીની વાત છે.'

## આજે રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મુકાબલો

આજે ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ની છઠ્ઠી મેચમાં રાજસ્થાન રોયલ્સ કોલકાતા નાઈટ રાઇડર્સ સામે ટકરાશે. આ મેચ રાજસ્થાનના બીજા હોમગ્રાઉન્ડ ગુવાહાટીના બારસાપરા ક્રિકેટ સ્ટેડિયમમાં સાંજે ૭:૩૦ વાગ્યે રમાશે.બંને ટીમ માટે આ સીઝનની બીજી મેચ હશે. કોલકાતાને પોતાની પહેલી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે અને રાજસ્થાનને સનરાઈઝર્સ હૈદરાબાદ સામે હારનો સામનો કરવો પડ્યો હતો.રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે IPLમાં અત્યાર સુધીમાં ૩૦ મેચ રમાઈ છે. રાજસ્થાને ૧૪ મેચ જીતી અને કોલકાતાએ ૧૪ મેચ જીતી. જ્યારે એક મેચ અનિર્ણિત રહી અને એક વરસાદને કારણે રદ કરવામાં આવી. બંને ટીમ ગુવાહાટીમાં બીજી વખત એકબીજાનો સામનો કરશે.ઈઈના ટોપ ઓર્ડરમાં સંજુ સેમસન, યશસ્વી જયસ્વાલ, શિમરોન હેટમાયર, રિયાન પરાગનો અનુભવ છે. સેમસન અને ધ્રુવ જુરેલે છેલ્લી મેચમાં હૈદરાબાદ સામે અડધી સદી ફટકારી હતી. જુરેલે ૭૦ અને સેમસનએ ૬૬ રન બનાવ્યા. નીતિશ રાણા અને શુભમ દુબે બેટિંગને વધુ મજબૂત બનાવી રહ્યા છે. બોલિંગમાં તુષાર દેશપાંડેએ ૪ વિકેટ અને મહિશ થિક્સાનાએ ૨ વિકેટ લીધી.કોલકાતા પાસે ૪ થી ૭ નંબર સુધીના વર્લ્ડ ક્લાસ ફિનિશર્સ છે. બેંગલુરુ સામેની છેલ્લી મેચમાં, કેપ્ટન અજિંક્ય રહાણેએ ટીમ માટે ૫૬ રનની ઈનિંગ રમી હતી. જ્યારે, સુનીલ નારાયણે ૪૪ રન બનાવ્યા હતા. ચક્રવર્તી, હર્ષિત અને વૈભવ અરોરા બોલિંગને મજબૂત બનાવી રહ્યા છે.ગુવાહાટીના બારસાપરા ક્રિકેટ સ્ટેડિયમની પિચ બેટિંગ માટે અનુકૂળ છે. અત્યાર સુધી અહીં હાઈ સ્કોરિંગ મેચ જોવા મળી છે. અત્યાર સુધીમાં અહીં ૪ IPL મેચ રમાઈ ચૂકી છે. બે ઈનિંગ્સમાં, પ્રથમ બેટિંગ કરનારી ટીમ જીતી ગઈ. એક મેચ ચેઝ કરતી ટીમ જીતી ગઈ. એક મેચ અનિર્ણિત રહી. અહીં સૌથી વધુ ટીમ સ્કોર ૧૯૯/૪ છે, જે રાજસ્થાને ૨૦૨૩ની સીઝનમાં દિલ્હી કેપિટલ્સ સામે બનાવ્યો હતો.મેચના દિવસે ગુવાહાટીમાં હવામાન ખૂબ જ ગરમ રહેશે. દિવસભર તડકો રહેશે. વરસાદની બિલકુલ શક્યતા નથી. બુધવારે અહીં તાપમાન ૨૨ થી ૩૭ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહી શકે છે.રાજસ્થાન રોયલ્સ (ઈઈ): રિયાન પરાગ (કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, શુભમ દુબે, નીતિશ રાણા, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), શિમરોન હેટમાયર, જોફ્રા આર્ચર, મહિશ થિક્સાના, તુષાર દેશપાંડે, સંદીપ શર્મા અને ફઝલહક ફારૂકી.

કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR): અજિંક્ય રહાણે (કેપ્ટન), વેંકટેશ અય્યર, ક્વિન્ટન ડી કોક (વિકેટકીપર), અંગક્રિશ રઘુવંશી, રિંકુ સિંહ, સુનીલ નારાયણ, આન્દ્રે રસેલ, રમણદીપ સિંહ, હર્ષિત રાણા, વરુણ ચક્રવર્તી, સ્પેન્સર જોહ્નસન.

મેચનું લાઈવ સ્ટ્રીમિંગ JioHotstar એપ અને વેબસાઈટ પર થશે. ટીવી પર પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ અને નેટવર્ક ૧૮ ચેનલો પર પણ કરવામાં આવશે.



# સુરતમાં બે દિવસ માટે ભવ્ય પુસ્તક મેળો યોજાશે

## વરાછા રોડ ખાતે યોજાનાર પુસ્તક મેળામાં ૪૦ ટકા વળતર અપાશે

સુરત, તા.૨૬

કચ્છ-માંડવીની સંસ્થા વિવેકાનંદ ઈન્સ્ટીટયુટ અને સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી આગામી ૩૦ અને ૩૧ માર્ચે બે દિવસ માટે સુરત ખાતે ભવ્ય પુસ્તક મેળાનું આયોજન થયું છે. ૧૫ થી વધુ પ્રકાશકોના પુસ્તકો મળશે જેમાં કિંમતના ૪૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવનાર છે. લોકો વધુમાં વધુ પુસ્તકો ખરીદે અને વાંચે તે બાબતની જાગૃતિ લાવવાના હેતુથી આ પુસ્તક મેળાનું આયોજન થયું છે. તા. ૩૦ અને ૩૧ માર્ચ ૨૦૨૫ રવિવાર અને સોમવાર બે દિવસ માટે જે. ડી. ગાબાણી હોલ, સૌરાષ્ટ્ર ભવન, લોક સમર્પણ બલ્ડ બેંક સામે, સરદાર ચોક, વરાછા રોડ ખાતે સવારે ૯ થી રાત્રે ૮ સુધી પુસ્તકમેળાની મુલાકાત અને ખરીદી કરી શકાશે.

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી વરાછા-કામરેજ રોડ ખાતે ૧૦૦ કરોડના ખર્ચે જમનાબા વિદ્યાર્થી ભવન અને રાધાબેન ઘેલાણી અતિથી ભવનનું નિર્માણ હવે પૂર્ણ થવામાં છે. તેમાં વર્ષાબેન મનહરભાઈ કાકડિયા પુસ્તકાલય તથા ગોપીન વાંચનાલય અને મુલચંદભાઈ અમીન ડીઝીટલ લાયબ્રેરી પણ શરૂ થનાર છે. ટૂંક સમયમાં તે પ્રવૃત્તિ કાર્યરત થનાર છે. આ ત્રણેય જ્ઞાનસેવા પ્રવૃત્તિ વ્યવસ્થાની લોકોને જાણકારી મળે તેવા હેતુથી વર્ષાબેન એમ. કાકડિયા પુસ્તકાલયના નેજા હેઠળ આ પુસ્તકમેળાનું આયોજન થયું છે. સુરતની વાંચનપ્રિય જનતાને ૪૦ ટકા ઓછા ભાવે પુસ્તકો મળે તેવા હેતુથી આ આયોજન થયું છે. લોકો, વિદ્યાર્થી, વાલીશ્રીઓ તથા શાળા પરિવાર પણ આ પુસ્તકમેળાની મુલાકાત લે તે માટે જાહેર નિમંત્રણ છે. શહેરના પ્રથમ નાગરિક મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી તથા સુરત જીલ્લા શિક્ષણ અધિકારી શ્રી ભગીરથસીહ પરમાર પુસ્તકમેળાનો શુભારંભ કરાવશે. આ પ્રસંગે પુસ્તકાલયના નામકરણ દાતાશ્રી મનહરભાઈ કાકડીયા, વાંચનાલયના નામકરણદાતા લવજીભાઈ બાદશાહ તથા ડીઝીટલ લાયબ્રેરીના નામકરણ દાતા આશિષભાઈ અમીન મુખ્યમહેમાન તરીકે ઉપસ્થિત રહેનાર છે. ઉદઘાટન સમારોહના ખાસ અતિથી પદે સૌરાષ્ટ્ર પટેલ ભવનના પ્રમુખ ઝેડ. પી. ખેની તથા શ્રી સૌરાષ્ટ્ર કેળવણી મંડળ સુરતના પ્રમુખ ડો. સી. એમ. વાઘાણી ઉપસ્થિતિ રહેશે.

પુસ્તક એ સારો મિત્ર છે. વાંચનથી સારા વિચાર પ્રાપ્ત થાય છે જે જીવનને વધુ સારૂ બનાવે છે. આથી વધુમાં વધુ લોકો પુસ્તક મેળાની મુલાકાત લે તે માટે સર્વોને જાહેર નિમંત્રણ છે. પુસ્તાકમેળાની સંકલન સમિતિમાં પરબતભાઈ ડાંગશીયા, પરેશભાઈ સવાણી, જગદીશભાઈ આંબલા, જયસુખભાઈ ઝાલાવાડિયા, મનસુખભાઈ નારીયા અને કવિ ગોરધનભાઈ પટેલ તથા સંસ્થાના ઉપપ્રમુખ સવજીભાઈ વેકરીયા વ્યવસ્થા માટે કાર્યરત છે. વિવિધ સેવાભાવી સંસ્થાના કાર્યકર્તાઓ, સૌરાષ્ટ્ર પટેલ સમાજ યુવાટીમ અને સૌરાષ્ટ્ર પટેલ મહિલાવિંગ પુસ્તકમેળામાં પધારવા અનુરોધ કરે છે.




ડ્રગ્સના દૂષણને કડક હાથે ડામી દેવાની માંગણી સાથે ગુજરાતના તમામ જિલ્લા મથકોમાં આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ પ્રદર્શનો કરાયા હતા. સુરતમાં પણ કલેક્ટર કચેરીએ આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ પ્રદર્શન કરાયું હતું. (તસવીર : હનીફ મલેક)

# સરકાર રૂા.૨૪૨૫ પ્રતિ ક્વિન્ટલ લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી

## ખેડૂતોએ તા.૫મી એપ્રિલ સુધીમાં ઓનલાઈન નોંધણી કરવા અનુરોધ

સુરત, તા.૨૬

ખેડૂતોને પોતાની ઉપજના પોષણક્ષમ ભાવ મળી રહે તે સુનિશ્ચિત કરવા ભારત સરકાર દ્વારા ઘઉંનોલઘુતમ ટેકાના ભાવ રૂા.૨૪૨૫ પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. દ્વારા ખેડુતો પાસેથી ટેકાના ભાવે સીધી ખરીદી કરવામાં આવી રહી છે.

લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છતા ખેડુતોએ તા.૫મી એપ્રિલ સુધીમાં ઓનલાઈન નોંધણી વી.સી.એલ. મારફતે કરવાની રહેશે. ખેડૂત ખાતેદારોની બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા નોંધણી કરવામાં આવશે. ગ્રામ્ય કક્ષાએથી ઓનલાઈન નોંધણી માટે ખેડૂત મિત્રોએ આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો, ૭/૧૨, ૮/અ તેમજ પાક વાવણી અંગેની એન્ટ્રી ''૭/૧૨ કે ૮/અ''માં ન થઈ હોય તો તલાટીના સહી સિક્કાવાળો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની બેંક પાસબૂકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. ટેકાના ભાવે વેચાણ માટે નોંધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો ટોલ ફ્રી હેલ્પલાઈન નં. ૮૫૧૧૧ ૭૧૭૧૮ તથા ૮૫૧૧૧ ૭૧૭૧૯ ઉપર ખેડૂતોએ સંપર્ક કરવાનો રહેશે. તેમ જિલ્લા મેનેજર અને જિલ્લા પુરવઠા અધિકારીની યાદીમાં જણાવાયું છે.



# વાંકલ ખાતે બાવીસા કુળ પરિવારની પ્રથમવાર ક્રિકેટ લીગ ટુર્નામેન્ટ યોજાઈ

## નવેરા ટીમ ચેમ્પિયન બની અને વેલવાચ ટીમ રનર્સઅપ

સુરત, તા.૨૬

ઢોડિયા સમાજ બાવીસા કુળ પરિવાર દ્વારા પ્રથમવાર ક્રિકેટ લીગ ટુર્નામેન્ટ સિઝન-૧ નું આયોજન કરવામાં આવ્યું હતું. બાવીસા પરિવારના ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલના હસ્તે ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ કરાયો હતો. બે દિવસ યોજાયેલી ક્રિકેટ મેચમાં બાવીસા પરિવારની ૧૦ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. શ્રીજી ક્રિકેટ મેદાન, વાંકલ ખાતે યોજાયેલી ટુર્નામેન્ટમાં નવેરા ટીમ ચેમ્પિયન બની હતી. જેને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. જ્યારે વેલવાચ ટીમ રનર્સઅપ રહી હતી. જેને પણ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત બેસ્ટ બોલર અને સૌથી વધુ વિકેટ રાજેન્દ્ર બાવીસા વેલવાચ, સૌથી વધુ રન માટે જલુ બાવીસા ફલધરાને પણ સન્માનિત કરાયા હતા.

આ ટુર્નામેન્ટમાં પાટી, રાનપાડા, નવેરા, દુલસાડ, કાંજણરણછોડ, વેલવાચ, બરુમાળ અને ફલધરાની ૧૦ ટીમોએ ભાગ લીધો હતો. ખાસ કરીને બાવીસા પરિવાર એકબીજાથી પરિચિત બને અને યુવાનો ક્રિકેટ જેવી ટુર્નામેન્ટમાં આગળ આવે તેવા આશય સાથે બાવીસા કુળ પરિવારના શ્રી અજયભાઈ આંબા, ભાવેશભાઈ વલસાડ, રાજેન્દ્રભાઈ વેલવાચ, સુનિલભાઈ પાટી, વિવેકભાઈ ધરમપુર, મિનેષભાઈ પાટી દ્વારા ટુર્નામેન્ટનું આયોજનનું આયોજન થયું હતું. ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા, કાર્યપાલક ઈજનેર મનિષ પટેલ, અનિલભાઈ પટેલ, સિંચાઈ સમિતિ અધ્યક્ષ જિલ્લા પંચાયત નવસારી પરિમલ પટેલ,સહાયક માહિતી નિયામક ઉમેશ બાવીસા, કાંતિભાઈ બાવીસા, ભરતભાઈ પટેલ ફલધરા, ભિનેશભાઈ બાવીસા સહિત આગેવાનો, યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતરમાં થતી મુંઝવણો દૂર કરવા સેમિનાર યોજાયા

## કોમર્સ અને સાયન્સના વિદ્યાર્થીઓને કારકિર્દીના વિકલ્પોની જાણકારી આપવામાં આવી

સુરત, તા.૨૬

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, સુરતી મોઢ વણિક સમાજ અને રોટરી કલબના સંયુકત ઉપક્રમે કેરિયર ગાઈડન્સ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શનિવાર તા. ૨૨ માર્ચ, ૨૦૨૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે નાનપુરા સ્થિત સમૃદ્ધિ બિલ્ડીગ ખાતે યોજાયેલા સેમિનારમાં ધો. ૧૦ની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

શિક્ષણ સર્વદાના નિષ્ણાંતે જણાવ્યું હતું કે, ધો. ૧૦થી ભારતમાં અભ્યાસ જુદી જુદી શાખાઓમાં વિસ્તરે છે, એટલે મેથ્સ, બાયોલોજી, કોમર્સ, હ્યુમેનિટીઝ, ડિપ્લોમા જેવી શાખાઓના વિકલ્પો મળે છે. ધો. ૧૦ના વિદ્યાર્થીઓએ પોતાની ક્ષમતા અનુસાર કઈ શાખા પસંદ કરવી તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તદ્દુપરાંત હવે પછીના સમયમાં કેવા પ્રકારના કારકિર્દીના વિકલ્પોનો ટ્રેન્ડ હશે તેની માહિતી આપવામાં આવી હતી. લગભગ એક કલાકના પ્રેઝન્ટેશન બાદ વાલીઓ અને વિદ્યાર્થીઓએ તેમના મનમાં ઉદ્દ્ભવેલા સવાલો પૂછ્?યા હતા, જેનું નિરાકરણ પણ શિક્ષણ સર્વદાના નિષ્ણાંતો દ્વારા લાવવામાં આવ્યું હતું.

કારકિર્દી મહોત્સવના બીજા દિવસે રવિવારે, તા. ૨૩ માર્ચના રોજ સવારે ૧૦ કલાકે ધો. ૧૨ કોમર્સની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ માટે સેમિનાર યોજાયો હતો, જેમાં ધો. ૧૨ કોમર્સ પછી વૈશ્વિક સ્તરથી લઈને સ્થાનિક સ્તરે કારકિર્દીના કયા વિકલ્પો પસંદ કરવા જોઈએ અને શા માટે પસંદ કરવા જોઈએ તેની છણાવટ કરવામાં આવી હતી. કોમર્સના વિદ્યાર્થીઓએ ફોરેન્સિક એકાઉન્ટીગ, ઈન્વેસ્ટમેન્ટ બેંકર, ફીનટેક, સપ્લાય ચેઈન એન્ડ ઓપરેશન મેનેજમેન્ટ, બિઝનેસ ઈકોનોમિકસ, મેક્રો અકાઉન્ટિંગ, એ.સી.સી.એ., સી.એફ.એ. વગેરેની જાણકારી સાથે કારકિર્દીના લગભગ ૧૦૦થી વધુ વિકલ્પો સ્ક્રીન પર દર્શાવવામાં આવ્યા હતા. આ સેમિનારમાં શહેરની અકાઉન્ટીગ સ્કીલ સંસ્થા ફિનેક્કલના શ્રી શૈલેષભાઈએ પણ વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

જવી નહીં. લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી અને ગીતો ગાવા નહી સાથે વાદ્ય વગાડવા પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.સરકારી ફરજ પરના વ્યકિતને લાગુ પડશે નહી. આ જાહેરનામું તા.૦૨/૦૪/૨૦૨૫ સુધી અમલી રહેશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

### ચીખલી એપીએમસી માર્કેટ

પેજ-૨ પાનાનું ચાલુ

જ અભાવ છે. જેને કારણે શાકભાજી અને ફળોનું ઉત્પાદન કરતા ખેડૂતોની ખો નીકળી રહી છે. પોતાના પાયાના પ્રશ્નો કોને રજૂ કરવા? એ સૌથી મોટો પ્રશ્ન છે.ખેરગામ તાલુકામાં ચીખલી સંચાલિત માર્કેટ યાર્ડનું સબ યાર્ડ ખેરગામ ખાતે આવેલ છે અને અહી લગભગ ૧૦૦ જેટલી દુકાનો આવેલી છે. અદ્યતન માર્કેટ યાર્ડમાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. આજુબાજુનાં ગામોથી આખા વર્ષ દરમિયાન શાકભાજી, કેરી અને અન્ય પાકોનો ખરીદ વેચાણનો મોટો વ્યાપાર થતો આવ્યો છે.

આમ, ચીખલી તાલુકાથી ખેરગામની સબ માર્કેટ વિભાજન કરી ચીખલીથી અલગ એ.પી.એમ.સી.નો દરજજો પ્રાપ્ત થાય તો ખેરગામને વિકાસને સાનુકૂળ તકો પ્રાપ્ત થાય અને માર્કેટનો વિકાસ કરી ખેડૂતોની આવકમાં વધારો કરી શકાય. ખેરગામ વિસ્તારના ખેડૂતોની માંગ બાબતે ખેરગામ તાલુકા કોંગ્રેસ સમિતિએ ખેરગામ મામલતદારને લેખિત રજૂઆત કરી હતી.

આ પ્રસંગે નવસારી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષભાઈ પટેલ, નવસારીના પ્રભારી કિશનભાઈ પટેલ, ખેરગામ તાલુકા કોંગ્રેસ પ્રમુખ શશીનભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, નેહલ પટેલ, પુરવ તલાવિયા, ધર્મેશ પટેલ સહિત કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### પોલીસ પરિવારની

પેજ-૨ પાનાનું ચાલુ

થકી આજીવિકા મેળવી રહી છે. બહેનો પોતાની સ્કીલનો ઉપયોગ કરી પગભર થઈ પુરૂષ સમોવડી બની રહી છે, ત્યારે પોલીસ પરિવારની બહેનો પણ કલા સાથે જોડાઈ પણ કુશળ બને એવો ઉદ્દેશ પ્રશંસાને પાત્ર છે. જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીએ બહેનોને અભિનંદન પાઠવતા કહ્યું કે, પોતાના દૈનિક ઘરકામ, પરિવાર અને બાળકોની સારસંભાળની સાથે-સાથે વધારાનો સમય ફાળવી બહેનો તાલીમબદ્ધ થઈ છે, ત્યારે સુરતની ઓળખ સમાન જરી-જરદોશી વર્કને જીવંત રાખવાના પ્રયાસો સરાહનીય છે. પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે જણાવ્યું કે, બહેનો દ્વારા તૈયાર થયેલા ઉત્પાદનોનું માર્કેટિંગ કરવા એક્ઝિબિશનની સુવિધા સાથે માર્કેટ પુરૂ પાડવામાં આવશે. બહેનો પરિવારની મહિલાઓ અને સખી-સહેલીઓ સાથે વિચારો, કલાનું આદાનપ્રદાન કરીને ઉત્પાદનો બનાવશે તો જરીજરદોશી કલા નીખરી ઉઠશે એમ જણાવી વર્કશોપમાં મેળવેલા કૌશલ્યને કાયમી જીવંત રાખવા અનુરોધ કર્યો હતો. શ્રીમતી સંધ્યાબેન ગહલૌતે કહ્યું હતું કે, જરી-જરદોશી હેન્ડવર્ક એ સુરતની પ્રાચીન વિરાસત છે. બહેનોમાં છૂપાયેલી કળાને પ્લેટફોર્મ આપવાના શુભ આશયથી માસ્ટર ટ્રેનર દ્વારા સુરતની પ્રાચીન પરંપરાગત જરી- જરદોશી વર્કની તાલીમ આપવામાં આવી છે. સુરતની પ્રાચીન જરી-જરદોશી હેન્ડવર્ક કલાને જીવંત રાખી પોલીસ પરિવારની બહેનો ફાઝલ સમયનો ઉપયોગ કરી કલા અને પ્રાચીન જરી જરદોશી વર્ક શીખે, ક્રિએટિવ બની આત્મનિર્ભર થાય એ આ તાલીમનો ઉદ્દેશ છે. આજે આપણી તાલીમ પૂર્ણ થતા પોલીસ બહેનોની આત્મનિર્ભર બનવાની સફરની શરૂઆત થઈ છે.

SGCCIના પ્રમુખ વિજયભાઈ મેવાવાળાએ કહ્યું કે, ચેમ્બરના કાર્યક્રમોમાં અત્યાર સુધી ફૂલોના બુકે, વુડન આર્ટ ગિફ્ટ, ચાંદીની ચીજવસ્તુ, લેપટોપ બેગ કે શિલ્ડ આપવામાં આવતા હતા. પણ હવે દરેક કાર્યક્રમમાં બહેનો દ્વારા તૈયાર કરાયેલી જરી ફ્રેમવર્ક, ગિફ્ટ આર્ટિકલ અને હેન્ડ વર્કની પ્રોડક્ટથી સ્વાગત કરવામાં આવે છે. બહેનોને પ્રોત્સાહન મળે અને તેમના ઉત્પાદનોને વૈશ્વિક માર્કેટ મળે એ માટે ચેમ્બર સહયોગી બન્યું છે. ડી.સી.પી. ભક્તિબા ડાભીએ પોલીસ પરિવારની બહેનો માટે સમગ્ર તાલીમનું વ્યવસ્થાપન અને સંકલન કર્યું હતું. તેમજ કાર્યક્રમમાં તાલીમ સંદર્ભે અનુભવો, અયોજનની વિગતો પ્રસ્તુત કરી હતી. તાલીમનું આયોજન કરનાર અમી હેન્ડીક્રાફ્ટના પ્રમુખ ભાવનાબેન દેસાઈએ સ્વાગત પ્રવચન કરી તાલીમની રૂપરેખા રજૂ કરી હતી. હિમાનીબેન ચોકસીએ આભારવિધિ કરી હતી. રાજ્યમાં પ્રથમ વખત પોલીસ પરિવારની બહેનો માટે પોલીસ કમિશનરના ધર્મપત્ની સંધ્યાબેન ગહેલોતના માર્ગદર્શનમાં ૩૦ બહેનોએ ૧૦ દિવસની બેઝિક અને ૩૦ દિવસની જરી જરદોશી ડિઝાઈન અને ટેકનિકલ ડેવલપમેન્ટ વર્કશોપની વિશિષ્ટ તાલીમ એમ કુલ ૪૦ દિવસની તાલીમ મેળવી હતી.

### જીવનમાં સપના જોવાની

પેજ-૨ પાનાનું ચાલુ

રહી, લોકો અને સમાજ સમક્ષ સાચી માહિતી રજૂ કરે તે મહત્વનું છે.'

જમાવટ મીડિયાના સંસ્થાપક અને જાણીતા પત્રકાર સુશ્રી દેવાંશી જોશીએ જણાવ્યું હતું કે, મહિલાઓના જીવનમાં સમાજ, વાતાવરણ, ઉછેર મહત્વની ભૂમિકા ભજવે છે. જીવનમાં સપના જોવાની શરૂઆત એટલે ક્રાંતિની શરૂઆત હોય છે અને જ્યારે મહિલાઓ સપના પૂર્ણ કરવાની દિશામાં આગળ વધે છે તો તે જરૂર સફળ થાય છે. મહિલાઓ ખૂબ જ સામર્થ્યવાન હોય છે. મહિલાઓ સીમિત નથી, પરંતુ તેમને સીમિત કરવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સ્ટાર્ટઅપ એ સંઘર્ષની કથા હોય છે. અનેકવાર મહિલા ઉદ્યોગ સાહસિકો એક અથવા બે વાર નિષ્ફળ થયા બાદ પોતાના કાર્ય અથવા બિઝનેસને છોડી દે છે. તેમને ધ્યાને લેવું જોઈએ કે, સતત યોગ્ય દિશામાં કાર્ય અને ક્રિએટિવિટીની સાથે મેનેજમેન્ટ થકી જ સફળતા મેળવી શકાય છે. બિઝનેસનો લક્ષ્યાંક માત્ર પૈસા મેળવવાનો જ નહીં પણ તેનો મુખ્ય હેતુ જાળવી રાખવાનો હોવો જોઈએ. પ્રોડક્ટની સાથે સારી માર્કેટિંગ કરવી પણ એટલી જ મહત્વની હોય છે.

બધાની વચ્ચે અલગ બનીને જ્યારે તમે ઉભરો છો, ત્યારે તમે સફળ થયા એમ કહી શકાય. સ્ત્રી હોવાના કારણે રોકાઈ જવું અથવા પીછેહઠ કરવી જોઈએ નહીં. નીડરતાથી આગળ વધવું જોઈએ. મહિલાઓએ પરિવારની આર્થિક સ્થિતિ વિષે સંપૂર્ણ માહિતી મેળવવી જોઈએ, જેથી ભવિષ્યમાં મુશ્કેલીઓ સર્જાય નહીં. તેમણે અમૂલ કંપનીના દૂધ ઉત્પાદનમાં મહિલાઓનો રહેલ અભૂતપૂર્વ સહયોગ, નાયકાના ફાઉન્ડર, રાણી લક્ષ્મીબાઈ જેવા વિવિધ ઉદાહરણો થકી મહિલાઓની સમાજમાં રહેલ મહત્વની ભાગીદારી વિષે માહિતી આપી હતી.

### છત્તીસગઢ

પહેલા પાનાનું ચાલુ

જુલાઈમાં રાયપુરના તેલીબંધામાં કેસ નોંધવામાં આવ્યો. આમાં ૭૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે ભિલાઈમાં જ્યૂસ સેન્ટર ચલાવતો સૌરભ ચંદ્રાકર મહાદેવ સટ્ટાનો રાજા છે. તે તેના મિત્ર રવિ ઉપ્પલ અને ઉદ્યોગપતિ અનિલ અગ્રવાલ સાથે દુબઈથી ઓનલાઈન સટ્ટો રમી રહ્યો છે. ઘણા બુલિયન, સ્ટીલ બાર અને કાપડના વેપારીઓએ તેમાં નાણાંનું રોકાણ કર્યું છે.

### કુણાલ કામરાને

પહેલા પાનાનું ચાલુ

આવ્યા છે.વિવાદ વચ્ચે ડેપ્યુટી CM એકનાથ શિંદેએ મંગળવારે કહ્યું - કોઈના પર રમૂજ કરવી કે કટાક્ષ કરવો એ ખોટું નથી, પરંતુ તેની પણ એક મર્યાદા હોય છે. કૃણાલ કામરાએ જે પણ કર્યું, એવું લાગે છે કે તેણે કોઈના કહેવાથી આ કર્યું હશે. કટાક્ષ કરતી વખતે શિષ્ટાચાર જાળવવો જોઈએ, નહી તો એક્શનનું રિએક્શન પણ આવે છે.

### ગોલ્ડ મોનેટાઈજેશન

પહેલા પાનાનું ચાલુ

લેવાયેલા સોના વર્તમાન નિયમનો હેઠળ નિશ્ચિત અવધિ સુધી જમા રહેશે.આ સ્કીમ હેઠળ નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ૩૧૧૬૪ કિલો સોનુ એકત્રીત થયુ હતું તેમાંથી ૭૫૦૯ કિલો સોનુ શોર્ટ ટર્મ, ૯૭૨૮ કિલો મીડીયમ ટર્મ તથા ૧૩૯૨૬ કિલો સોનુ લોંગ ટર્મની અવધિમાં એકત્રીત થયુ હતું.૫૬૯૩ લોકોએ આ સ્કીમનો લાભ મેળવ્યો હતો. ૧ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ૧૦ ગ્રામ સોનાની કિંમત ૬૩૯૨૦ નિર્ધારિત થઈ હતી. જે ૨૫ માર્ચ ૨૦૨૫ના રોજ વધીને ૯૦૪૫૦ થઈ ગઈ છે.

### હવે ટેલી માર્કેટર્સ

પહેલા પાનાનું ચાલુ

શું છે નવા સ્પામ વિરોધી નિયમ?ટ્રાઈ દ્વારા સુધારેલા નિયમોમાં લોકોને હવે તેમની ફરિયાદો નોંધાવવા માટે પહેલા કરતાં વધુ સમય મળશે. વપરાશકર્તાઓ હવે સ્પામ કોલ્સ અને મેસેજીસ વિશે ૭ દિવસ સુધી ફરિયાદ કરી શકે છે, જે પહેલા ફક્ત ૩ દિવસ માટે હતું.આ ઉપરાંત સ્પામર્સ સામે ઝડપી કાર્યવાહી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉ ટેલિકોમ કંપનીઓને ટેલિમાર્કેટર્સ સામે કાર્યવાહી કરવા માટે ૩૦ દિવસનો સમય મળતો હતો, જે હવે ૫ દિવસનો કરવામાં આવ્યો છે.ટ્રાઈએ નિયમોને વધુ કડક બનાવ્યા છે અને ફરિયાદ પ્રણાલીને પણ કડક બનાવી છે. અગાઉ ૭ દિવસમાં ૧૦ ફરિયાદ મળે તો જ કાર્યવાહી કરવામાં આવતી હતી. હવે ૧૦ દિવસમાં ૫ ફરિયાદો મળશે તો પણ કાર્યવાહી કરવામાં આવશે. આ કડકાઈને કારણે સ્પામ કોલ્સ અથવા સંદેશા મોકલનારાઓ સામે ઝડપથી કાર્યવાહી કરી શકાય છે.

### ભારતની

પહેલા પાનાનું ચાલુ

રોકીશ.અમેરિકામાં મતદાન માટે કોઈ રાષ્ટ્રીય નિયમ નહી. દરેક રાજયને પોતાના કાનૂન છે. અનેક રાજ્યોમાં ટપાલ સરનામા કે વિજળી બિલ બનાવીને મતદાન કરવાની છુટ છે.તો અનેક રાજયમાં જે તે વર્ષથી ઈન્સ્ટન્ટ સોગંદનામુ કરીને પણ મતદાન કરી શકે છે. ટ્રમ્પે હવે આ માટે નેશનલ સીસ્ટમ અને તે પણ બાયોમેટ્રીક આધાર જેવી સીસ્ટમ અપનાવવા નિર્ણય લીધા છે અને દરેક રાજ્યોએ તેનું પાલન કરવું પડશે.

### ઝુંપડા પર

પહેલા પાનાનું ચાલુ

જેને બાળકીએ જણાવ્યું હતું કે પાસેના ઝૂંપડામાં આગ લાગી હતી. જો હું સમયસર મારા ઝૂંપડામાં ના ગઈ હોત તો મારા પુસ્તકો પણ બળી ગયા હોત. પુસ્તકો બળી ગયા હોત તો હું મારો શિક્ષણનો અભ્યાસ ના કરી શકી હોત.

### સિરસામાં

પહેલા પાનાનું ચાલુ

ડબવાલી સદર પોલીસ સ્ટેશન ઘટનાસ્થળેથી અકસ્માતના વાસ્તવિક કારણ વિશે માહિતી એકત્રિત કરી રહ્યું છે. ગુજરાત પોલીસને પણ આ અંગે જાણ કરવામાં આવી છે.ડબવાલી પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને તમામ ઘાયલોને સારવાર અર્થે જનરલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. આ દરમિયાન ડોક્ટરોએ ત્રણ પોલીસકર્મીઓને મૃત જાહેર કર્યા. આ પછી, ત્રણ પોલીસકર્મીઓના મૃતદેહને શબઘરમાં રાખવામાં આવ્યા છે. એક PSI ગંભીર રીતે ઘાયલ થયા છે અને તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.પોક્સોના કેસની તપાસ માટે જતા હતા અમદાવાદના રામોલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હોમગાર્ડ જવાન અને પોલીસ કોન્સ્ટેબલ પીએસઆઈ સોલંકી સાથે પોકસો કેસની તપાસ માટે પંજાબ જઈ રહ્યા હતા. આ તપાસ માટે તેઓ સરકારી ગાડી લઈને હરિયાણાથી આગળ વધી રહ્યા હતા તે સમયે માર્ગ અકસ્માત સર્જાયો હતો.

### ભાગેડુ

પહેલા પાનાનું ચાલુ

ચોક્સી મે ૨૦૨૧માં એન્ટીગુઆથી પડોશી દેશ ડોમિનિકા પહોંચ્યો હતો. અહી તેની ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈની એક ટીમ તેને પ્રત્યાર્પણ કરાવવા માટે ડોમિનિકા પહોંચી, પરંતુ તે પહેલા તેને બ્રિટિશ ક્વીનની પ્રિવી કાઉન્સિલ તરફથી રાહત મળી. બાદમાં તેને ફરીથી એન્ટિગુઆને સોંપવામાં આવ્યો હતો.

જો કે મેહુલ ચોક્સીએ ડોમિનિકા જેલમાં ૫૧ દિવસ પસાર કરવા પડ્યા હતા. અહી તેણે દલીલ કરી હતી કે તે એન્ટિગુઆ જઈને ત્યાંના ન્યુરોલોજિસ્ટ પાસેથી સારવાર કરાવવા માંગે છે. એન્ટિગુઆ પહોંચવાના થોડા દિવસો બાદ ડોમિનિકા કોર્ટે ચોક્સી સામે નોંધાયેલા કેસોને પણ ફગાવી દીધા હતા.

### અગરતલ્લા મ્યુનિ.

પેજ-૨ પાનાનું ચાલુ

પહેલની માહિતી, બાયસીકલ શેરીંગ પ્રોજેકટ તથા શહેરની સેનીટેશનની કામગીરી સંદર્ભે વિસ્તુત માહિતી રજુ કરી હતી. ત્યારબાદ ઉપસ્થિત ડેલીગેટૂસે અલથાણ ખાતેના પ્લાસ્ટિક વેસ્ટ પ્રોજેકટ તથા બમરોલી ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત લઈ પ્રત્યક્ષ નિરિક્ષણ કરી માહિતી મેળવી પ્રભાવિત થયા હતા. સદર મિટીંગ દરમ્યાન માન. સિટી ઈજનેર શ્રી અક્ષયકુમાર પંડયા,માન ડે. મ્યુ. કમિશનર શ્રી કમલેશ બી. નાયક, માન. ડે. કમિશનર શ્રી (હે.અને હો.) ડૉ. આશિષકુમાર નાયક, માન. આરોગ્ય અધિકારી ડૉ.પ્રદિપ ઉમરીગર, માન. ઈ.ચા. આસી. કમિશનર શ્રી પ્રવિણ આર. પ્રસાદ સહિતના મહાનુભવો ઉપસ્થિત રહયા હતા.

### સુરત જિલ્લામાં

પેજ-૨ પાનાનું ચાલુ

નહી. તેવા હાવભાવ કરવા નહી તેવી ચેષ્ઠા કરવી નહી તથા ચિત્રો પત્રિકા કે પ્લે કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી અને બતાવવી નહી. કોઈ સળગતી મશાલ લઈ

### યુવતી પર બળાત્કાર

છેલ્લા પાનાનું ચાલુ

માર્ચ મહિનામાં સુરેન્દ્ર પારેખ અને યુવતી એક બીજાને મળતા હતા દરમિયાન સુરેન્દ્ર પારેખે યુવતીને લગ્ન કરવાની લાલચ આપી શરીર સંબંધ બાંધ્યા હતા. બળજબરી પુર્વક યુવતી સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય પણ કર્યું હતું.

અંગત સમયે બંને વચ્ચેના વિડીયો પણ સુરેન્દ્ર પારેખે મોબાઈલ ફોનમાં શુટ કરી લીધા હતા. જેને આધારે યુવતીને બદનામ કરવા તેમજ પરિવારજનોને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવતી હતી. યુવતી સાથે દુષ્કર્મ કરી લગ્ન નહીં કરી તરછોડી દેવાઈ હતી અને તેની પાસેથી એક વર્ષના સમયગાળામાં આરોપી સુરેન્દ્ર પારેખે કુલ રૂ.૧૪.૭૫ લાખ અલગ-અલગ બેંક ખાતામાં યુપીઆઈ આઈડી મારફતે ટ્રાન્સફર પણ કરાવી લીધા હતા. લગ્નની લાલચે દુષ્કર્મ અને રૂપીયા પડાવી લઈ યુવતીને તરછોડી દેનારા સુરેન્દ્ર પારેખ સામે ગઈકાલે ખટોદરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આ મામલે વધુ તપાસ પીએસઆઈ બી.જી.નિરંજની કરી રહ્યા છે.

### યુવતી સાથે

અડાજણ પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

અડાજણ પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર રાંદેર તીનબત્તી પાસે રહેતા ફૈજાન હનીફ શેખે ગત સપ્ટેમ્બર ૨૦૨૪થી અત્યાર સુધીના સમયગાળામાં એક યુવતીને પોતાની વાતોમાં ભોળવી મિત્રાતા કેળવી લીધી હતી. વોટ્સએપ ઉપર સંપર્કમાં આવેલા ફૈજાન શેખે પોતાનો ઈરાદો પાર પાડવા માટે યુવતીને પોતાનું ખોટુ નામ જણાવ્યું હતું.

યુવતીને લગ્નની લાલચ આપીને અલગ-અલગ જગ્યાએ લઈ જઈ દુષ્કર્મ ગુજાર્યું હતું. અવાર-નવાર યુવતીને ફૈજાન અલગ-અલગ જગ્યાએ લઈ જતો હતો અને તેણી સાથે શરીર સંબંધ બાંધ્યા હતા. લગ્ન નહીં કરી યુવતીને તરછોડી દેવામાં આવતા આખરે આ મામલો ગઈકાલે અડાજણ પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો. યુવતીની ફરીયાદ લઈ આ અંગે અડાજણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવની તપાસ પીએસઆઈ જી.એલ.નીમાવત કરી રહ્યા છે.

### રૂા.૩.૧૫ કરોડ

હતા. ગાંજાની હાઈ ક્વોલિટી ગણાતા હાઈડ્રોપોનિક વીડનું નેટવર્ક વધી રહ્યું હોય છાશવારે તેની હેરાફેરી પકડાઈ રહી છે ત્યારે સુરતના બે યુવાનો આ કેસમાં સપડાયા છે. ''કસ્ટમ વિભાગ દ્વારા બિપીન કાંતી પટેલની ટ્રોલીમાં ફુડ પેકેટની નીચેથી હાઈડ્રોપોનિક ગાંજો ઝડપી પાડ્યો હતો. આ પ્રકરણમાં વાપીના અતુલ નામના શખ્સને કસ્ટમ વિભાગ દ્વારા શોધ-ખોળ શરૂ કરાઈ છે.

### વરાછામાં ગુજરાત

નામના વ્યક્તિએ ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમને ફોન કરતા ફાયર ઓફિસર તથા ગુજરાત ગેસ કંપનીને પાઈપલાઈન લીકેજ થઈ હોવાની વિગતો આપી હતી. ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમ દ્વારા બંને વિભાગોને જાણ કરતા ફાયર ઓફિસર અને ગુજરાત ગેસની ટીમ વરાછા ગીતાંજલી ચોક પાસે પહોંચી ગઈ હતી જયાં તેઓએ ક્યાં પાઈપલાઈન લીકેજ થઈ છે તે શોધવાનું ચાલુ કરી મરામત કાર્ય શરૂ કર્યું હતું. આ લખાય છે ત્યારે પણ કોઈ મોટું નુકસાન કે જાનહાની થઈ ન હતી.

### બાળકોને ટ્યુશને

આપો તેમ કહી છેડતી કરી હતી.મહિલાએ તેના પતિને જાણ કરી દેતા પતિએ સ્થળ ઉપર પહોંચ્યો હતો અને જીતેન્દ્રને કોઝવે દર્શન આવાસ પાસે જોઈ જતા તેને ઉભો રહેવાનું કહ્યું હતું જોકે તે ફરાર થઈ ગયો હતો. આ મામલે ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

### સચીનમાં પ્રેમીકાએ

જઈ એક રૂમમાં રાખી તેણી સાથે શારીરિક અડપલા કર્યા હતા. આ મામલે પોલીસે અપહરણ અને પોક્સોની કલમો મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### કોસંબાના ગામે

એલસીબી પોલીસે જુગાર રમતા વિનોદ હરિ પટેલ,કેતન મનજી પટેલ, વિનય ડુંગર ઢાકેચા,અરવિંદ બંસી દાણીદરીયા ,સુરેશ નાગજી, દિનેશ અશોક ટન્ના, દેવજીકેશુ ગોજીયા, યોગેશ ગોપાલ ડાલી, સંજય બચુ હિરપરા, અનિલગીરી ગોસાઈ ,દિનેશ અરજી બેલડીયા, પરેશ ગોરધન ખૂંટ, જીતેન્દ્ર માયાણી, ઘનશ્યામ જીવા કોઠીયા, કૈલાશ ટંડેલ. અમિત ચાવડા, જુગારધામ ચલાવનાર કાજલ રાહુલ કથીરિયાની ધરપકડ કરી હતી.

એલસીબી પોલીસે ઘટના સ્થળ પરથી રોકડા રૂપિયા ૩,૩૧,૧૬૦, મોબાઈલ ફોન ૧૮ નંગ, ૭ મોટરસાયકલ, એક કાર સહિત કુલ રૂપિયા ૧૩,૧૩,૧૬૦ નો મુદ્દા માલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી

### કુતરું આડે

કિરીટભાઈ નટવરભાઈ પટેલની માતાને બેસાડીને લઈ જતા હતા ત્યારે રસ્તામાં કૂતરું આડો આવી જતા દિવ્યાબેને સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવતા પાછળ બેસેલા ફરિયાદીના માતાજી વજ્યા બેન પડી જતા ગંભીર બીજાને કારણે મૃત્યુ થયું હતું મહુવા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

બુધવાર, તા.૨૬ માર્ચ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫




સુરતના રાંદેર-સીંગણપોરને જોડતા વિયર કમ કોઝવેના ઉપરવાસમાં તાપી નદી ભરચક વહે છે અને કોઝવેથી મગદલ્લા સુધીના ડાઉન સ્ટ્રીમમાં તાપી નદીનો પટ સુકોપટ્ટ ભાષી રહ્યો છે. ઉનાળાની શરૂઆત સાથે તાપી નદીનો પટ મેદાન જેવો બની ગયો છે. (તસ્વીર : હનીફ મલેક)

## યુવતી પર બળાત્કાર પછી બ્લેક મેઈલ કરી ૧૪ લાખ પડાવી લીધા

**ખટોદરાની યુવતીને મુંબઈના પ્રેમીયુવકે અંગત પળોનો વીડિયો વાયરલ કરવાની ધમકી આપી**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૬**

ખટોદરા વિસ્તારમાં રહેતી યુવતીને લગ્નની લાલચ આપી પ્રેમી યુવાને દુષ્કર્મ તેમજ સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કરી એકાંતની પળોના વિડીયો વાયરલ કરવાની ધમકી આપી યુવતી પાસેથી મુંબઈના પ્રેમી યુવાને કુલ રૂ.૧૪ લાખ પડાવી લઈ લગ્ન નહીં કરતા આ મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

ખટોદરા પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર ખટોદરા વિસ્તારમાં રહેતી એક યુવતી મંબઈના બાંદ્રા વિસ્તારમાં રહેતા સુરેન્દ્ર પારેખ નામના યુવકના સંપર્કમાં આવી હતી. એક વર્ષ પહેલા

**અનુસંધાન પાના ૭ પર**

## યુવતી સાથે શરીર સંબંધ બાંધી લગ્ન કરવાનો ઈન્કાર

**રાંદેરના ફૈઝાન હનીફ શેખે એક વર્ષ સુધી યુવતીનું જાતિય શોષણ કર્યુ**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૬**

રાંદેર તીનબત્તી ખાતે રહેતા ફૈજાન હનીફ શેખ નામના આરોપીએ પોતે ખોટુ નામ ધારણ કરીને એક યુવતી સાથે વોટ્સએપ ઉપર મિત્રતા કેળવ્યા બાદ યુવતીને લગ્ન કરવાની લાલચ આપી અલગ-અલગ જગ્યાએ લઈ જઈ શરીર સંબંધ બાંધ્યા હતા. એક વર્ષથી યુવતી સાથે સંબંધ રાખ્યા બાદ લગ્ન નહીં કરાતા આખરે આ મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

**અનુસંધાન પાના ૭ પર**

### મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર

## ૩.૧૫ કરોડના ડ્રગ્સના જથ્થા સાથે સુરતના હિરા દલાલ સાથે બે ઝબ્બે

**બેંગકોકથી ડ્રગ્સનો જથ્થો લાવનાર બે પકડાયા : વાપીના અતુલ નામના વ્યકિતએ ડ્રગ્સનો જથ્થો મંગાવ્યો હતો**

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા. ૨૫**

મુંબઈના સીએસટી ઈન્ટરનેશલ એરપોર્ટ પરથી કસ્ટમ એર ઈન્ટેલિજન્સીએ સુરતના હીરા દલાલ અને કાપડના વેપારીને રૂ.૩.૧૫ કરોડના હાઈડ્રોપોનીક વીડ નામના માદક પદાર્થ સાથે ઝડપી પાડ્યા હતા. વાપીના એક અતુલ નામના શખ્સના ઈશારે બેંગકોકથી આ મામલ મંગાવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.પ્રાપ્ત વિગત અનુસાર વેડરોડ સિંગણપોર ચાર રસ્તા પાસે ઈશ્વરનગર સોસાયટીમાં રહેતા બિપિન કાંતી પટેલ અને યોગીચોક યોગી દર્શન સોસાયટીમાં રહેતા નિલેશ બાબુભાઈ દોંડ ઉ.વ.૩૬ની મુંબઈ છત્રપતિ શિવાજી ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે કસ્ટમ વિભાગ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ''આ બંને એર ઈન્ડીયાની ફલાઈટમાં બેંગકોકથી મુંબઈ એરપોર્ટ ઉપર ઉતર્યા હતા જ્યાં ચેકીંગ દરમિયાન તેમની પાસેથી પ્રતિબંધીત હાઈડ્રોપોનિક વીડ મળી આવ્યા

**અનુસંધાન પાના ૭ પર**

## વરાછામાં ગુજરાત ગેસ કંપનીની લાઈનમાં લીકેજ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૬**

વરાછા પોલીસ સ્ટેશન ની બહાર ગીતાંજલિ ચોક પાસે ગુજરાત ગેસની પાઈપલાઈન આજે સવારે લીકેજ થતા ફાયર નો કાફલો અને ગુજરાત ગેસ ની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હોવાનો બનાવ ફાયર બ્રિગેડ ના ચોપડે નોંધાયો હતો.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, આજે સવારે સવા નવ વાગ્યાના અરસામાં વરાછા પોલીસ સ્ટેશનની આગળ ગીતાંજલી ચોક પાસે ગુજરાત ગેસ ની પાઈપલાઈન કોઈક જગ્યાએથી લીકેજ થઈ હતી. ગેસની પાઈપલાઈન લીકેજ થતા ગેસની દુર્ગંધ ક્યારેય બાજુ પર ફેલાઈ ગઈ હતી. અને સિકંદર

**અનુસંધાન પાના ૭ પર**

## બાળકોને ટ્યુશને મૂકવા જતી મહિલાની યુવક દ્વારા છેડતી

**મહિલાનો પતિ સ્થળ પર પહોંચતા યુવક ફરાર**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૬**

સિંગણપોર કોઝવે રોડ નજીક બે બાળકોને ટ્યુશનેથી લઈને પગપાળા ઘરે જઈ રહેલી મહિલાની એક્ટીવા ચાલક યુવાને છેડતી કરી હતી. મહિલાની પાસે એક્ટીવા લઈ જઈ યુવાને મોબાઈલ નંબર આપો તેમ કહી જતો રહ્યો હતો. અવાર-નવાર મહિલાનો પીછો કરવામાં આવતો હોય આ મામલે ગઈકાલે ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

ચોકબજાર પોલીસ પાસેથી મળતી વિગત અનુસાર મુળ ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકાના પાટણા ગામનો વતની અને ચોકબજાર પટેલ મોટર ગેરેજની બાજુમાં શ્યામવિલા ફ્લેટસમાં રહેતા જીતેન્દ્ર સવજી કાકડીયા ઉ.વ.૩૮એ ગઈકાલે સાંજના સમયે કોઝવે રોડ માધવકુંજ સોસાયટી પાસેથી પસાર થઈ રહેલી એક મહિલાની છેડતી કરી હતી.

મહિલા ટ્યુશન ક્લાસમાં ગયેલા બે બાળકોને લઈને પરત ઘરે જઈ રહી હતી ત્યારે એક્ટીવા ઉપર આવેલા જીતેન્દ્રએ મોબાઈલ નંબર

**અનુસંધાન પાના ૭ પર**

## સચીનમાંથી શ્રમીક સગીર છોકરીનું અપહરણ કરી શારીરિક અડપલા

**સગીર છોકરીને ઉઠાવી જનાર બે સગીર છોકરાઓની અટકાયત**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૬**

સચીનના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં મજુરી કામ કરતી ૧૬ વર્ષિય સગીરાને બે જણા અપહરણ કરીને નવસારીના ડાભેલ ખાતે લઈ ગયા હતા અને ત્યાં તેને શારીરિક અડપલા કર્યા હોવાની ફરીયાદ ગઈકાલે રાત્રે સચીન પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે બંનેને પકડી લીધા હોવાનું જાણવા મળ્યું છે. બે પૈકી એક જુવેનાઈલ હોવાનું જાણવા મળ્યું છે.

સચીન પીઆઈ પી.એન.વાઘેલાએ જણાવ્યું હતું કે, સચીનના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં એક કંપનીમાં સાથે કામ કરતી મુળ યુપીની એક સગીરા અને નવસારી ડાભેલના વાસીદ કુરેશી તેમજ એક સગીરે યુવતીનું ગઈ તા.૨૨મીના રોજ અપહરણ કરી તેને નવસારી ડાભેલ લઈ ગયા હતા.

સગીરા નોકરી પરથી ઘરે પરત ન આવી હોય પરિવારજનોએ પોલીસનો સંપર્ક કર્યો હતો.

દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન.વાઘેલાના માર્ગદર્શન હેઠળ એક ટીમે નવસારીથી બે જણાને પકડી લીધા હતા. સગીરાના નિવેદનમાં તેને ડાભેલ લઈ

**અનુસંધાન પાના ૭ પર**

## કોસંબા ગામના ફાર્મ હાઉસમાં ધમધમતું જુગારખાનું ઝડપાયું

**રત્નકલાકારો સહિત ૧૬ જણા પકડાયા, કાજલ કથીરિયા નામની મહિલા જુગારનો અડ્ડો ચલાવતી હતી**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૬**

કોસંબા ના લીડીયાત ગામમાં સિવંતા ફાર્મ હાઉસમાં ચાલતા જુગાર ધામ ઉપર સુરત ગ્રામ્ય એલસીબી પોલીસે દરોડા પાડી જુગાર રમતા ૧૬ જણાની ધરપકડ કરી હતી તેમજ આ જુગાર ધામ ચલાવનાર સંસ્કાર વિલાની કાજલબેન રાહુલભાઈ કથીરિયાની પણ ધરપકડ કરવામાં આવી હતી પોલીસે સ્થળ ઉપરથી વાહનો સહિત કુલ રૂપિયા ૧૩,૧૩,૧૬૦ નો મુદ્દા માલ કબજે કર્યો હતો

સુરત જિલ્લા એલસીબી પોલીસને મળેલી બાતમીના આધારે આ દરોડા પાડવામાં આવ્યા હતા

**અનુસંધાન પાના ૭ પર**

## ફુતરુ આડે આવતા મોપેડ સ્લીપ થતા મહિલાનું મૃત્યુ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૬**

મહુવા તાલુકાના વાસકુઈ ગામ થી સણવલ્લા જતા રોડ ઉપર કૂતરો આડે આવી જતા પ્લેઝર મોપેડ નો સ્ટેરીગ પરનો કાબુ ગુમાવતા સ્લીપ થતાં મોપેડ સવાર મહિલાનું ફટકાતા મૃત્યુ નીપજ્યું હતું

મહુવા પોલીસના જણાવ્યા મુજબ મહુવા વાસકુઈ ગામે રહેતા દિવ્યાબેન રમેશભાઈ પટેલ પોતાની મોપેડ ગાડી ઉપર ફરિયાદી

**અનુસંધાન પાના ૭ પર**


